મુંબઇનો

મામલતદારની કોર્ટનો એક્ટ.

(સને ૧૯૦૬ નો બીજો).

મુંબઇનો મામલતદારની કોર્ટનો એક્ટ.

(સને ૧૯૦૬ નો બીજો.)

સરળ ગુજરાતીમાં સંપૂર્ણ ટીકા
તથા ફેંસલા સાથે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

વકિલ છોટાલાલ લલ્લુભાઈ પારેખ.

વકિલ કેશવલાલ દ્વારકાંદાસ શાહ.

અને

વકિલ ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ.

સાદરા.

ઇસ્વીસન ૧૯૧૨. સંવત ૧૯૬૮.

પ્રત ૧૦૦૦.

અમદાવાદ—ધી 'ગુજરાત' પ્રિન્ટીંગ પ્રેસમાં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

કીંમત બાર આના.

પ્રસ્તાવના.

મામલતદારની કોર્ટના એક્ટ ઉપર ગુજરાતીમાં ટીકાવાળું પુસ્તક હજુ સુધી પ્રસિદ્ધ થએલું ન હોવાથી, તેમજ ગુજરાતના જૂદા જૂદા ભાગોમાં આ એક્ટ અમલમાં મૂકાતો હોવાથી માત્ર ગુજરાતી જાણનાર વકિલો, ન્યાયાધિશો, અને સામાન્ય પ્રજાવર્ગની સગવડની ખાતર આ ટીકાવાળો એક્ટ પ્રસિદ્ધ કર્યો છે.

મહિકાંઠામાં તે હાલમાંજ નામદાર સરકારના પત્ર નં. ૨૦૫૨ તા. ૨૮ માર્ચ ૧૯૧૧ થી અમલમાં મૂકાયો છે, એટલે આ બાજુના પ્રજાવર્ગ માટે આવા ટીકાવાળા પુસ્તકની ખાસ જરૂર હતી તે કંઈક અંશે પણ પૂરી પડી એમ ધારવામાં આવશે તો આ ટીકા લખવાનો શ્રમ સફળ થયો માનીશું.

ટીકામાં "ઇ. લો. રિ. ૧ મું." એ રીત્યે બતાવવાને બદલે સંક્ષિપ્તમાં "૧ મું." એ રીત્યે ઘણે ભાગે બતાવેલ છે. ને જે સ્થળે હાઇકોર્ટ રિપોર્ટનો આધાર ટાંકવામાં આવેલ છે તે સ્થળે "૧ મું. હા. રી." એ રીત્યે સ્પષ્ટ લખેલ છે.

સાદરા.
તા. ૨૯ માર્ચ, સને ૧૯૧૨.

પ્રસિદ્ધ કર્તા.

મુંબાઈના મામલતદારોની કોર્ટના એકટ

મુંબાઇના સને ૧૯૦૬ ના એકટ બીજો.

૧. (૧) આ આકટને સન ૧૯૦૬ ના મામલતદારોની કોર્ટોના આકટ કહેવો.

ટુંકું નામ.

(૨) તે મુંબઇ શહેર તથા એડન શિવાય આખા મુંબઇ ઇલાકાને લાગુ પડશે.

ક્યાંહાં ક્યાંહાં લાગુ છે તે.

ટીકા.

ઇતિહાસ—આ સંબંધમાં પ્રથમ સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૧૭ મો હતો. અને તે પછી સને ૧૮૩૮, ૧૮૬૪ અને ૧૮૭૬ ના એકટો થયા હતા. જે પૈકી સને ૧૮૭૬ ના એકટ ૩ જાથી રેવન્યુ કોર્ટના આમકારના દાવા સંબંધી પાછલા તમામ કાયદા રદ કરી મામલતદારોની કોર્ટના અધિકાર નક્કી કરવામાં આવ્યા હતા. સદરહુ સને ૧૮૭૬ ના એકટ ૩ જાનો ત્રીસ વર્ષ સુધી અમલ થતાં તેમાં ઘણા સુધારા વધારાની જરૂર જણાએ હાલનો એકટ તૈયાર કરવામાં આવેલો છે.

નવા કાયદાના મુખ્ય મુદ્દાઓ—મામલતદારોની હકુમત (ક. ૫) તેમના હુકમની બજાવણી (ક. ૨૧) અને અપીલનો અભાવ (ક. ૨૩) મામલતદારોની હકુમત હવે માત્ર ખેતીવાડીને લગતી જમીન અને મકાનો પુરતી મર્યાદીત થએલી છે. અપીલનો અભાવ કાયમ રાખવામાં આવ્યો છે પરંતુ કલેકટરને રીવીઝન કરવા અધીકાર આપ્યો છે. હાઇકોર્ટની રીવીઝન કરવાની સત્તા જેવી ને તેવી કાયમ રાખવામાં આવેલી છે. છેવટે મામલતદારને ઉગતા અને ઉભા પાકની ન્યાયસર વ્યવસ્થા કરવા સત્તા મળેલી છે.

હાઇકોર્ટના રીવીઝન અખત્યાર નીચે હોવાથી જો કે આ કોર્ટને કેટલીક બાબતમાં સીવીલ કોર્ટ ગણવામાં આવે છે. પરંતુ તેને સીવીલ પ્રોસીજર કોડ લાગુ ગણવામાં આવતો નથી.

આ કાયદો પ્રોસીજર સંબંધીનો હોવાથી ચાલતા કેસોને તે લાગુ પડે છે. જુઓ ૯ મું. લો. રી. પાનું ૫૨૭ અને ૬૨૮

સન ૧૮૭૬નો મુંબાઇની ૩જો આકટ રદ કરવા બાબત.

૨. સન ૧૮૭૬ નો મામલતદારોની કોર્ટોનો આકટ આ ઉપરથી રદ કર્યો છે.

અર્થ.

૩. આ આકટમાં, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો,

(અ) "મામલતદાર" એ શબ્દમાં, જે કોઇપણ મુલકી અમલદાર મામલતદારનો, મુખત્યાકારનો અથવા મહાલકરીનો અધિકાર વિદ્યમાનકાળે ચલાવતો હશે તેનો, અને ગવર્નર ઇન કૌંસિલ જે કોઇ પણ બીજા માણુસને આ આકટ મુજબના મામલતદારના અધિકાર ચલાવવા સારૂ ખાસ અધિકાર આપશે તેનો સમાસ થાય છે એમ સમજવું; અને.

(બ) "વાદી" તથા "પ્રતિવાદી" એ શબ્દોમાં—

(૧) એવા વાદી અથવા પ્રતિવાદી તરફથી કામ ચલાવવા સારૂ યોગ્ય રીતે નિમાયેલા પ્લીડરનો, અને

(૨) દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૩૭ મી કલમમાં વ્યાખ્યા કરેલા પ્રકારના વાદીના અથવા પ્રતિવાદીના કબુલ કરેલા મુખત્યારનો સમાસ થાય છે.

ટીકા.

મામલતદાર એ શબ્દની વ્યાખ્યામાં—ઇં. લા. રી. ૨૧ મું ૫૮૫ અધિકાર અને ૨૫ મું ૩૧૮ ના કેસો ધ્યાનમાં લઇ—" સામાન્ય રીતે ભોગવતા " એ શબ્દો દાખલ કર્યા છે.

નીમનોકની સાબીતી—મામલતદારને અખત્યાર નથી એમ જો કોઇ તકરાર કરતો હોય તો તેની સાબીતીનો બોજો તેના માથે છે. અમુક માણુસની નીમનોક થયા પછી તે જગાના અખત્યાર તેને મળ્યા છે એમ પ્રથમ દર્શનીક રીતે મનાય છે. હરિ. વિ. શિવરામ પ્રી. જ. સને ૧૮૯૫ પા. ૩૪૨

મુખત્યાર—વાદી અને પ્રતિવાદી એ શબ્દની વ્યાખ્યાઓમાં કાયદેસર નીમેલા વકીલનો સમાવેશ થાય છે. સાધારણ—મૂખત્યારોનો તેમાં સમાવેશ થતો નથી. જૂના દી. કાયદાની કલમ ૩૭ નવા સી. પ્રો ઓ. ૩ રૂલ ૨ મુજબ કબુલ કરેલ મૂખ્ત્યારો સિવાય બીજા મૂખ્ત્યારો હક્ક તરિકે હાજર થવાનો દાવો રાખી શકે નહીં. વળી તા. ૧૬–૪–૮૪ ના ગવર્નમેન્ટ રેઝોલ્યુશનથી ઠરેલું છે કે મામલતદારોની કોર્ટમાં મૂખ્ત્યારોને દાખલ કરવા એ ગેરકાયદેસર છે. પરંતુ કેટલેક ઠેકાણે ફકત મામલતદારની કોર્ટ હોય છે ને સીવીલ કોર્ટ હોતી નથી એવે સ્થળે અશિક્ષિત ગામડીયાઓને સાધારણ સલાહકારકને અભાવે આથી અગવડતા વધવા સંભવ છે.

કાયદાપર ધ્યાન આપવું—વખતો વખત ઠરેલું છે કે ગવર્નમેન્ટ રેઝોલ્યુશનો ઉપર આધાર રાખી મામલતદારોએ ચાલવાનું નથી તેમણે ધ્યાનમાં રાખવું જોઇએ કે કાયદાના સવાલો કે જે હાઇકોર્ટ આગલ તપાસણી માટે જવાના તેને માટે તેઓએ પોતાની વિવેકબુદ્ધિ વાપરવી જોઇએ. સરકાર તેમને માટે તેવા સવાલો જે આધારવાળો નિર્ણય કરી શકે નહીં ઇનસાફી કામ બજાવતાં પોતે જે પ્રમાણે સમજતા હોય તે પ્રમાણે કાયદાનો ઉપયોગ કરવો અથવા ઉપરી ઇનસાફ કરનાર કોર્ટોએ તેનો જે અર્થ કર્યો હોય તેને અનુસરવું જોઇએ. પરંતુ જેનું કામ ઇનસાફ કરવાનું નથી તેમના કરેલ અર્થો ઉપર આધાર રાખવાનો નથી. (જુઓ નાના. વિ. પાંડુરંક. ઇંલોરી.૯ મું. ૯૭ ગોવિંદ વિ. જ્યોતિ. ૧૦ મું ૭૮ બાળ. વિ. મહાદેવ. પ્રી. જ. ૧૮૯૮ પાનુ ૬૯.)

"હકુમતમાં નહીં રહેનારા" આ શબ્દો ઘણા બહોળા અર્થવાળા છે. અને તેમાં દરેક ગેરહાજરીનો સમાવેશ થાય છે રામચંદ્ર વિ. કેશવ. ૬ મું ૧૦૦ કબુલ કરેલ મૂખ્ત્યાર વિશે વાંધો મૂળ દાવાની વખતે ન ઉઠાવ્યો હોય તો બજાવણી વખતે તેમજ બીજી અપીલ વખતે ઉઠાવી શકાય નહીં. કારણ કે તે તકરાર ગર્ભીત રીતે છોડી દીધેલી ગણાય. પાર્વતી વિ. વિનાયક ૧૧ મું. ૬૮

કબુલ કરેલા મૂખ્ત્યાર સામાવાળાના સોગન ઉપરથી દાવાનો હક્ક છોડી દેવાની કબુલત આપી શકે નહીં. સદાશિવ વિ. મારૂતિ ૧૪ મું. ૪૫૫ મુનીમ કે જે ધંધો રોજગાર કરતાં બંધ પડયો હોય પણ જે લહેણું વસુલ કરવાનું અને અટોપવાનું કામ કરતો હોય તો પણ તે કબુલ કરેલ મુખ્ત્યાર ગણાય. તુકાજી. ૯ મું. હા. કો. રી. ૪૨૭

૪. (૧) ગવર્નર ઇન્ કૌન્સિલ, મુંબઇ સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, કોઇ પણ તાલુકામાં આ આકટની રૂએ જોઇન્ટ મામલતદાર નિમવાને મુખત્યાર છે; એવા જોઇન્ટ મામલતદારે પોતાને મામલતદાર તરફથી જે ફરિયાદીઓ મળે તેમનોજ ફક્ત નિકાલ કરવો જોઇયે એટલીજ વાત બાદ કરીને તેને મામલતદારના અધિકાર પ્રમાણેનાજ અધિકાર તથા તેની હકુમત જેવીજ હકુમત આપવી જોઇયે.

જોઇન્ટ મામલતદાર નિમવાનો અધિકાર

(૨) આ આકટ મુજબની જે કોઇપણ ફરિયાદમાંથી ફરિયાદ અરજી ૭ મી કલમની રૂએ અમલદાર પાસે રજુ કરી હશે તે ફરિયાદ જોઇન્ટ મામલતદાર તરફ નિકાલ થવા સારૂ મોકલવાનો, અને એવી જે કોઇપણ ફરિયાદનો નિકાલ કરવાને જોઇન્ટ મામલતદાર, મરણ પામ્યાને લીધે, મંદવાડને લીધે અથવા બીજા કોઈ પણ કારણને લીધે અસમર્થ હશે તે ફરિયાદ પોતાની ફાઇલ ઉપર પાછી લઇ લેવાનો મામલતદારને આ ઉપરથી અધિકાર આપ્યો છે.

જોઇન્ટ મામલતદારને ફરિયાદીઓ મોકલી આપવાનો મામલતદારનો અધિકાર.

(૩) ગવર્નર ઇન્ કૌન્સિલ, પેટા કલમ (૧) મુજબના પોતાના અધિકાર કમિશનરને સોપી દેવાને મુખત્યાર છે.

કમિશનરને અધિકાર સોંપી દેવા બાબત.

ટીકા.

આ કલમ નવી છે. જ્યાં કામ વધી પડયું હોય ત્યાં કામની સવડ માટે આ નવી કલમ કરવામાં આવી છે. જોઇન્ટ મામલતદારોએ, કલમ ૪ મુંજબ જોઇન્ટ જજ જેવા એટલે કે જેમ તેઓ સ્વતંત્રપણે દાવા લેતા નથી પરંતુ ડીસ્ટ્રીકટ જજ તેમના તરફ મોકલે તેજ કામો ચલાવે છે. તે પ્રમાણે મૂખ્ય મામલતદાર તેમના તરફ મોકલે તે કામો ચલાવવા અખત્યાર ધરાવે છે. બીજી બાબતોમાં તેમના અધિકાર મામલતદારોની બરોબર અને સહગામી છે. મામલતદાર જોઇન્ટ મામલતદારના હુકમ ઉપર અપીલ સાંભળી શકે નહીં તેમ તે રીવ્યુમાં પણ લઇ શકે નહીં.

---

૫. (૧) દરેક મામલતદારે કોર્ટમાં પ્રમુખ સ્થાને બેસવું જોઇયે; તે કોર્ટને મામલતદારની કોર્ટ કહેવી, અને મુલકની જે હદ ગવર્નર ઇન્ કૌન્સિલ વખતો વખત ઠરાવે તે હદમાં, તે કોર્ટને કલમો ૬ તથા ૨૬ ના ઠરાવોને

મામલતદારોની કોર્ટોનો અધિકાર.

પાત્ર, નીચે લખેલો અધિકાર છે, એટલે, કાયદા પ્રમાણે કામ ચલાવ્યા વગર બીજી રીતે જે કોઇ પણ માણસ પાસેથી ખેતીની અથવા ચરવાની જમીનનો અથવા જગાનો, અથવા ઝાડો, પાકો અથવા માછલી મારવાની જગાનો કબજો લઇ લીધો હશે, અથવા ખેતીના કામ સારૂ વાપરવામાં આવતા કોઇ પણ કુવાના, તળાવનાં, નહેરના અથવા કુદરતી અથવા કૃત્રિમ કાંસના પાણીનો ઉપયોગ કરવાનું છીનવી લીધું હશે તે માણસને અથવા દાવો કરેલી મિલકતનો અથવા ઉપયોગનો એવી ફરિયાદ માડતાં પહેલાનાં બાર વર્ષની અંદર અગાઉનો ધણી અથવા અશંતઃ ધણી ન હોય અથવા એવા ધણીનો અથવા અંશતઃ ધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય એવા કોઇ પણ બીજા માણસના કોઇપણ ભોગવટાની અથવા બીજા હકની મુદ્દત પુરી થયાને લીધે જે કોઇપણ માંણસને તેનો કબજો મળવાનો અથવા ઉપયોગ કરવાનું પાછું મળવાનો હક પ્રાપ્ત થયો હશે તે માણસને સદરહુ પ્રકારનો કબજો તાબડતોબ આપવાનો અથવા સદરહુ પ્રકારનો ઉપયોગ કરવાનું પાછું આપવાનો અધિકાર છે;

પણ એવું ઠરાવ્યું છે કે, જો કોઇપણ બાબતમાં મામલતદારને એમ લાગે છે કે એવા કોઇપણ ભોગવટાની અથવા બીજા હકની મુદ્દત પુરી થઇ છે એટલાજ કારણને લીધે એવી કોઇપણ મિલકતનો કબજો મળવાનો અથવા એવો કોઇપણ ઉપયોગ કરવાનું પાછું મળવાનો હક જે માણસને પ્રાપ્ત થયો હશે તેને તે મિલકતનો કબજો આપવો અથવા તે ઉપયોગ કરવાનું પાછું આપવું અન્યાયનું કામ થશે અને અથવા ગેરવાજબી રીતે જુલમનું કામ થશે, તો અથવા જો તેને એમ લાગે કે એકાદી દિવાની કોર્ટ એવા મુકદ્દમાનો ઇનસાફ વધારે યોગ્ય રીતે કરી શકશે તો, તે પોતાની નજરમાં આવે તે પ્રમાણે, સદરહુ કહેલો અધિકાર પોતે ચલાવતો નથી એમ કહેવાને મુખત્યાર છે; પણ એવી રીતે ના પાડવાનાં કારણ પોતે લખી મુકવાં જોઇએ.

તાકીદ આપવાનો અધિકાર.

(૨) સદરહુ કોઇને, તેજ ઠરાવોને પાત્ર રહીને, સદરહુ હદની કોઇપણ ખેતીની અથવા ચરવાની જમીનની અથવા જગાના, અથવા ઝાડના, પાકના અથવા માછલી મારવાની જગાના કોઇપણ માણસના કબજાને, અથવા ખેતીના કામ સારૂ વાપરવામાં આવતા કોઇ પણ કુવાના, તળાવના, નહેરના અથવા કુદરતી અથવા કૃત્રિમ કાંસના પાણીનો કોઇ-

પણ માણસને ઉપયોગ કરવાને, અથવા ત્યાં જવાના રસ્તાનો અથવા મામુલ માર્ગનો ઉપયોગ કરવાને, કાયદા પ્રમાણે કામ ચલાવ્યા વગર બીજી રીતે હરકત અથવા અડચણ કરી હશે અથવા સદરહુ પ્રમાણે હરકત અથવા અડચણ કરવાનો યત્ન કર્યો હશે, ત્યારે એવી હરકત અથવા અડચણ વળી કરતો નહિ અથવા કરવાનો યત્ન કરતો નહિ એવી તાકીદ, જે માણસે એવી હરકત અથવા અડચણ કરી હશે અથવા કરવાનો યત્ન કર્યો હશે તેને આપવાનો અધિકાર છે.

૭ મહિનાની અંદર ફરિયાદ કરવી જોઇએ.

(૩) ફરિયાદનું કારણ જે તારીખે ઉત્પન્ન થયું હશે તે તારીખથી ૭ મહિનાની અંદર ફરિયાદ કરી ન હોય તો, મામલતદારની કોર્ટે તે ફરિયાદ લેવી નહિ.

ફરિયાદનું કારણ.

(૪) જે તારીખે કબજો કહાડી લીધો હોય અથવા છીનવી લીધો હોય અથવા ભોગવટાની અથવા બીજા હકની મુદત પુરી થઇ હોય તે તારીખે, અથવા જે તારીખે હરકત અથવા અડચણ અથવા યત્ન કરેલી હરકત અથવા અડચણ પ્રથમ શરૂ થઇ હોય તે તારીખે, ફરિયાદનું કારણ ઉત્પન્ન થયું છે એમ સમજવું.

ખુલાસો—કોઇપણ સહધણીને સહમિલકત ઉપર જે હક હશે તે હક્ક તેણે ચલાવ્યો હોય તે, આ કલમના અર્થ પ્રમાણે બીજા સહધણીનો અથવા ધણીઓનો કબજો કહાડી લીધો અથવા તેમના કબજાને હરકત કરી એમ થતું નથી.

દૃષ્ટાંત ૧.

અ પોતાનું ખેતર એક અથવા વધારે વર્ષની નિયમિત મુદત સુધી વાવેતર કરવા સારૂ બ ને ગણોતે આપે છે. બ તે મુદત પુરી થયા પછી કબજો છોડી દેવાની ના કહે છે. બ સદરહુ મિલકતનો એવી ફરીયાદ માંડતાં પહેલાનાં બાર વર્ષની અંદર અગાઉનો ધણી અથવા અંશતઃધણી અથવા એવા ધણીનો અથવા અંશતઃધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય તો, સદરહુ મુદત પુરી થયાની તારીખથી ૭ મહિનાની અંદર કોઇપણ વખતે મામલતદારની કોર્ટમાં કબજો મળવા સારૂ અ ફરિયાદ કરી શકે છે.

દૃષ્ટાંત ૨.

બ અ નો એક વર્ષનો ખેડુત છે. સન ૧૮૭૯ ના મુંબઇના જમીન મહેસુલના કાયદાની ૮૪ મી કલમની રૂયે નોટીસ આપવાની અ ને જરૂર છે.

તે પ્રમાણે તે તે વખતે ચાલતા ભોગવટાના વર્ષની આખરની નિદાન ત્રણ મહિનાની અગાઉ બને જમીન છોડી દેવાની નોટીસ આપે છે. આવતા વર્ષની શરૂઆતમાં બ છોડી દેવાની ના કહે છે. બ સદરહુ મિલકતનો એવી ફરીયાદ માંડતાં પહેલાનાં બાર વર્ષની અંદરનો અગાઉનો ધણી અ- થવા અંશતઃધણી, અથવા એવા ધણીનો અથવા અશતઃધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય તો, ને અ શરૂ થયાથી છ મહિનાની અંદર કોઇ પણ વખતે અ મામલતદારની કોર્ટમાં બ ઉપર ફરિયાદ કરી શકે છે.

દ્રષ્ટાંત ૩ જું.

અ બ ને પોતાના કુવાના અથવા પોતાના કાંસના પાણીનો નિય- મિત મુદત સુધી ઉપયોગ કરવા સારૂ પરવાનગી આપે છે. તે મુદત પુરી થયા પછી બ અની સંમતિ વગર તે કુવામાંથી અથવા કાંસમાંથી પાણી લેવાનું ચાલુ રાખે છે. બ તે પાણીના ઉપયોગનો ફરિયાદ માંડતા પહેલાંનાં બાર વર્ષની અંદરનો અગાઉનો ધણી અથવા અંશતઃ ધણી ધણી અથવા એવા ધણીનો અથવા અંસતઃ ધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય તો, બને પાણી લેવાનું બંધ કરવાની તાકીદ મળવા સારૂ બ ઉપર મામ- લતદારની કોરટમાં, સદરહુ મુદત પુરી થયા પછી છ મહિનાની અંદર હર- કોઇ વખતે ફરિયાદ કરવાનો અધિકાર અ ને છે.

દ્રષ્ટાંત ૪.

અ તથા બની જમીના કાંસને અથવા વેહેળીયાને લગતી અથવા એકજ કૃત્રિમ કાંસને અથવા વેહેળીયાને લગતી છે. તેનો ઉપયોગ બ એક- લોજ માત્ર આજસુધી કરતો આવ્યો છે. અ તેમાંથી પાણી લે છે. અને તેમ કરવાની મના કરવા બાબત તાકીદ થવા સારૂ અએ પાણી લેવાનું શરૂ કર્યાની તારીખથી છ મહિનાની અંદર હરકોઇ વખતે મામલતદારની કોર્ટમાં ફરિયાદ કરવાનો અધિકાર બ ને છે.

ટીકા.

દાવો કોણ લાવી શકે—જમીનના માલીકની વતી બીજાના કબ- જામાં એટલે કે ખેડુતના કબજામાં જમીન હોય તો માલીક પેટા કલમ ૨ પ્રમાણે મનાઇ હુકમની દાદ માગી શકે નહીં દેશાઇ માલાભાઇ ઇંલોરી. ૧૨ મું. ૨૧ આ ફેસલા પ્રમાણે નેમાવા વિ. દ્રિવેન્દ્રા પા. ૧૫ મુ. ૧૫૭ ના કામમાં ચાલવામાં આવ્યું છે. ક નામના સખસે ખના નીમેલા મૂખ્ત્યાર તરિકે મામલતદારની કોર્ટમાં તેના કબજાની જમીનમાં હરકત ન કરે તેવા

મનાઇ હુકમ માટે દાવો કર્યો. જમીન અના ધણીની હતી કે જે ગાંડો થએલો હતો. ગાંડાપણાનો નિર્ણય થયો નહોતો તેમ સને ૧૮૫૮ ના ૩૫ મા કાયદા પ્રમાણે તેને વહીવટ કરનાર નીમ્યો નહોતો. તેમાં ઠરાવ્યું કે અ ને દાવો લાવવા હક્ક નથી તેને વહીવટદાર નીમ્યો નથી તેમ અ ને તેના ધણીના કબજામાં થએલ હરકત માટે દાવો લાવવા અખ્ત્યાર નથી. તેથી તે કબુલ કરેલ મૂખ્ત્યાર ગણાય નહીં, નિયમ એવો છે કે આ કલોઝ પ્રમાણે દાદ માગનાર માણસનો પોતાનો જાતીકો કબજો હોવો જોઇએ. વળી અબા. વિ. પર્વતરાય ઇં. લો. રી. ૧૮ મું. ૪૬ ના કામમાં મળતા થઇ ઠરાવ્યું કે એ સખસોની વતી તેમના ભાડુતના કબજામાં જે જમીન હતી તેની બાબતમાં હરકત થયાના સંબંધે તે એ સખસો દાવો લાવી શકે નહીં નારાયણ વિ. બાપુ. પ્રી. જ. ૧૮૯૩ પા. ૧૫૫ માં તેજ રીતે ઠરાવ્યું છે કે ગીરો મુકનાર કે જેના કબજામાં ગીરો મુકયા પછી જમીન નહોતી તે આ કલમ પ્રમાણે દાદ માગી શકે નહીં.

ભાડે આપનાર ભાડે આપેલી જમીન કે જે ભાડુતના કબજામાં હોય તેનો કબજો પડાવી લીધા બાબત દાવો લાવી શકે નહીં. વોહરા વિ. બાઇ જીવી પ્રી. જ. ૧૮૯૪ પાનુ. ૨૧૭ ખંડેરાવ વિ. નરસીંગરાવ પ્રી. જ. ૧૮૯૪ પાનું ૧૩૦

સીવીલ અપીલ નં. ૮૧ સને ૧૮૯૨ ના કામમાં એથી વિરૂદ્ધ ઠરાવવામાં આવ્યું હતું અને તેથી સવાલ ફુલબેંચ આગળ મુકવામાં આવ્યા જેમાં છેવટે ઠર્યું કે ભાડે આપનાર ભાડુતના કબજામાંથી પડાવી લીધેલી જમીન બાબત મામલતદારની કોર્ટમાં દાવો લાવી શકે નહીં. ભાડુતનો કબજો એ માલધણીનો કબજો ગણાય નહીં. ગોમા. વિ. નરસીંગ ૨૦ મું. ૨૫૦ વળી તે પ્રમાણે કૃષ્ણાજી વિ. ધનાના કામમાં ચાલવામાં આવ્યું. પણ ભીમરાવ વિ. રમાબાઇ પ્રી. જ. ૧૮૯૬ પાનું ૫૯૯ માં ઠરાવ્યું કે ભાડુતી પટાની મુદત પુરી થાય અને કબજો પડાવી લેવામાં આવે તો પડાવી લેનાર વિરૂદ્ધ દાવો આણી શકાય અને તેવા પ્રસંગે ૨૦ મું. ૨૫૦ ફેંસલો લાગુ પડી શકે નહીં.

વાદી (સામાવાળા) એ ક ને જમીન તા. ૩૧ મી માર્ચ ૧૮૯૬ સુધીને માટે ભાડે આપી તા. ૨૪મી માર્ચે કએ તે જમીન એક ત્રાહીતને આપી તા. ૨૨ જુલાઇના રોજ વાદી (સામાવાળા) એ કબજાનો દાવો તે ત્રાહીતની વિરૂદ્ધ આણ્યો. મામલતદારે ક એ દગાથી કબજો તા. ૨૪

માર્ચના રોજ આપી દીધો છે એમ કહી દાવાની દાદ અપાવી હાઇકોર્ટે દર્શાવ્યું કે ક ની ભાડાની મુદત તા. ૩૧ માર્ચે પુરી થાય છે અને તેથી તે જુલાઇમાં દાવો લાવી શકે નહીં. મામલતદાર તા. ૨૪ માર્ચના રોજ વાદીનો કબજો પડાવી લીધો એમ ઠરાવ્યું છે તે બરોબર નથી પણ દાવાની તારીખે વાદી કબજાની દાદ માગવા હક્કદાર હતો અને તેથી જે દાદ અપાવી છે તે વ્યાજબી છે.

રામરાવ વિ. ફરનાન્ડીઝ ૨ મું. લૉ. રી. ૫૦૫ માં વાદીએ દાવો કર્યો કે તેને વેચાણ આપનારે વાર્ષીક ખેડુતો પાસેથી જે ભાડાચીઠીઓ ફરી લીધેલી તે ભાડાચીઠીઓ અને જમીનનો કબજો તેને આપેલો છે. તે જમીન બાબતમાં નં. ૨ ના પ્રતિવાદીએ નં. ૧ નો પ્રતિવાદી જે તેના ખેડુત તરિકે તે જમીન ખેડતો હતો તેને હરકત કરી છે તે ઉપરથી ઠરાવ્યું કે વાદીનો દાવો મામલતદારની કોર્ટમાં ચાલી શકે નહીં તેને જરૂર હોય તો તેણે યોગ્ય દીવાની કોર્ટમાં દાદ મેળવવી.

સગીર—બાબતમાં જૂના કાયદામાં ખુલાસો નહોતો. તે આ એક્ટની ક. ૧૮ થી કરવામાં આવ્યો છે.

શેઠ અને નોકર—સામાન્ય રીતે આ એકટની રૂએ નોકરના કબજાને હરકત થવા બાબત દાવો લાવવા શેઠને, દાવાના કારણમાં પોતાનું હિત હોવા માત્રથી અધિકાર નથી. પરંતુ જો નોકર શેઠની વતીજ પાણી કાઢતો હતો અને વાપરતો હતો એમ સાબીત થાય તો શેઠ દાવો લાવી શકે. ગોવિંદ. વિ. ફ્રૅંક. પ્રી. જ. ૧૮૮૫ પાનું ૩૩૧.

ગેરકાયદે કબજો ધારણ કરનારે ત્રીજા સખસને આપેલો કબજો—આવા સખસોનો હક્ક તેમને કબજે આપનારના કરતાં વધારે નથી. મામલતદારની કોર્ટમાં તેમને પણ સહ પ્રતિવાદી ગણી કબજો છોડાવી શકાય છે. અંતુ. વિ. વિષ્ણુ પ્રી. જ. ૧૮૯૭ પાનું ૯૧.

ભાડુતના વારસો—ભાડુત દાવો આણતા અવલ ગુજરી જાય તો તેના વારસો સામે કબજાનો દાવો ચાલી શકે છે. ભાડાચીઠી અમુક મુદત માટેની હોય તો ભાડાચીઠીની મુદત પુરી થએ વારસોની સામે મૂળ ભાડુત જીવતો હોય અને જે હકુમત તેના સામે હોઇ શકે તેજ હકુમત—વારસો સામે મામલતદારને પ્રાપ્ત થાય છે. અમરચંદ. વિ. સાવલીઆ. પ્રી. જ. ૧૮૯૫ પાનું ૧૨૨.

સરદારો—સને ૧૮૩૦ ના રેગ્યુ. ૯ ની ક. ૩ જી ની રૂએ જે સરદારોને દિવાની કોર્ટની હકુમતમાંથી મુક્ત કર્યા છે. તેમને માટે આ એકટની ક. ૫ મીમાં કંઇપણ લખેલ ન હોવાથી તેઓ મામલતદારની કોર્ટની હકુમતથી મુક્ત સમજવાના નથી (ગ. રે. નં. ૧૮૦૯ તા. ૯-૩-૧૮૮૯)

એક સાથે અતિક્રમણ કરનારાઓ પૈકી ગમે તે એક ઉપર દાવો લાવી શકાય. અને પ્રતીવાદી એવો બચાવ લાવી શકે નહીં કે, તેની સાથે બીજા પણ અતિક્રમણ કરવામાં હતા. તેથી મારા એકલા સામે દાવો ચાલે નહીં (ખંડેરાવ. વિ. તુકારામ. ૨ મું. લો. રી. ૨૩૨.)

સહમાલીકો—એક હિંદુ કુટુંબનો મેનેજર જેણે મેનેજર તરિકે ભાડાચીઠી કરી આપી હોય તે તે ભાડાચીઠીની રૂએ એકલો દાવો લાવી શકે, પરંતુ તેના મરણ પછી તેના વારસો દાવો લાવી શકે નહીં, પરંતુ કુટુંબના બધા મેમ્બરો એકત્ર થઇ દાવો લાવી શકે. ડાહ્યાભાઇ વિ. ગોપાળજી ૧૮ મું. ૧૪૧,

મજમુ હક્ક ધરાવનાર ભાડુતો પૈકી એકના ઉપર દાવો લાવવામાં આવ્યો હોય તો બીજાને પક્ષકાર કર્યા નથી એવા કારણથી—દાવો રદ થઇ શકે નહીં. માત્ર એટલુંજ જોવાનું છે કે વાદી તરફથી તેને કબજો મળ્યો છે કે કેમ ? તથા તેના ભાડુતી હક્કની મુદત પરી થયાને છ માસ પુરા થયા નથી કે શી રીતે ! અંતાજી. વિ. તુકારામ. પ્રી. જ. ૧૮૯૬. પાનું. ૯૯.

ગીરો રાખનાર પાસેથી લખાવી લેનારા—ગીરો આપનાર કે જેના કબજામાં જમીન ભાડુત તરિકે હતી. તે ભાડાની મુદત પુરી થએ દાવો લાવી શકે મહેરવાનજી. વિ. ગણપતિ. પ્રી. જ. ૧૮૯૭ પાનું ૪૧૮ માં મામલતદારે ગીરો રાખનાર પાસેથી લખાવી લેનારનો દાવો કે જેમાં જમીન ગીરો રાખનાર પાસેથી ભાડે રાખેલ અને જે ભાડાની મુદત પુરી થએલી તેનો રદ કરેલો તેમાં ઠરાવ્યું કે દાવો ચાલી શકે છે, કારણ કે વાદીએ જેની પાસેથી હક્ક મેળવ્યો છે તેની પાસેથી પ્રતિવાદીએ તે જમીન ભાડે મેળવી હતી.

સરકારી અમલદારો—ક. ૨૬ થી ઠરાવવામાં આવ્યું છે કે હવે પછી સરકારી અમલદારો વિરૂદ્ધ હોદ્દાની રૂએ કરેલ કામોમાં આ કાયદા મુજબ દાવા ચાલી શકે નહીં. તેથી બળવંતરાવ. વિ. સ્મોટ. ૨૩ મું.

૭૬૧ ૭૬૧ નો ફેંસલો રદ થાય છે. આ નવી કલમ ઘડતા અવલ ૩૦ મું. ૮૬ મોતીલાલ. વિ. અમદાવાદના કલેકટરના કામમાં ઠરાવ્યું હતું કે કલેકટર વિરૂદ્ધ મામલતદારની કોર્ટમા દાવો ચાલી શકે નહીં.

દેવસ્થાનના પંચનો સભાસદ—વાદીનો પોતાનો કબજો હોવો જોઇએ અને તે પડાવેલો હોવો જોઇએ. દેવસ્થાનના પંચનો પોતે સભાસદ હોવા માત્રથી દેવસ્થાનની જમીન માટે દાવો લાવી શકાય નહીં. ઘેલાભાઇ વિ. દાજીભાઇ ૧ મું. લો. રી. પા. ૧૯૯.

પેટા ભાડુતો—જમીનના માલીકના ભાડુતો પાસેથી હક્ક મેળવનાર તે પેટા ભાડુતો પાસેથી હક્ક મેળવનાર તે પેટા ભાડુતો અને તેના તરફ-થી કબજો મેળવનાર ગણાય છે. વાઘોજી. વિ. શિવરામ ૪ મું. લો. રી. ૫૨ આ કેસમાં ૧ મું. લો. રી. ૭૧ કસ્તુરચંદ વિ. શ્રીરામના ફેસલા પ્રમાણે ચાલવામાં આવ્યું. જેમાં એવી હકીકત હતી કે વાદીએ એકને ભાડે આપેલ અને ભાડુતે બીજાને ભાડે આપેલ તેમાં મામલતદારે પેટા ભાડુત ઉપરનો દાવો રદ્દ કરેલો એવું કહીને કે વાદી તરફથી તેને કબજો મળ્યો .નથી. હાઇકોર્ટે ઠરાવ્યું કે વાદી તરફથી તેને કબજો મળ્યો છે એમ ગણી શકાય અને દાવો ચાલી શકે.

વાદીઓને સામીલ કરવા—બળવંત. વિ. અંબાબાઇ. બ એ કબજા માટે દાવો કર્યો તેમાં અ એ તકરાર કરી કે તે તે મારો એજંટ છે. અને તેનો અખ્ત્યાર હું રદ્દ કરૂં છું. આથી મામલતદારે અ ને સહવાદી તરિકે શામીલ કર્યો ને કે બ નો કંઇ હક્ક નથી એમ ઠરાવી અ ને કબજો અપાવ્યો. એમ પણ માલમ પડયું છે કે બ એ અથી વિરૂદ્ધ દર્શાવ્યો હતો. હાઇકોર્ટે ઠરાવ્યું કે આ કાયદા પ્રમાણેના મામલતદારના અખત્યાર મર્યાદા-વાળા છે. બ નો હક્ક ન જણાએ દાવો રદ કરવો જોઇતો હતો. અને અ ને સામીલ કરવો જોઇતો નહોતો. એમ કહી મામલતદારનો ઠરાવ રદ કર્યો.

દાવાનો વિષય—(૧) **રહેવાનું ઘર**—આ એકટથી આ કલમમાં સુધારો કરવામાં આવ્યો છે. હવે શહેરોમાંનાં રહેવાનાં ઘરોની બાબતમાં મામલતદારને અખ્ત્યાર નથી તેને માટે વિશેષ ન્યાયના કાયદાની ક. ૯ પ્રમાણે ઇલાજ લેવા જોઇએ.

(૨) **વાડ**—વાદીની જમીનમાંની વાદીની વાડ પ્રતિવાદી પાડી નાખે. તો મામલતદાર દરમ્યાનગીરી કરી શકે ગણેશ. વિ. રામચંદ્ર. પ્રી. જ. ૧૮૯૧. પાનું. ૯૬ વ્યાજબી હરકત છે, એવી દલીલમાં ઉતરી કાયદા નહીં.

(૩) ભીંત—જોશી પરશોતમ. વિ. નાથાભાઇ. પ્રી. જ. ૧૮૯૬ પા. ૫૪૦ માં ગણેશ. વિ. રામચંદ્ર પ્રી. જ. ૧૮૯૧ પા. ૯૬ પ્રમાણે ચાલી ઠરાવ્યું કે જમાં વાદી પોતાની જમીનમાં દીવાલ ચણતો હતો અને પ્રતિવાદી તે જગાએ પોતાનો હક્ક જણાવી હરકત કરતો હતો તેમાં મામલતદારને હકુમત છે એમ ઠરાવ્યું.

(૪) મસીદ—મસજીદમાં કરવામાં આવતી ધાર્મિક ક્રીયા સંબંધીના હકોમાં દરમીયાનગીરી કે હરકત કરવામાં આવે, તેવી બાબતો મામલતદારની હકુમતની બાહેર છે.

જમીનમાંથી મળતા ફાયદા—વાદીએ પ્રતિવાદીની જમીનમાંથી માટી લેવાનો પોતાનો હક બતાવી તેમ કરતાં પ્રતિવાદી અટકાવે નહીં એવો મનાઇ હુકમ મેળવવા અરજ કરી હતી તેમાં ઠરાવવામાં આવ્યું કે મામલતદારની કોર્ટને તેવી બાબતની અરજ સંધરવા હકુમત નથી. (ફાલકી. વિ ઉમબાઇ ૭ મુંબઇ ૪૨૫).

કૂવા—મામલતદારો કે જેઓ વસુલાતી ખાતાના દેશી અમલદારો હોય છે તેઓથી અમુક કૂવામાંથી પાણી લેવાના સંબંધની તકરારોનો આ એકટની રૂએ તાત્કાળીક નીર્ણય કરવાનું કામ બહુ અનુકુળ અને સુલભ પડવાને લીધે પ્રથમના સને ૧૮૫૪ ના એકટમાં કૂવા સંબંધી સત્તા ન હતી ને સને ૧૮૭૬ના એકટથી આપવામાં આવી છે. (જુઓ સને ૧૯૦૬ ની સાલની રેવન્યુ અપીલ નં. ૩૦૦).

રસ્તા—ખેતરમાં જવાનો રસ્તો હોયતોજ મામલતદારને હકુમત છે. (ધરમચંદ. વિ. ચુનીભાઇ મુંબઈ કાઉન્સીલનું પ્રોસીડીંગ વોલ્યુમ ૧૪. પાનું ૨૩. ગીરધરલાલ. વિ. ભોગીલાલ. ૨ મુંબઇ. લો. રી. ૬૩૨) ખેતરમાં જવાનો રસ્તો ન હોય તો મામલતદારને હકુમત નથી. ઉપરના ગીરધરલાલ વિ. ભોગીલાલના કેસમાં વાદીએ સુરતમાં એક મહોલ્લામાં આવેલા તેના ઘર તરફ જવાના રસ્તામાં પ્રતિવાદીને હરકત કરતો અટકાવવા દાદ માગી હતી તેમાં ઠરાવવામાં આવ્યું હતુ કે—તેવી બાબત મામલતદારની હકુમતની બાહેર છે. પરંતુ વાદીના કુવા તરફ જવાના રસ્તામાંજ પ્રતિવાદી કૂવો બંધાવી હરકત કરે તેવા સંજોગોમાં મામલતદારને હકુમત છે એમ ઠરાવવામાં આવ્યું છે. (વ્હોરા, વિ. તૈયબઅલી. ૨. મું. લો. રી. ૨૪૩). અમુક ઘણા શખસો અમુક મહોલ્લામાં રહેતા કેટલાક શખસોને એક રસ્તેથી જવા-આવવાનો હક હોય, તો સદરહુ

હકના નુકશાન માટે તેમાંના દરેકને દાવો લાવવાનો હક છે. (નારાયણુ વિ. લલુભાઇ ૨. મું. લો. રિ. ૧૬૧). અમુક ખેતરમાં થઇ કોઇની ખાનગી માલકીની મીલકત તરફ જવાના રસ્તામાં હરકત થતી અટકાવવા સુધી મામલતદારની હકુમત પહોંચે છે. પરંતુ એક રસ્તાથી બીજો રસ્તો ટુંકો પડતો હોય તેટલાજ કારણુસર તે ટુંકા રસ્તા માટે એવા પ્રકારનું સંરક્ષણુ કરવા જેટલે દરજ્જે ઉપર કહેલ હકુમતની મર્યાદા લંબાવી શકાતી નથી. (ગવર્નમેન્ટ રેઝો. ૧૧૯૪ તા. ૧૦–૨–૧૮૯૩).

પાણી લેવાના હક બાબત—ખેતરોમાં પાણી લેવાના હક બાબત જૂદા જૂદા ફેસલાઓમાં ચર્ચાનો વિષય થઇ પડયો હતો, જે હવે આખરે નવા એકટથી બંધ પડયો છે. પ્રથમના એકટમાં મોઘમ શબ્દો હતા, પરંતુ ઇ. લો. રી. ૨૫ મુંબઇ સોમા ગોપાળના કેસમાં થયેલા નીર્ણય ઉપર આધાર રાખી કુદરતની અગર કૃત્રિમ " એ શબ્દો આ કલમમાં વધારવામાં આવેલા હોવાથી, આ બાબતની હવેથી સફાઇ થઇ ગઇ છે.

ભાડુવાતનું મરણ—ભાડાચીઠીમાંના પીતા કે જે હક પ્રાપ્ત કર્યા હોય તે વારસને મળે તો ભાડાચીઠીની મુદત પુરી થયા પછી જાણે મૂળ ભાડુવાત જીવતો હોય ને કબજો લેવાની મામલતદારની કોર્ટમાં દાવો ચાલી શકે. તે પ્રમાણે વારસો વિરૂદ્ધ ચાલી શકે—

પ્રતિવાદી ભાડુવાતના બચાવો—પ્રતિવાદી ભાડુવાત કહી શકે કે—ભાડાચીઠી નામની છે. તે પ્રમાણે વર્ત્તવા માટે નથી પણુ ત્રીજો પક્ષકાર દાવો કરે તેને સામે થવા માટે છે. પરભુદાસ લી. કમળા પ્રી. જ. સને ૧૮૯૨ પા. ૪૦૬. તે એમ પણુ કરી શકે કે, આ ભાડાચીઠી પછી જમીનના માલેકનો હક વેચાણુ વીગેરેથી બંધ પડયો છે. વેડુત્રી, નીલકંઠ, પ્રી. જ. ૧૮૯૬ પા. ૪૯૮. તે કહી શકે કે ભાડાચીઠીની મુદત પુરી થયે છ માસ ઉપરાંતની મુદત થઇ ગઇ છે. વળી તે એમ પણુ કહી શકે કે નવા કરારથી ભાડાના પટાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. સરૂપચંદ મી. લાલભાઇ પ્રી. ન. સને ૧૮૯૮ પા. ૫૩૩ પરંતુ તે જમીનના માલીકે જમીનનું કરેલ વેચાણુ બાબત વેચાણુ કરનારની સંમતિ સિવાય તકરાર લઇ શકે નહીં. જુગલદાસ લિ. અંબાશંકર ઇ. લો. રી. ૧૨ મું. ૫૦.

કબજો પડાવી લેવો—વારંવાર સવાલ ઉઠે છે કે, કબજો પડાવી લીધો એમ કયારે કહેવું. આનો આધાર મીલકતના પ્રકારપર રહે છે. કબજો એટલે ભોગવટો એમ કોઇ જાણતું નથી. મીલકતના પ્રકારપર કબજાના

પુરાવાનો આધાર છે. મીલકત એવી હોય કે હંમેશના માટે અથવા અમુક વખત સુધી ઉપયોગમાં લેવાય તેવી ન હોય. જમીનપર રેત વીગેરે આવી જવાથી કેટલાક વખત સુધી ઉપયોગમાં લેવરાતી નથી, અને કદાચ લેવાય તો નામનીજ ઉપજ આવે. તેમજ જંગલોમાંની જમીન વીગેરે છે પ્રસંગોપાત ઉપયોગમાં લેવાય છે. તેવી જમીનના કબજા માટે, રહેવાના ઘરના માટે અથવા ખેડાતી જમીનના માટે જે પુરાવો મળી શકે તેવો ન મળી શકે એટલે જે કાંઇ જોવું જોઇયે તે એ કે—જમીનનો ભોગવટો જે રીતે થઇ શકે તે રીતે ભોગવ્યો છે કે નહી અને તે પ્રમાણે ભોગવ્યું હોય તો તેનો ચાલુ ભોગવટો છે, એમ ગણાય એટલે, જુદો ફેરફાર ન થાય. અથવા પડાવી લીધો છે. એમ ન બતાવવામાં આવે ત્યાં સુધી કબજો ગણાય. મનમોહન. વિ. ઠીશ્રા ૯ ક–૮૦૨ તેટલા માટે કબજો પડાવી લેવાતુ કૃત્ય ત્યારે બને છે કે જ્યારે તેનો બીજો કબજો ધારણ કરે. પણ ઇશ્વરી દ્રવ્યથી કબજો ભોગવવાનું અશક્ત બને ત્યારે તેમાં તેનો સમાવેશ થતો નથી. આ શબ્દો ઇંગ્લીશ લીમીટેશન એકટમાંથી લેવામાં આવ્યા છે. અને તે ત્યારે લાગુ પડે છે કે જ્યારે જમીનના માલધણીનો પોતાના અગત્યથી અથવા બીજાના અગત્યથી જમીન પરંતુ સ્વામીત્વપણું જતું રહે અથવા તેની ઉપજ ભોગવવાનો હક જતો રહે જેમકે આંબાના ઝાડની કેરીઓ બીજો લઇલે એમ થઇ જતુ રહે તેનો સમાવેશ થાય છે. બાબુ વી. ધોંડુ પ્રી. નં. ૧૮૯૧ પા. ૨૨૧. રજાથી કબજો ભોગવે તે પડાની લીધું ન ગણાય ૬ ક. ૩૧૪ જ્યાંસુધી એક માણસનો કાઢી મુકે એવું ન બને ત્યાં સુધી કબજો પડાવી લેવાનું કહેવાય નહીં. બાલી. વી. ડાયમ ૨. મુ. લો. રી. ૬૨૦ ઇં. લાં. રી. ૧૫ મુ. ૬૦૬ અમીરૂદીન મહમદના કામમાં હકીકત એમ હતી કે, પ્રતિવાદીના કબજામાં ઓરડી હતી. અને વાદીએ તેને તાળુ વાસ્યુ અને ચાલતો થયો. પ્રતિવાદીએ તે પછી ઓરડીમાં દાખલ થયો તેમાં ઠરાવ્યું કે, વાદી મામલતદારની મદત મેળવી શકે નહી. અથવા વિશેષ ન્યાયના કાયદાની ક. ૯ ની મદત મેળવી શકે નહીં, કારણ કે તેનો કબજો કાયદાપુર્વક અથવા ન્યાયપુર્વકનો કબજો ન ગણી શકાય.

ઇઝમેન્ટ—પોતાની ભીંત કે જે તેની તથા તેના પાડોશીની સહીઆરી હોય તેમાં બીજાની રજા શીવાય મકાન ઉભુ કરવાનો હક નથી. અને તેમ છતાં કરે તો તેના કબજાથી તેને દૂર નહી કર્યો ગણાય. અમ્રતલાલ લલુભાઇ પ્રી. નં. ૧૮૯૮ પા. ૧૭૩.

હકદારે કબજો પડાવી લીધો—આ કલમના શબ્દોપરથી સ્પષ્ટ છે કે મુળ માલીકે કાયદા શીવાય બીજી રીતે કબજો પડાવી લીધો હોય તો તે દાવાને કારણુ છે. ૯ મુ. ક. કો. રી. ૫૭ પરાપા લી. વીનાયક પ્રી. જ. ૧૮૮૧ પા. ૧૧૩ ફુલાવા વી. પીરાવા પ્રી. જ. ૧૮૯૩ પા. ૩૩૫.

બજવણીમાં કબજો પડાવી લેવો—ત્રીજા શખસપરના દીવાની કોર્ટના હુકમનામાની બજવણીમાં કબજો પડાવી લેવામાં આવે તો તેના ઇલાજ મામલતદારની કોર્ટથી નહી પણુ જૂના દી. ક. ની ક. ૩૩૨ ના ઑ. ૨૧ રૂલ ૧૦૦ પ્રમાણે અરજ કરી મેળવવા જોઇએ જો દાવા વખતે તેનો કબજો ન હોય તો ગુલાલભાઇ વી. જીવાભાઇ ૧૩ મુ. ૨૧૩. મગન લી. વીઠલ પ્રી. જ. ૧૮૯૦ પા. ૧૫૬ માં હકીકત એમ હતી કે હુકમનામાના દેણુદારનો બાહુતનો કબજો **મ** નામના શખસે હુકમનામાની બજવણીમાં લઇ લીધો. "**મ**" ના વિરૂદ્ધ બાહુતે મામલતદારની કોર્ટમાં દાવો કર્યો. ઠરાવ્યું કે કાયદા શીવાય બીજી રીતે કબજો લઇ લીધો નથી, માટે મામલતદારની કોર્ટમાં ન ચાલી શકે. તેજ પ્રમાણે માણેકચંદ લી. દાજી પ્રી. જ. ૧૮૯૫ પા. ૬૬૫ માં ઠરાવ્યું કે દીવાની કોર્ટના પ્રોસેસથી કબજો લેવામાં આવ્યો તો તેના માટે મામલતદારની કોર્ટમાં દાવો ન ચાલી શકે તે માટે દીવાની કોર્ટથી ઇલાજ લેવો જોઇએ રામચંદ્ર, લી. રાવજી ૪. લો. રી. ૨૦ મુ. ૩૫૩ નો કેસ મુખ્ય આધારવાળો છે. તેમાં ઠરાવેલું કે, હુકમનામાની બજવણીમાં કબજો લઇ લેવામાં આવે તો તેના માટે ઇલાજનો રસ્તો મામલતદારની કોર્ટ નથી. પણ ઉપર બતાવ્યા મુજબ જૂના દી. કા. ની ક. ૩૩૨ થી ઇલાજ લેવા જોઇયે.

કબજો પડાવવો—સહીઆરો કબજો હોય અને તેમાંનો એક પોતાનો હક બતાવે તો કબજો પડાવ્યો તેમ ગણી શકાય નહીં. બાહુ લી. દાટ ૨૧ મુ. ૭૭૭ હવે કલમ ૫ નીચે ખુલાસો આપ્યો છે, તેથી સ્પષ્ટ થાય છે.

તરત કબજો—મામલતદાર વાદીના લાભમાં ચુકાવે તો પ્રતિવાદીએ વાવેતર કર્યું છે. તે સબબથી તરત કબજો અપાવવાની ના પાડી શકે નહીં આદરજી વિ. ઉમર ૧ બાંએલોરી ૫૦.

મનાઇ હુકમ—આ કાયદાની ક. ૧૯ (૧) ક પ્રમાણે દાવો કરતી વખતે વાદીનો કબજો ન હોય તો મનાઇ હુકમ કાઢવા અધીકાર નથી. (જો કે તેનો કબજો પડાવી લેવામાં આવ્યો હોય તો પણુ ક. ૫ કલૉઝ ૨ પ્રમાણે મનાઇ હુકમ કબજામાં હરકત ન થવા મતલબને સારૂ છે. અને પહેલો કલૉઝ કબજાની સંભાળ માટે છે વીઠલ લી. સગગ મુ. લો.

રી. ૫૪ અમુક કરવું અથવા ન કરવું તેવા પ્રકારનો મનાઇ હુકમ પક્ષકારને માત્ર બંધનકારક છે. પણ તેની પાસેથી મેળવનારને અથવા ત્રીજાને બંધનકારક નથી. એક શખસને અમુક ન કરવું તેવો મનાઇ હુકમ કર્યો તે હુકમ જમીન સાથે જતો નથી. તે પ્રમાણે દેણુદાર પાસેથી રાખનાર કે જેણે કોર્ટના વેચાણથી રાખ્યું હોય તેને બંધનકારક નથી. તેના વિરૂદ્ધ નવો દાવો લાવવો જોઇએ. ગુલાબભાઇ વી. જીવાભાઇ પ્રી. જ. ૧૮૮૮ પા. ૧૩૩. પાક લેવામાં હરકત થઇ હોય તો મનાઇ હુકમ નીકળી શકે નહીં તેવામાં ઇ. લો. રા. ૧૫ મુ. ૧૭૭–૧૩ ક. ૨૧૩ મનાઇ હુકમ બાબત દાવો ચાલતો હોય તે દરમીયાન કબજો પડાવી લેવામાં આવે તો દાવાઅરજી સુધારવા રાખવી તોપણ મનાઈ હુકમથી કબજો પાછો સોંપવાની આ દાવા શીવાય ફરજ પાડી શકાય. દેસાઇ માલાભાઇ લી. કેશવભાઇના કામમાં ઠરાવ્યું કે, એમાં કબજામાં અથવા ભોગવટામાં હરકત થતી હોય તેવા કામમાં મનાઇ હુકમ આવી શકે તેમ ઠરાવ્યું.

મજમુ કબજો—હાલસુધી સહભાગદાર, બીજા ભાગદારનો કબજો પડાવી લે તો આ એકટની રૂએ બીજા ભાગદારનો દાવો ચાલી શકે કે કેમ તે બાબત જૂદાં જૂદાં રૂલીંગોમાં જૂદા જૂદા રૂપે ચર્ચા ચાલી હતી. તે વીષે આ કલમમાં દાખલ કરવામાં આવેલા ખુલાસાથી સફાઇ થાય છે. એ ખુલાસામાં સ્પષ્ટપણે બતાવેલ છે કે–સહભાગદારે લીધેલો કબજો એ **“ કબજો પડાવી લીધો ”** ગણવાનો નથી.

હકુમત—ગીરો છોડાવવાને લગતા હકોથી ઉપસ્થીત થતા દાવા સાંભળવાનો મામલતદારોને હક નથી એવો નીર્ણય થઇ ગયેલો છે. (સીડીંગાપા વિ, ફીસ્બા સાપા. ૧૧ મુંબઇ ૫૯૯) નેમચંદ વી. ડાહ્યા પ્રી. જ. ૧૮૮૭ પાનું ૧૦૫નો કેસ પણ ઉપરના ધોરણને અનુસરીને ફેંસલ થયો હતો.

ઇઝમેન્ટ—ઇઝમેન્ટનો હક પડાવી લીધા સંબંધીના દાવા આ એકટની રૂએ સાંભળવાનો મામલતદારને અધિકાર નથી. જગાળ વિ. ડાહ્યાભાઇ પ્રી. જ. ૧૮૯૬ પાનું ૩૪૦ ના કેસમાં, વાદીએ મામલતદારની કોર્ટમાં દાવો આણ્યો હતો કે–પ્રતિવાદીની જમીન ઉપર થઇને પોતાના છાપરાનું તથા જમીનનું પાણી લઇ જવામાં પ્રતિવાદિ હરકત ન કરે તેવો મનાઇ હુકમ આપો. તે ઉપરથી મામલતદારે તે મુજબ મનાઇ હુકમ આપ્યો હતો તેમાં હાઇકોર્ટે ઠરાવ્યું હતું કે—મામલતદારને તે મુજબ મનાઇ હુકમ આપવાની હકુમત ન હતી. વળી પ્રી. જ. ૧૮૯૬ પાને ૫૩૨માં ફુકમા-

બાઈ વિ. **ભંડારીના** કેસમાં પણ ઠરાવનામાં આવ્યું હતું કે—પાંચમી કલમના શબ્દોની હદ એટલી વધારી શકાય નહીં કે જેથી આવી જાતના કેસોનો સમાવેશ થઈ શકે. આ કેસમાં કોર્ટે આવી જાતના કેસોમાં આ એકટની રૂએ મામલતદારને સત્તા આપવામાં આવી નથી તે તરફ પોતાનો અણગમો જાહેર કર્યો હતો.

અમુક રસ્તે થઇને જવાનો હક, જે **રસ્તો જો કોઇ ખેતરમાં જવાનો ન હોય** તો તેવી જાતના દાવા પણ મામલતદારની હકુમતમાં નથી. ૨. મુ. લો. રી. ૬૩૨ ધરમચંદ એવા પ્રકારના હકને ઇઝમેન્ટના હક ગણવામાં આવેલા છે (મંગલદાસ વિ. જીવનરામ ઇ. લો. રિ. ૨૩ મુંબઇ પાનું ૬૭૩).

પક્ષકારોની સંમતિ—અરજદાર દાવા અરજીમાં જણાવે કે—તકરારી જમીન પ્રથમ પ્રતિવાદીએ તેને વેચાણ આપી હતી અને પાછળથી પોતે તેને (પ્રતીવાદીને) ભાડે આપી હતી, અને ભાડા ચીઠી કરાવી લીધી હતી. તો તે ઉપરથી આ એકટની રૂએ મામલતદાર કબજા માટે હુકમ કરી શકે નહીં. પક્ષકારોની સંમતિ હકુમત આપી શકતી નથી. રામરાઓ. વિ. બાબાજી પ્રીજ ૧૮૯૫ પાનું ૨૩૬.

મામલતદારે હુકમ કર્યા પછી તેમાં કંઇ વધારી શકાય નહીં—ગણેશ વિ. ગણુગત પ્રી. જ. ૧૮૯૫ પાનું ૫૫માં ઠરાવવામાં આવ્યું હતું કે—મુંબઇ ઇલાકાના સને ૧૮૭૬ના એકટ ત્રીજાની રૂએ મામલતદારે જે ઠરાવ કરવાનો છે તે એ છે કે—તકરારી જમીન વાદીના કબજામાં હોવા છતાં પ્રતિવાદીએ તેનો કબજો લઇ લીધો છે કે નહિ અમુક દાવો કહાડી નાંખ્યા પછી તે સંબંધમા મામલતદારની હકુમત બંધ પડે છે. અને પ્રતિવાદીની સામે પછી તે કંઇ બીજો હુકમ કરી શકે નહિ.

હકની બાબતમાં તપાસ—હકની બાબતમાં મામલતદારોએ તપાસ કરવાનો નથી. સને ૧૮૭૬ના એકટ ત્રીજાની કલમ ૧૫ (અ) મુજબના બે મુદ્દા ઉપર એક કેસમાં (નાગર વિ. જગન. પ્રી. જ. ૧૯૧ પાનું ૧૫૩) મામલતદારે અમુક જમીનના સંબંધમાં વાદીના લાભમાં અને આંબાના ઝાડોના સંબંધમાં પ્રતિવાદીના લાભમાં નીર્ણય ઉપર આવ્યા બાદ જાતે જગોની સ્થાનીક તપાસ કરતાં તથા વેચાણનો દસ્તાવેજ જોતાં એમ લાગ્યું કે વાદીને બધી જમીન આપી શકાય તેવો હક જ-

ણાતો નથી. તે ઉપરથી હાયકોર્ટે ઠરાવ્યું કે—મામલતદારને હકની બાબતની ચોકસીમાં ઉતરવા હકુમત ન હતી.

ફી. પ્રો. ક. ૧૪૫ મુજબના હુકમનો અસર—નાગાપા વિ. બદ્રુદીન ૪. લો. રી. ૨૬ મુંબઇ ૩૫૩માં ઠરાવવામાં આવેલો ચુકાદો આ એકટની કલમ ૨૬મીથી રદ થાય છે. ઉપરના કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે ફી. પ્રો. ૧૪૫ મુજબ ઠરાવ થયા છતા મામલતદારને એવી બાબતના પ્રશ્નો હાથ ધરવા હકુમત છે.

ભાડાચીઠીથી આગળ વધીને ઠરાવ કરવાનો મામલતદારનો અખતીઆર—પરભુદાસ વિ. ફુલબા પ્રી. જ. ૧૮૯૨ પાનું ૪૦૬ (ચીફ જસ્ટીસ સારજંટ અને કેન્ડીજ.) ના કેસમાં વાદીએ મામલતદારની કોર્ટમાં એક ઘરનો કબજો લેવા માટે દાવો કર્યો હતો, અને એમ જણાવ્યું હતું કે ભાડાચીઠાની રૂએ પ્રતિવાદીનો હક બંધ પડયો હતો. મામલતદારને માલમ પડયું કે—ભાડાચીઠીનો અમલ કરવાનો હેતુ ન હતો, પરંતુ પ્રતિવાદીયણનાં ધણીનાં સગાં તરફથી વખતે વાંધો આવે તો તેના સામે ઉપયોગ કરવા માટે તે કરી લેવામાં આવી હતી. અને તે ઉપરથી વાદીનો દાવો રદ કર્યો. તે કેસમાં હાઇકોર્ટે ઠરાવ કર્યો કે તેમ કરવું એ મામલતદારના અખતીઆરમાં હતું.

પક્ષકારોની સંમતિની અસર—રામરાવ વિ. બાલાજી. ઇ. લો. રિ. ૨૦ મુંબઇ પાનું ૬૩૦—માં કેટલીક જમીનનો કબજો મેળવવા માટે અરજદાર મામલતદારની કોર્ટમાં બે દાવા લાવ્યો હતો. પક્ષકારોની સંમતિથી, એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે—સામાવાળો, અરજદારને બે માસની મુદતમાં અમુક રકમ ન આપે તો અરજદારે કબજો મેળવવો બે માસની મુદત પછી અરજદારે અરજ કરી કે—બે માસની મુદતમાં કબુલત કર્યા મુજબ નાણું આપ્યાં નથી. અને ઠરાવ થયા મુજબ બજવણી ચાલુ થવી જોઇએ. તપાસ કરતાં મામલતદારને માલમ પડયું કે—અરજદારને પૈસા આપવા માંડયા હતા પણ તેણે સ્વીકાર્યા નહી. અરજ કરવામાં થયેલ ખર્ચ માટે મામલતદારે બજવણીનો હુકમ કર્યો પરંતુ કબજા માટે કંઇપણ હુકમ કરવાની ના પાડી. તે ઉપરથી અરજદારે હાઇકોર્ટની અસાધારણ હકુમતને અંગે અરજ કરી અને જણાવ્યું કે—નાણું રીતસર રજુ કરવામાં આવ્યાં ન હતાં. તે ઉપરથી ઠરાવ થયો હતો કે—આ ઠરાવ

એવો હતો કે મામલતદારના એકટની રૂએ મામલતદાર કરી શકે નહીં. અને પક્ષકારોની સંમતિથી તેને સત્તા મળી શકે નહીં.

નીચેના કેસમાં મામલતદારને હકુમત નથી એમ ઠરાવેલું છે:—૧ તકરારી ગીરોની બાબતોમાં ૪. લો. રી. ૧૧ મુંબઈ ૫૫૯.

ફરિયાદો બીજી કોરટોમાં મોકલવાનો કલેકટરનો અધિકાર.

૬. કલેકટર પક્ષકારોને યોગ્ય નોટીસ આપ્યા પછી, એકાદી ફરિયાદ પોતાના જિલ્લામાંના કોઇપણ મામલતદારની કોર્ટમાંથી પોતાના જિલ્લામાંના બીજા કોઇપણ મામલતદારની કોર્ટમાં લેખી હુકમથી મોકલવાને મુખત્યાર છે, અને જે મામલતદારની કોર્ટમાં, તે ફરિયાદ મોકલવામાં આવી હોય તેણે એવી ફરિયાદના સંબંધમાં પોતાની હકુમત ચલાવવી પણ ૨૧ મી કલમની રૂએ જે કોઇપણ હુકમ ગામના કામદારોને કરવાના હોય તે હુકમ એવા કામદાર જે મામલતદારના તાબામાં હોય તે મામલતદારે કરવા.

ટીકા.

આ કલમ નવી છે.

આવી સત્તા માટે પ્રથમ કંઇપણ સ્પષ્ટ આધાર નહોતો પરંતુ હાઇકોર્ટને તેવી સત્તા છે એમ ગણવામાં આવ્યું હતું. ભગવાનદાસ વિ. જેઠુ ૪ મું. લો. રી. ૭૭૧.

નીચેના કેસોમાં આવી સત્તા વાપરવામાં આવી હતી. (૧) મામલતદાર કામમાં સાક્ષી હોય ત્યારે રેજા. મિ. ડોનાછટ ૯. લો. રી. ૨ ક. ૪૦૫. (૨) તેનું કામમાં જાતીકુ હીત હોય ત્યારે જેવું કે—પક્ષકાર તેનો ગોર હોય પાંડુરંગ ૨ મુ. લો. રી. ૭૫૫. (૩) અથવા તે પક્ષકારોને સલાહ આપવાનું કામ લઇ બેઠો હોય ત્યારે. બળવંત પ્રી. જ. ૧૮૯૫ પાનુ ૩૩૫. (૪) અથવાતો જ્યારે તે કામમાં મહત્વનું હિત ધરાવતો હોય જેવું કે—કેસના પરિણામમાં મ્યુનિસીપાલીટીનુ પૈસા સંબંધી હીત હોય અને જે કામના અંગે દાવો ઉત્પન્ન થયો તે કામ કરવામાં મામલતદાર મજકુર કમીટીનો મેમ્બર હોય. કાશીનાથ વી. પુનાના કલેકટર ૮ મું. ૫૫૩. (૫) દાવાની બાબતમાંજ મામલતદારે પ્રથમ સલાહ આપેલી હોય ત્યારે અણુદિ સગુભાઇ પ્રી. જ. ૧૮૯૪. પરંતુ કામમાં રોકાયલા વકીલ સાથે સહેજ અણબનાવથી જીભાઇ વિ. દેસાઇ અચળભાઇ પ્રી. જ. ૧૮૯૫ પાનુ ૬૫૯

અગર કામ શરૂ થતા અવલ–પક્ષકારોને સમાધાન કરવાની સલાહ આપ-વાથી ૨ મુ. લો. રી. ૬૧૩ અગર નારણદાસ વિ. ઝવેરભાઇ તો પોતે ઘણા વખત એકાદ પક્ષકારનો દેણદાર હતો એવા સબબથી ટ્રાન્સ્ફર થઇ શકે નહીં.

---

૭. આ આકટ પ્રમાણે કરવાના સઘળી ફરીયાદો ફરિયાદ અરજી કરીને શરૂ કરવી, તે અરજી વાદીએ ભર કોર્ટમાં મામલતદારને આપવી, અને તેમાં હેઠળ લખેલી વીગત લખવી:—

ફરિયાદી કરવી હોય તે ફરિયાદ અરજી કરીને શરૂ કરવી.

ફરિયાદઅરજીમાં લખવાની વિગત.

(અ) વાદીનું નામ, ઉમ્મર, ધર્મ, જાત, ધંધો તથા રહેવાનું ઠેકાણું;

(બ) પ્રતિવાદીનું નામ, ઉમ્મર, ધર્મ, જાત, ધંધો તથા રહેવાનું ઠેકાણું;

(ક) જે મિલકતનો કબજો અથવા જે તાકીદ આપવાની હશે તેનો પ્રકાર, જેમ હોય તેમ;

(ડ) જે તારીખે ફરિયાદનું કારણ ઉત્પન્ન થયું તે તારીખ.

(ઇ) જે હકીકત ઉપરથી ફરિયાદીનું કરણ ઉત્પન્ન થયું તે તારીખ.

(ફ) વાદીના દસ્તાવેજ હોય તો તેમની અથવા તેના સાહેદો હોય તો તેમની યાદી, અને દર એક સાહેદ શો શો પુરાવો આપે તે, અને ૧૪ મી કલમ પ્રમાણે નીમેલે દહાડે તથા જગાએ હાજર થવા સારૂ તેવા સાહેદોને સમન કરવાના છે કે વાદી તેઓને તે દહાડે તથા જગાએ હાજર કરશે તે.

ટીકા.

(૧) ફર્યાદ અરજી—એટલે દાવાના કારણ સંબંધી લેખી હકીકત (વાર્ટન્સ લો. લેકસીકન આવૃત્તિ ૧૦ મી) ફર્યાદ અરજી રીતસર ન હોયતો કલમ ૮ મુજબ કરવું.

કોર્ટ ફી—સને ૧૮૭૦ નો કોર્ટફીનો એક્ટ જે સને ૧૮૯૧ ના ૧૨ મા એકટથી સુધારવામાં આવ્યો છે તે મુંબઇના સને ૧૮૩૮ ના ૧૬ મા અને સને ૧૮૭૬ ના મામલતદારની કોર્ટના એકટ મુજબની કબજો મેળવવા માટેની દાવા–અરજીઓ તથા અપીલો ઉપર આઠ આનાનો સ્ટેમ્પ લગાવવો જોઇએ. હવે સને ૧૮૭૬ ના મામલતદારની કોર્ટના કાયદાના

બદલે આ એક્ટ અમલમાં આવ્યો છે. અને મુંબાઇના સને ૧૯૦૪ ના એક્ટ ૧ લા (મુંબાઇ જનરલ ક્લોઝીઝ એક્ટ) ની કલમ ૯ પ્રમાણે સને ૧૮૭૬ ના હવાલાના શબ્દો સને ૧૯૦૬ ના એક્ટને લાગુ પડે છે સબબ આ ફર્યાદ અરજી આઠ આનાના કોર્ટ ફી સ્ટેમ્પ ઉપર જોઇએ.

કોન્સીલેટરનું સર્ટીફીકેટ આ એક્ટ મુજબનો દાવો કરવામાં જરૂરનું નથી. (સને ૧૮૭૯ ના એક્ટ ૧૭ માની કલમ ૪૭).

પ્રોબેટ—વીલના આધારે હક્ક રાખનાર આ મામલતદારની કોર્ટમાં દાવો આણુતા અગાઉ પ્રોબેટ મેળવવા બંધાએલો નથી અને ભગવાનસીંગ વિ. બેચરદાસ ઇં. લૉ. રી. ૬ મું ૭૩ નો ઠરાવ મામલતદારોની કોર્ટોને લાગુ પડે છે એમ ઠરાવ્યુ. ઇચ્છાલક્ષ્મી વિ. ઘેલાભાઇ પ્રી. જ. ૧૮૮૯ પાનું ૨૧૫.

તકરારી મીલકતનો નકશો—દાવા અરજી સાથે નકશો રજુ કરવાનો હુકમ થઇ શકે નહીં. જો દાવા અરજી મીલકતની સ્થીતિ અને પ્રકાર સંબધમાં જોઇતી હકીકતના લખાણુ બાબત ખામીવાળી જણાય તો આ એક્ટ મુજબ તેનો સુધારો દાવા અરજીમાં સુધારો કરી થઇ શકે. ચેનબસાયા વિ. રૂદ્રાપા ઇં. લૉ. રી. ૧૪ મું ૫૮૧.

૨. **ભર કોર્ટમાં મામલતદારને આપવી**—શબ્દો ખુલ્લા છે. એટલે ટપાલમાં મોકલી શકાય નહીં, ઓફીસ આગળ મુકેલ પેટીમાં નાખી શકાય નહીં, તાબાના કોઇ નોકરને આપી શકાય નહીં, તેમ ખુદ મામલતદારને પણુ ચેમ્બરમાં અગર બીજી કોઇ જગા કે જે "ભરકોર્ટ" ગણાય નહીં ત્યાં આપી શકાય નહીં.

૩. **ફર્યાદનું કારણુ**—વાદીએ ફતેહમંદ થવા માટે સાબીત કરવી જોઇએ તેવી મુદ્દાની હકીકત મુસા યાકુબ મોદી વિ. મણીલાલ અજીતતરાય ઇં. લૉ. રી. ૨૯ મું. ૩૬૮ ફર્યાદ કરવા હિત અથવા હક્ક બતાવવો જોઇએ. ૨ નો. વે. પ્રો. ૪૧; ૧૫ વી. રી. ૧૦૬. વાદી જે કારણોના આધારે જીતવા માગતો હોય તે કારણો ઇં. લો. રી. ૮ કલ. ૪૩. આ કાયદા પ્રમાણે ફર્યાદના કારણુમાં કબજો પડાવી લીધાની, હરકત કર્યાની અથવા કબજો સોંપવો જોઇએ તે ન સોંપ્યાની હકીકત જોઇએ જુઓ કલમ ૫ મી.

૮. જ્યારે ફરિયાદ અરજીના રૂપમાં ન હોય એવી કોઇ અરજી મામલતદારને રજુ કરવામા આવે, અને તે અરજીનો વિષય ૫ મી કલમમાં સમાઇ જાય એવો છે એમ દેખાય ત્યારે, મામલતદારે, આ આકટ મુજબ શી દાદ મળી શકે છે. તેનો પ્રકાર તે અરજી કરનારને સમજાવવો, અને તે અરજદાર તે અરજી ઉપરથી તે દાદ મેળવવા ઇચ્છે છે કે નહિ તેની તપાસ કરવી. જો અરજદાર એવી દાદ મેળવવાની ઇચ્છા દેખાડે તો, મામલતદારે તે ઇચ્છા તે અરજી ઉપર લખવી, અને ત્યાર પછી તે અરજી ૭ મી કલમની રૂયે રજુ કરેલી ફરિયાદઅરજી છે એમ ગણવું.

પદ્ધતિનુસાર ન હોય તેવી અરજીઓને ફરિ-યાદ અરજીઓ ગણવી.

ટીકા.

આ કલમ નવીન દાખલ કરી છે. સીલેકટ કમીટીના રીપોર્ટપરથીજ થાય છે કે આ કલમ અને ક. ૯ એવા સબબથી દાખલ કરી છે કે ગરીબ ખેડુતો અણુવાકેફગાર ફરીયાદીઓ અને જેઓ કાયદાની કામ ચલાવવાની રીતથી અજાણ્યા છે. તેઓની ફરીયાદો મારી ન જાય અને આ કાયદાનો હેતુ તુરત દાદ આપવાનો છે તે જળવાય.

---

૯. જ્યારે ફર્યાદ અરજીમાં ૭ મી કલમમાં નિર્દિષ્ટ કરેલી વીગતો લખી ન હોય અથવા તેમાં નકામું લંબાણ કર્યું હોય ત્યારે મામલતદારે વાદીની સોગંદ (૧) ઉપર તાબડતોબ જબાની લેવી અને ૭ મી કલમમાં કહેલી જે વિગતો ફર્યાદ અરજીમાં સ્પષ્ટ રીતે અને ખરેખરી લખેલી (૨) ન હોય ત તેની પાસેથી જાણી લેવી અને તે જબાની તે ફર્યાદ અરજી ઉપર શેરાના રૂપમાં અથવા તેને જોડેલી પુરવણીના રૂપમાં લખી રાખવી અને પછી તે લેખી જબાની તે ફર્યાદ અરજીનો એક ભાગ છે એમ ગણવું. જ્યારે વાદી ૭ મી કલમમાં લખેલી વિગતોમાંની કોઇપણ વિગત મેળવવા માટે મુદત માગે ત્યારે મામલતદારે સઘળી બાબતોનો એકંદર વિચાર કરતાં જે મુદત યોગ્ય લાગે તે તેને આપવી.

વાદીની સોગંદ ઉપર જબાની લેવી.

ટીકા.

આ કલમ જુના કાયદાની કલમ ૮ ના બદલે મુકેલી છે. અને તેમાં સુધારો કરવામાં આવ્યો છે. સુધારો કરવાનો હેતુ અજ્ઞાન વાદીઓ અને પદ્ધતિ વિરૂદ્ધ અરજ કરનારાઓના હિતનું રક્ષણ કરવાનો છે.

આ કલમથી ફ્ર્યાદ એકદમ કાઢી નાખતાં વાદીને સોગંદપર તપાસી તેની પાસેથી ક. ૭ માં જણાવેલ હકીકત મેળવી લેઇ તેને ફ્ર્યાદના ભાગ તરીકે ગણવા મામલતદાર ઉપર ફરજ નાખી છે. આ હકીકત પુરી પાડવા વાદી મુદ્દત માગે તો તે પણ આપવી જોઇએ. પરંતુ કેટલી મુદ્દત આપવી તે મામલતદારની મુનસફી ઉપર રાખ્યું છે.

વાદી સોગંદપર જબાની આપવા ના પાડે અગર ઠરાવેલી મુદ્દતમાં માગેલી વિગતો પુરી ના પાડે તો કલમ ૧૨ મુજબ ફ્ર્યાદ નામંજુર થવાને પાત્ર થાય છે.

(૧) **સોગંદ** એ શબ્દમાં જે લોકોને સોગંદને બદલે ઇકરાર અથવા ડેકલેરેશન કરવા છુટ છે. તેવા લોકો માટે ઇકરાર અથવા ડેકલેરેશનનો સમાવેશ થાય છે. સને ૧૮૭૩ ના એકટ ૧૦ ની કલમ ૬ થી ઠરાવ્યું છે કે કાઇ શાહેદ હિંદુ અગર મુસલમાન હોય અથવા તેને સોગંદ લેવા વાંધો હોય તો તે સોગંદ લેવાને બદલે ઇકરાર કરી શકશે.

(૨) **લખેલી** એ શબ્દમાં છાપેલી, શીલાછાપથી છાપેલી, ફોટોગ્રાફથી પાડેલી, અને કોઇપણ પદાર્થ ઉપર દેખાઇ આવે તેવા આકારમાં પ્રકટ કરેલી શબ્દ અગર આંકડાની ઇબારતનો સમાવેશ થાય છે. (મુંબાઇ જનરલ કલૅાઝીઝ એક્ટ. સને ૧૯૦૪ ના એકટ ૧ લો કલમ ૩ નું કલૅાઝ ૫૦).

ફ્ર્યાદ અરજી ઉપર સહી તથા ખરાપણાની પ્રતિજ્ઞા કરવી.

૧૦. ફ્ર્યાદ રજુ કરવામાં આવી હોય અને તેના સંબંધમાં જરૂર હોય તો ૯ મી કલમમાં કહેલી રીતે વ્યવસ્થા કરવામાં આવી હોય ત્યારે મામલતદારે વાદીને તે અરજી ઉપર પોતાની રૂબરૂ ભરકોર્ટમાં સહી કરવાનું અને તેના ખરાપણા પ્રતિજ્ઞાનો લેખ હેઠળ લખેલી રીતે અથવા તેવા મજકુરનો કરવાનું ફરમાવવું:—

" હું અ. બ. વાદી ઇકરાર કરૂંછું કે આ ફ્ર્યાદ અરજીમાં જે લખ્યું છે તે મારી ઉત્તમ માહીતીગારી તથા સમજણ પ્રમાણે ખરૂં છે "

ટીકા.

(૧) વાદી-એ શબ્દમાં તેના વકીલનો અથવા કબુલ કરેલા મુખત્યારનો સમાવેશ થાય છે.

વકીલ જો ખરાપણાનો લેખ કરે તો તે આ એકટ મુજબ કાયદેસર છે સૈઅદ સૈફુલ્લા વિ. સૈઅદ હાજીમીયાં ૧ મું. લો. રી. ૬૬૪ દીવાની કાયદા મુજબ સહવાદી ઈકરાર અને સહી કરે તો તે ચાલી શકે છે. ૫ બં. લો. રી. ૮૫ અને ૧૨ બં. લો. રી. ૩૫.

ત્રણુ દાવા ત્રણુ મજમુ લેણુદારો પૈકી એકજણે બીજાઓને સહવાદી તરિકે દાખલ કરી પોતાની એકલાની સહી અને ઇકરારથી દાખલ કર્યા. તેમાં ઠરાવ્યું કે તે પ્રમાણે કરવું કાયદેસર છે. મોહીની મોહનદાસ વિ. બંગસીબદન ઇ. લો. રી. ૧૭ કલ. ૫૮૦

સગીર વાદી તરફથી તેના વાલીએ યોગ્ય રીતે નીમેલા વકીલ સહી તથા ખરાપણાનો પ્રતિજ્ઞા લેખ કરી શકે. ૧ મું. લો. રી. ૬૬૪

(૨) મામલતદારે ××× **પોતાની રૂબરૂ ભરકોર્ટમાં**—આથી મામલતદાર પોતાના રહેવાના ઘર આગળ સહી તથા ઇકરાર કરાવે અગર પોતે હુકમ કરી પોતાના તાબાના કોઇ અમલદાર રૂબરૂ કરાવરાવે તો તે કાયદેસર નથી.

ભરકોર્ટ—મામલતદારોને વખતો વખત રેવન્યુ કામગીરી માટે પોતાના તાલુકામાં ઠેકાણે ઠેકાણે ફરવાનું હોય છે તેથી તેમણે આગળ કલમ ૧૪ માં જણાવ્યા પ્રમાણે કામ ચલાવવાની જગા નક્કી કરવી જોઇએ. આ પ્રમાણે નક્કી કરેલી જગા કે જ્યાં તે પોતાના હોદ્દાની રૂએનાં કામો કરે તે તેની કોર્ટ છે અને જો તે જગા સર્વને જવા માટે ખુલ્લી હોય તો તે ભરકોર્ટ છે.

સહી અને ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ. જો દાવા અરજી ઉપરની સહી અને ખરાપણાની પ્રતિજ્ઞા લેખ-મામલતદારની રૂબરૂ ભરકોર્ટમાં થયો ન હોય તો તે કાયદા વિરૂદ્ધ છે અને તેથી તે બદલ આગળ જણાવેલ કલમ ૨૫ મુજબ વાદી સામે કામ ચાલતાં હરકત છે.

(૩) પ્રતિજ્ઞાનો લેખ—ખોટો પ્રતિજ્ઞા લેખ કરે તો ઈ. પી. કો. કલમ ૧૯૩ મુજબ ગુન્હો થાય.

---

૧૧. (૧) ફરિયાદ અરજી ઉપર સહી તથા ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ યોગ્ય રીતે કર્યો છે એવો શેરો મામલતદારે તે ફરિયાદઅરજી ઉપર લખવો.

મામલતદારે શેરો લખવા બાબત.

(૨) વાદીને લખતાં આવડતું નહિ હોય, ત્યારે ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ તેની તરફથી ભર કોર્ટમાં બીજા પાસે લખાવવો અને તેના ખરાપણા બાબત તેણે પોતાના નામ આગળ પોતાની નિશાની કરવી, અને એવે પ્રસંગે મામલતદારે લખવું કે વાદીના કહ્યાથી મારી રૂબરૂ ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કર્યો છે અને વાદીએ પોતાની નિશાની મારી રૂબરૂ કરી છે.

વાદીને લખતાં આવડતું નહિ હોય ત્યારે કામ ચલાવવાની રીત.

---

૧૨. જ્યારે (અ) વાદી કલમ ૯ પ્રમાણે સોગન ઉપર જબાની આપવાની ના કહે અથવા

ફર્યાદ અરજી ના મંજુર કરવા બાબત.

(બ) વાદી ૯ મી કલમ પ્રમાણે સોગન ઉપર જબાની આપવાને ખુશી હોય અથવા તેણે તેવી જબાની આપી હોય પણ ૭ મી કલમમાં લખેલી વિગત ૯ મી કલમમાં કેટલી મુદતની અંદર આપવાની ના કહે અથવા બીલકુલ આપેજ નહી, અથવા

(ક) ફરીઆદ અરજી ઉપરથી એમ દેખાય કે—

(૧) દાવો કરેલી મીલકત અથવા ઉપયોગ—૫ મી કલમમાં લખેલ પ્રકારનો નથી, અથવા

(૨) ફર્યાદ અરજી આપ્યાની જગાઉ છ મહિતાથી વધારે મુદત ઉપર ફર્યાદનું કારણ ઉત્પન્ન થયું હતું, અથવા

(ડ) વાદી ફર્યાદ અરજી ઉપર કલમો ૧૦ તથા ૧૧ પ્રમાણે સહી અથવા તેના ખરાપણાનો લેખ કરવા ના કહે ત્યારે મામલતદારે તે ફર્યાદ અરજી ના મંજુર કરવી.

ટીકા.

કલમમાં બતાવેલાં ૪ કારણો સિવાય બીજી રીતે ફર્યાદ ના મંજુર થઇ શકે નહીં. જેમ કે—

દાવાનાં કારણ ખોટી રીતે એકત્ર કરવાં—અંતુ વિ. વિષ્ણુ પ્રતિવાદી નં. ૧ નાએ મામલતદારની કોર્ટથી કબજાનું હુકમનામું મેળવ્યું અને તે જમીન તેણે નં. ૨—૩ ના પ્રા. વાદીઓને ભાડે આપી. વાદીની અરજ ઉપરથી હાઇકોર્ટે મામલતદારની કોર્ટનું હુકમનામું રદ કર્યું. તે પરથી વા-

દીએ નં. ૧ ના પ્રા. વાદી સામે તથા નં. ૨—૩ ના પ્રા. વાદી જેમના કબજામાં ખરેખર રીતે જમીન હતી તેમના ઉપર દાવો કર્યો. મામલતદારે દાવા અરજી એવા કારણથી રદ કરી કે દાવાનાં કારણ ખોટી રીતે એકત્ર કર્યા છે-કેમ કે દાવો જુદા જુદા સખસો સામે છે, જુદા જુદા કારણ માટે છે ને તેનાં દાવાનાં કારણ જુદી જુદી તારીખે ઉત્પન્ન થયાં છે. હાઇકોર્ટે ઠરાવ્યું કે મામલતદારે દાવા અરજી દાખલ કરવી જોઇએ અને દાવો તેના ગુણદોષ ઉપર સાંભળવો જોઇએ. પ્રા. વાદીએ જે હુકમનામાથી કબજો મેળવ્યો તે હુકમનામું પાછળથી રદ થયું. અને તે બીજાને ભાડે આપી સ્થિતીમાં સુધારો કરી શકે નહીં. બધા એકસરખી રીતે જવાબદાર છે અને એક પ્રોસીડીંગથી તેમના પાસેથી કબજો લેવાની ફર્યાદ ચાલી શકે. અંતુ વિ. વિષ્ણુ. ઇ. લો. રી. ૨૨ મું. ૬૩૦

નકશો રજુ કરવા હુકમ કરી શકાય નહીં. તેમ તે ન રજુ કરવા માટે ફર્યાદ ના મંજુર થઇ શકે નહીં. ઇ. લો. રી. ૧૪ મું ૫૮૧

સર્વે નંબર બતાવવામાં ભૂલ થઇ હોય તો સુધારો કરાવવો પણ તે કારણથી દાવો ના મંજુર થાય નહીં. મહેરવાનજી વિ. હોરમસજી. ૧ મું. લો. રી. ૬૭

(૧) છ મહિનાથી વધારે મુદત—પર ફર્યાદનું કારણ ઉત્પન્ન થયું હતું એમ ગણી સંક્ષીપ્ત રીતે ફર્યાદ ના મંજુર થઇ શકે નહીં. પણ જો ફર્યાદ અરજી પરથી તેમ સ્પષ્ટ જણાતું હોય અથવા વાદીને પુછવા પરથી તેમ જણાય તો ના મંજુર કરી શકે છે. નેમાવા કોમ લખાપા વિ. ધ્રાકયાબીન—પરસાપા. પ્રી. જ. ૧૮૫૧ પાનું ૧૦૧

ગ. રે. નં. ૩૩૫૭ તા. ૭-૫-૮૭ થી ફરમાવ્યું છે કે મામલતદારો પુરાવો લીધા પછી ફર્યાદ અરજીઓ સુધારવા આપવાની ઇચ્છા ધરાવે છે. પરંતુ પુરાવા સાથે દાવા અરજીઓ મળતી આવે તેટલા માટે તે સુધારવા આપી શકાય નહીં.

---

૧૨. ફર્યાદ અરજીનો વિષય પોતાની હકુમતમાં નથી એવું મામલતદારની નજરમાં આવે, તો યોગ્ય કોર્ટમાં આપવા સારૂ તેણે પાછી આપવી.

ફર્યાદ અરજી પાછી આપવી.

ટીકા.

(૧) હકુમત-સ્થાનિક હકુમત-ફર્યાદનો વિષય પોતાની સ્થાનિક હકુમતમાં જોઇએ. પછી તે ગમે તેટલી કીંમતનો હોય તેની હરકત નથી.

જ્યારે મામલતદારને માલમ પડે કે ફર્યાદનો વિષય પોતાની હકુમતમાં નથી ત્યારે પાછી આપી શકે. તે વિષય પોતાના તાલુકામાં હોવો જોઇએ. વાદી અગર પ્રતિવાદી પોતાની હકુમતના હોવા જોઇએ એમ કંઇ નથી.

મામલતદાર માત્ર આવાજ પ્રસંગે ફર્યાદ અરજી પાછી આપી શકે. બીજા પ્રસંગે આપી શકે નહીં બાપુ. વિ. ગણેશ. પ્રી. જ. ૧૮૮૮ પાનુ ૧૫૪. ફર્યાદ અરજી આ પ્રમાણે પાછી આપવામાં આવે ત્યારે મુદતના કાયદાની કલમ ૧૪ નો લાભ મળી શકે છે.

ફરીઆદ અરજી લેવા લાયક હોય ત્યારે કામ ચલાવવાની રીત.

૧૪. (૧) ફર્યાદઅરજી લેવાલાયક હોય તે મામલતદારે તે લઇને દાખલ કરવી. તેણે પછી તે મુકર્દમાના ઇન્સાફ સારૂ એક સગવડભરેલો દિવસ તથા જગા નીમવી અને આ પરિશિષ્ટના નમુના પ્રમાણેની નોટીસ વાદીને ખરચે પ્રતિવાદી ઉપર કાઢવી, પછી તેણે વાદીને નીમેલે દહાડે તથા જગાએ પોતાના દસ્તાવેજ તથા સાહેદો (જો હોય તો) સાથે લઇને હાજર થવાનું ફરમાવવું.

(૨) મુકર્દમાના ઇન્સાફ સારૂ તારીખ ઠરાવવી તે, જે તારીખે નોટીસ કરી હોય તે તારીખથી દસ દિવસની અંદરની તથા પંદર દિવસ પછીની ઠરાવવી નહીં. પણ મામલતદાર પુરતાં કારણસર તેમ ન કરવાને મુખત્યાર છે અને તે પ્રસંગે તેણે તે કારણો પોતાના હાથે નોંધી મુકવાં.

(૩) મુકર્દમાના ઇન્સાફ સારૂ જગા ઠરાવવી તે, કાં તો મામલતદારની કચેરી ઠરાવવી અથવા તકરાર જે ઠેકાણે ઉત્પન્ન થઇ હોય તે જગા અથવા તેની પડોશની જગા ઠરાવવી અથવા મામલતદારના મત પ્રમાણે જે બીજી જગા પક્ષકારોને સગવડ ભરેલી હોય તે ઠરાવવી.

ટીકા.

(૧) **નોટીસ કરી હોય તે તારીખથી**—નોટીસ કાઢવાનો હુકમ કર્યો હોય તે તારીખથી નહીં પણ નોટીસ ખરેખર કાઢી હોય તે તારીખથી-દિવસ ગણવાના છે.

(૨) દસ દિવસની નોટીસનો હેતુ એ છે કે–પ્રતિવાદીને જવાબ તથા પુરાવા સાથે હાજર થવાને પુરતો વખત મળે. આ દસ દહાડા ગણવામાં નોટીસનો પહેલો દિવસ બાતલ કરવાનો છે. (મુંબાઇ જનરલ ક્લોઝીઝ એક્ટ–સને ૧૯૦૪ નો–૧ લો–કલમ ૧૦ નો ક્લોઝ ૧)

પ્રતિવાદીને સમન તા. ૨૩–૧૨–૮૭ ના રોજ પહોંચાડવામાં આવ્યો ને બીજે દિવસે કેસ ચુકાવ્યો અને મામલતદારે પ્રતિવાદીને પુરાવો રજુ કરવા મુદત આપી નહીં તેમાં ઠરાવ્યું કે–પ્રતિવાદીને બરોબર નોટીસ મળવી જોઇએ: અને સમન મોડો પહોંચ્યો તેથી પ્રતિવાદીને પુરાવો રજુ કરવા બીજી મુદત આપવી જોઇએ. મુસા સુલેમાન વિ. સુલેમાન વલી. પ્રી. જ. ૧૮૮૮ પાનું ૧૮૫.

દિવસ તથા જગા—મામલતદારે સુનાવણીને માટે તારીખ ઠરાવવી એટલુંજ નહીં પણ કઇ જગોએ કેસ ચાલશે તે જગો પણ ઠરાવવી જોઇયે કેમકે તેમને વખતોવખત તાલુકામાં ફરવાનું હોય છે–ઓફીસ સિવાય બીજી જગો મુકરર કરવાની હોય તો તેમણે તકરારી જગા અને પક્ષકારોની સગવડ ઉપર ધ્યાન આપવું જોઇએ.

નોટીસ–વાદીના ખરચે–દરેક નોટીસની ફી ત્રણ આના લેવાના છે જુઓ લીગલ–રીમેમ્બ્રન્સરના જનરલ રૂલ્સ (રેવ. ડી.) પાનું ૧૭૯.

નોટીસ પ્રતિવાદીને અગર જો તેનો કોઇ મુખત્યાર હોય તો તેને આપવા માંડીને બજાવવી અથવા તો જે જગોને માટે તે નોટીસ હોય તે જગાપર ખુલ્લી જગાએ તે ચોઢવી. જુઓ લેન્ડ રેવન્યુ કોડ કલમ ૧૯૧.

શાહેદોએ હાજર થવા બાબત.

૧૫. (૧) જે દિવસ તથા જગા નીમી હશે તે દિવસે તથા તે જગાએ પોતાના શાહેદોએ હાજર રહેવા સારૂ તેઓને સમન કરવા એવું હરકોઇ પક્ષકાર કરે તો તે કામ સારૂ મામલતદારે સમન આપવા.

(૨) જે કોઇ શાહેદ એવે વખતે હાજર થવાને ચુકે અને સમન પ્રમાણે હાજર થવાનું તેને બની આવે એવી મુદતમાં તે સમન તેના ઉપર બજાવવામાં આવ્યો છે એમ સાબિત થાય અને તે એવી રીતે હાજર ન થયો તેનો યોગ્ય સબબ બતાવવામાં ન આવે તો મામલતદાર એવા શાહેદને પકડવા સારૂ વારંટ કાઢવાનાં પોતાનાં કારણ લખીને વારંટ કાઢવાને મુખત્યાર છે.

(૩) શાહેદોને આ પ્રમાણે હાજર કરાવવામાં થએલો ખર્ચ આપવા બાબતનું નિયમન, સબોર્ડીનેટ સીવીલ કોર્ટોમાં શાહેદોને હાજર કરાવવાના સંબંધમાં વખતે વખતે અમલમાં હોય તે કાનુનો પ્રમાણે કરવું.

ટીકા.

(૧) સમન આપવા—પોતાના સાક્ષીઓને હાજર કરાવવા સમન કઢાવવાનો દરેક જણુને હક્ક છે. સમન્સ કાઢવાની ના કહેવી એ કાયદા વિરૂદ્ધ છે. સમન્સ કાઢવાની અરજી સુનાવણીની તારીખ અગાઉ કોઇ પણ વખતે થઇ શકે. બાઇ કાલી. વિ. અબરખ. ઇ. લો. રી. ૧૫ મું. ૮૬

અરજદાર ઢીલ કરે અગર ચાંપતા ઇલાજ ન લે જેમકે સુનાવણીની તારીખ સુધી તે અરજ ન કરે તો કોર્ટ કેસ મુલત્વી રાખવાની ના પાડી શકે. પરન્તુ વાદીએ સાક્ષી રજુ કરવાનું માથે રાખ્યું હતું છતાં તેમને લાવી શકતો નથી એટલું કારણ માત્ર સુનાવણીની તારીખ અગાઉ માગેલ સમન્સ ના કાઢવા માટે પુરતું નથી. પાંડુરંગ વિ. કેશવજી ઈ. લો. રી. ૬ મું. ૪૪૨.

અરજી મોડી આવે તોપણ—તેથી સમન્સની યોગ્ય બજવણી કરી સાક્ષીઓને સુનાવણીને દિવસે હાજર કરવાનું અસંભવીત ન હોય તો, તે અરજ નામંજુર કરવી નહીં. રાજેન્દ્ર ઇ. લો. રી. ૩ કલ. ૫૭૯.

પ્રતિવાદીને સમન મોડો પહોંચ્યો હોય તો તેને પોતાના સાક્ષી રજુ કરવા વધુ મુદત આપવી જોઇએ. મુસા. સુલેમાન. પ્રી. જ. ૧૮૮૮ પાનું ૧૮૫.

સમન્સની બજવણી લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૯૦–૧૯૧ પ્રમાણે કરવી જોઇએ. સીવીલ પ્રોસીજર પ્રમાણે નહીં. લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૯૧–૧૯૨ નીચે પ્રમાણે છે:—

"૧૯૧. આ એક્ટ પ્રમાણે નોટીસ બજાવવા તે દરેક બીજી રીતનો ખસૂસ ઠરાવ ન હોય તો જે માણસ ઉપર બજાવવાની હોય તે માણસને અથવા જે માણસ ઉપર તે બજાવવાની હોય તેનો મૂખત્યાર હોય તો તે મૂખત્યારને તેની નકલ આપવાને કહાડીને અથવા આપીને બજાવવી જોઇએ.

નોટીસ બજાવવાની રીત.

અથવા સદરહું પ્રકારની નોટીસ જો જમીન બાબત હોય તે જમીન ઉપરની હરકોઇ પ્રસિદ્ધ જગાએ નોટીસની નકલ લગાડીને બજાવવી જોઇએ.

સદહું પ્રકારની નોટીસમાં લખેલાં કોઈ માણુસના નામમાં અથવા મુદ્દામાં કાંઇ ચુક હોવાથી ખરેખર ગેરઇન્સાફ થયો ન હોય તો તે ચુકને લીધે સદહું પ્રકારની કોઇપણ નોટીસ રદ થાય છે એમ સમજવું નહીં.

ચુક બાબત નોટીસ રદ થતી નથી.

૧૫૨. કાંઇ પદ્ધતિવાર અથવા સંક્ષેપ ચોકસીમાં શાહેદોએ હાજર થવું એવી કોઇ પક્ષકારની ઇચ્છા હોય તો દિવાની ઇન્સાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૧૬૦ મી કલમમાં કહેલી રીતે તેણે કામ ચલાવવું જોઇએ.

આ કાયદા પ્રમાણે કાઢવાના સમન્સ માટે પ્રોસેસ ફીનું ધોરણ નીચે મુજબ છે.

૧ દરેક સમન્સ અથવા નોટીસને માટે

(અ) એકજ પ્રતિવાદી, રીસ્પોન્ડન્ટ અથવા સાક્ષી માટે.........................રૂ. ૦—૩—૦

(બ) પ્રોસેસો જો એકજ વખતે માગવામાં આવે તો એકજ ગામમાં રહેનાર દરેક વધુ પ્રતિવાદી, રીસ્પોન્ડન્ટ અથવા સાક્ષી માટે.....................રૂ. ૦—૨—૦

નોટ—(૧) તાકીદનાં કરી માગેલાં તથા તે પ્રમાણે બજાવવા માટે હુકમ થયેલાં પ્રોસેસો માટેની ફી હમેશની ફીથી દોઢી પડશે.

(૨) જ્યાં એકજ સખ્સ ઉપર એક કરતાં વધારે સંબંધમાં—જેમ કે તેના પોતાના ઉપર તથા સગીર અથવા સગીરોના વાલિ તરિકે પ્રોસેસ બજાવવાનું હોય ત્યાં ફક્ત એકજ ફી લેવી.

સમન્સ બજાવનાર અમલદારોને પ્રોસેસ બજાવણી બાબત જે ફી ઉપજે તેમાંથી બદલો આપવો. ગ. રે. ન. ૪૭૦૨ તા. ૧૮—૮—૭૩.

(૨) **વારંટ કાઢવાની સત્તા**—મામલતદારની મુનસફી ઉપર રાખેલી છે. પક્ષકારો હક્ક તરીકે વારંટ માગી શકે નહીં. વારંટ કાઢતા પહેલાં હાજર ન થવાને પુરતું કારણ નથી એવી ખાત્રી થવી જોઇએ અને તેની ખાત્રીનાં કારણો લખીનેજ વારંટ કાઢી શકાય. મુદત પહેલાં એમ માનવા કારણ હોય કે સાક્ષી નાસી ગયો છે અગર તો સમન્સ અમાન્ય કરશે, તેટલા પરથી વારંટ કાઢવા સત્તા મળતી નથી. મામલતદાર વારંટ માત્ર એવા પ્રસંગે કાઢી શકે કે (૧) હાજર થવાનો સમન્સ બરોબર બજ્યો છે (૨) તે હાજર થવામાં નિષ્ફળ નીવડયો છે અને (૩) ગેરહાજર રહેવાનું પૂરતું કારણ બતાવ્યું નથી.

૬. **ખર્ચ આપવા બાબતનું નિયમન**— હાઇકોર્ટે સીવીલ સરકયુલર બુક કલમ ૨૧-૨૨-૨૩થી કરેલ છે. હાઇકોર્ટના તાબાની કોર્ટોમાં સાક્ષીઓને મુસાફરીનાં તથા બીજા ખર્ચ દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૬૦ તથા ૧૬૨ (હાલના સી. પ્રો.ની ઓર્ડર ૧૬ની રૂલ ૨ તથા ૪) મુજબ નીચેના દર પ્રમાણે આપવા:—

(अ) યુરોપીઅન અને ઇસ્ટ ઇંડીઅન સાક્ષીઓને જ્યારે ગાડી ખર્ચ દર માઇલે છ આના કરતાં વધારે ન હોય ત્યારે તેમને થયું હોય તેટલું ખર્ચ આપવું. વળી જો તેઓ માગે તો કોર્ટમાં હાજર થાય તેટલા વખત માટે દરરોજની ખોરાકીના વધુમાં વધુ રૂ. ૨-૮-૦ તેમને આપવા.

(ब) ઉંચા વર્ગના દેશી સાક્ષીઓ જેવા કે પટેલ, પાંઢરપેશા, વેપારીઓ, વકીલો, અને એ દરજ્જાને મળતા બીજા દરજ્જાના સાક્ષીઓને દરરોજની ખોરાકીના રૂ. ૦-૮-૦ થી રૂ. ૧-૦-૦ સુધી આપવા. અને કારીગરો અને એવાજ દરજ્જાના બીજા સાક્ષીને ૦-૬-૦ આપવા.

(क) ખેડુત અને નોકર વર્ગના દેશી સાક્ષીઓ જેઓ જ્યારે ઘરથી દૂર હોય છે ત્યારે સાધારણ રીતે ખાસ ઉતારાને માટે કાંઇ ખર્ચ ખુશીથી કરતા નથી તેમને દરરોજની ખોરાકી બદલ ૦-૪-૦ પ્રમાણે આપવાના છે.

(ड) (ब) અને (क) રકમોમાં બતાવેલા ઇસમોને રેલ્વે તથા બીજી મુસાફરીના ખર્ચ જે ખરેખરા થયા હોય તે જો વ્યાજબી હોય તો આપવા, જ્યારે કોર્ટમાં આવવા અને ત્યાંથી પાછા જવાનું રેલ્વે મારફત અથવા બીજા કોઇ વાહનથી ખર્ચ થયું હોય ત્યારે મુસાફરીમાં ખરેખરી રીતે થએલા વખતને માટેજ ખોરાકી આપવી; જ્યારે પગ રસ્તે મુસાફરી કરી હોય ત્યારે દરરોજની પંદર માઇલ પ્રમાણે મુસાફરી ગણવી અને તે પ્રમાણે ખોરાકી આપવી.

(इ) જે ખાસ બાબતોને માટે ઉપરના નિયમોમાં કાંઇ કહ્યું નથી તેમાં યોગ્યતા પ્રમાણે અને જે કોર્ટમાંથી ખોરાકી ખર્ચ માગવામાં આવે તે કોર્ટની મુનસફી પ્રમાણે અપાય.

(फ) જે સાક્ષીઓને પકડવાના વારંટથી લાવવામાં આવ્યા હોય તેમને હુકમનામાના દેણદારને જે દર પ્રમાણે ખોરાકી આપવામાં આવે છે તે દર પ્રમાણે આપવી.

સમન્સ માગનાર પક્ષકારે ઉપર લખેલા નિયમો પ્રમાણે મુસાફરીનું

ખર્ચ અને એક દિવસની ખોરાકીનું ખર્ચ કેટલી મુદતમાં ભરી દેવું તે સમન્સની અરજી વખતે કોર્ટ નક્કી કરશે, અને તે ખર્ચ આપ્યાથી સમન્સ તરત કાઢવામાં આવશે.

કોર્ટમાં હાજરી દરમ્યાન સાક્ષીઓને આપવાની ખોરાકી દરરોજ તેમને આપવી.

વાદી હાજર નહીં થાય તો ખર્ચ તનીઉપર નાંખીને ફર્યાદ અરજી કાઢી નાંખવી.

૧૬. (૧) નીમેલે દિવસે તથા જગાએ વાદી હાજર થવાને અથવા પોતાના દસ્તાવેજ હોય તો તે રજુ કરવાને અથવા પોતાના શાહેદો હોય તો તેમને હાજર કરાવવાની તજવીજ કરવાનું ચુકશે, તો મામલતદારે પ્રતિવાદી હાજર થાય કે ન થાય તોપણ પ્રતિવાદી દાવો કબુલ કરે તે સિવાયના પ્રસંગે, ફર્યાદ અરજી ખર્ચ સુદ્ધાં કાઢી નાંખવી.

પ્રતિવાદી હાજર ન થાય તો મુકદ્દમાની એક તરફી ચોકસી કરવી.

(૨) કલમ ૧૪ પેટા કલમ (૧) માં ફરમાવ્યા પ્રમાણે વાદી હાજર થાય પણ પ્રતિવાદી હાજર ન થાય અને પ્રતિવાદી ઉપર યોગ્ય રીતે નોટીસ બજાવી છે અને નોટીસમાં ઠરાવેલે દિવસે પ્રતિવાદી હાજર થઇ શકે તથા જવાબ દઇ શકે એવા પુરતા વખતમાં તે બજાવી છે એવી પોતાના આગળ પડેલા પુરાવા ઉપરથી મામલતદારની ખાત્રી થાય તો તેણે ફર્યાદ અરજીની એકતરફી ચોકસી કરીને નીકાલ કરવો.

પણ પુરતું કારણ દેખાડવામાં આવે તો મુકદ્દમાની ફરી ચોકસી કરવાનો અધિકાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે પેટા કલમ (૧)ની રૂએ ફર્યાદ અરજી કાઢી નાખ્યાની અથવા પેટા કલમ (૨) પ્રમાણે એકતરફી નીકાલ કર્યાની તારીખથી ૩૦ દિવસમાં કોઇ પણ વખતે એમાંનો કોઇ પક્ષકાર હેઠળ લખ્યા પ્રમાણે મામલતદારની ખાત્રી કરશે, એટલે પ્રસંગ પ્રમાણે કાંઇ લાચારીની હકીકતથી મારાથી હાજર થવાયું નહીં અથવા મારા શાહેદો હાજર કરી શકાયા નહીં એવી ખાત્રી કરશે તો, મામલતદારને અરજદારને ખર્ચે પ્રતિપક્ષકાર ઉપર બ પરિશિષ્ઠ નમુના પ્રમાણેની નોટીસ કરવાનો, અને પ્રતિપક્ષકારનું કહેવું સાંભળ્યા પછી અરજદાર કહે છે તે પ્રમાણે તેને હાજર રહેવામાં ખરેખરો અટકાવ થયો હતો એવી પોતાની ખાત્રી થાય તો પોતે તે વખતે ઠરાવે તે જગાએ તથા વખતે તે મુકદ્દમાની ફરી ચોકસી કરવાનો અધિકાર છે.

વળી એવું ઠરાવ્યું છે કે વાદીને પ્રતિવાદીનો ખર્ચ આપીને પોતાની ફર્યાદ પાછી ખેંચી લેવાનો ઉપરના કોઇ પણ ઠરાવો ઉપરથી બાધ આવતો નથી.

અથવા વાદીને પોતાની ફર્યાદ પાછી ખેંચી લેવાને અધિકાર છે.

ટીકા.

(૧) ખાત્રી થાય—આ કાયદા પ્રમાણેનાં પ્રોસીડીંગ સંક્ષીપ્ત છે તેથી સમનની બરોબર બજવણી નહીં થવાના સબબે અન્યાય ન થાય તેની પુરતી સંભાળ રાખવી જોઇએ. ખાત્રીનું ધોરણ મામલતદારની મુનસફી ઉપર રાખેલું છે. તે મુનસફી દરેક કામમાં વ્યાજબી રીતે વાપરવી જોઇએ. દી. કા. ની કલમ ૮૦–૮૨ પ્રમાણે થએલ બજવણી બરોબર થઇ છે એવી મુનસફી વાપરે તો તે કાયદેસર નથી. ગ. રે. ૧૭૦૭. તા. ૯–૩–૯૩.

ખાત્રી પુરાવાથી થવી જોઇએ—નીચેના કેસમાં મામલતદારે અરજદાર સામે એકતરફી હુકમનામું કર્યું અને ઠરાવમાં રીમાર્ક કરી કે પ્રતિવાદી ઉપર નોટીસ "યોગ્ય રીતે" બજેલી છે. પરંતુ હુકમનામું થયા પછી સુમારે એક વર્ષ પછી જ્યારે ખર્ચના હુકમની બજાવણીમાં અરજદારનો પાક જપ્તીમાં લેવામાં આવ્યો અને તે ઉપરથી જ્યારે અરજદારે પોતાના ઉપર નોટીસ બજ્યાનો દફતરમાં જે કંઇ પુરાવો હોય તેની નકલ માગવા અરજ કરી ત્યારે મામલતદારે જવાબ આપ્યો કે—દફતર તપાસતાં જણાય છે કે નોટીસ બજાવવા મોકલ્યાનો તેમાં પુરાવો છે પરંતુ તે બીજી છે એમ જણાવનાર તેમાં કંઇ પણ નથી, દફતરમાં નોટીસ ન હતી તેમ તેમાં એવો કંઇપણ પુરાવો ન હતો કે જેથી નોટીસ બજ્યાની મામલતદારની ખાત્રી થઇ શકે. આ હકીકતમાં ઠરાવ્યું કે મામલતદારે કામ એક તરફી ચલાવવામાં વ્યાજબી કર્યું નથી. ફકી અબદુલ વિ. ફકી કમરૂદીન પ્રી. જ. ૧૮૯૦ પાનુ ૨૫૧.

પ્રતિવાદી સાબીત કરે કે તેને સમન્સ બજ્યો નથી તો પણ તે બજવણી બરોબર થઇ છે એમ ગણી શકાય નહીં. (આનંદમયી ડોસી વિ. આનંદસુંદર મજમુદાર ૧૩ વિ. રી. ૨૩૭) જો હાજર થવાને પુરતો વખત મળી શકયો ન હોય તો બજવણી બરોબર થએલી ગણાય નહીં. શેખઅવલ વિ. શેખ અબદુલ કરીમ ૧૮ વી. રી. ૧૪૧.

ગેરવ્યાજબી રીતે બજાવ્યો હોય તો તે બજવણી બરોબર ગણાય નહીં. ચન બસાપ્પા વિ. મનીનાબ્બા ૭ મું. હા. કો. રી. ૧૩૯.

એક સમન્સ કાઢયો અને તે પ્રતિવાદીઓ પૈકી એકને ઘેર તેમની જાત ઉપર બજાવણી કરવાનો પ્રયત્ન કર્યા સિવાય ચોઢયો હતો. તેમાં ઠ. રાવ્યું કે કેસ ફરી ફાઇલમાં લેવાને પુરતું કારણ છે શીઓરાય વિ. કાબા-રાય ૨૫ વિ. રી. ૩૯૪.

ચીમીએ તા. ૫-૩-૯૭ના રોજ આ કાયદા પ્રમાણે દાદ મળવા દાવો કર્યો. મામલતદારે પોતાના હાથે તા. ૨૦ માર્ચની મુદત ઠરાવી. સમન્સ તૈયાર કરનારે તેને બદલે તા. ૨૭મી વાંચી. મામલતદારે એક પ્રતમાં સુધારો કર્યો પણ બીજી પ્રત સુધારો કર્યા સિવાય મોકલી તા. ૨૦મીએ કોઇપણ હાજર ન થયું તેથી દાવો કાઢી નાંખ્યો, ચીમી તા. ૨૭ માએ જ્યારે પોતાના સાક્ષી સાથે હાજર થઇ ત્યારે ખબર પડી કે તેનો દાવો નીકળી ગયો છે રીવીઝનની અરજ કરવા તેને કહેવું એ તે બાબતનો ખર્ચ કરવા તે અશક્ત હોવાથી ઠીક નથી એમ કહી કલેકટરે આ કેસમાં હાઇકોર્ટને રેફરન્સ કર્યો જે પરથી હાઇકોર્ટે જોકે સાધારણ રીતે પક્ષ-કારની અરજ સિવાય કલેકટરના રેફરન્સથી મામલતદાર્સ એકટ મુજબના કંઇપણ હુકમ ન કરવા એવું ધોરણ છે તો પણ આ કામમાં મુશ્કેલી અને મામલતદારની ભૂલનો સવાલ હોવાથી મામલતદારનો ઠરાવ રદ કર્યો અને પક્ષકારોને યોગ્ય નોટીસ આપી કેસ સુનાવણી ઉપર લેવા હુકમ કર્યો ચીમીમર્દ કુશા વિ. ભીમાયા વલદ રામજી પ્રી. જ. ૧૮૯૮ પાનુ ૪૦.

(૨) **એકતરફી ચોકસી**—ઘણા પ્રતિવાદીઓ પૈકી **અ** નામના પ્રતિવાદીના મૂખત્યારને હાજર રહેવાની પરવાનગી આપવા મામલતદારે ના પાડી તેમ વકીલ લાવી હાજર કરવા માટે મૂલતિવ રાખવાની પણ ના પાડી અને સઘળા પ્રતિવાદી સામે હુકમનામું કર્યું. ફરી ફાઇલે લેવા અરજ કરતાં મામલતદારે ઠરાવ્યું કે તે એકતરફી હુકમનામું નથી. રીવી-ઝનમાં હાઇકોર્ટે ઠરાવ્યું કે **અ** વિરૂદ્ધનું હુકમનામું એકતરફી છે અને તેથી તે ફરી ચોકસી કરવા અરજ કરી શકે છે. જાનકીબાઇ વિ. ગણેશભટ પી. જ. ૧૮૯૦ પાનુ ૩૨૯.

(૩) **ફરી ચોકસી**—પેરા ૧ પ્રમાણે દાવો કાઢી નાખ્યો હોય તો ફરી ચોકસી માટે આ પેરેગ્રાફમાં બતાવ્યા મુજબનાં કારણ હોવાની ખાત્રી કરી આપવી જોઇએ.

આ એકટ પ્રમાણેનાં કામોને દી. કા. ની કલમ ૯૯ (હાલના સી. પ્રો. ની ઓર્ડર ૯ ની રૂલ ૪) લાગુ પાડી શકાય નહીં. એટલે ફરી દાવો

લાવી શકાય નહીં તેમ આ કાયદામાં બતાવ્યા સિવાયના બીજા ઉપાય લઇ શકાય નહીં. ગુલાબભાઇ વિ. કરસનજી. પ્રી. જ. ૧૮૯૭ પાનુ ૧૪૯

લાચારીની હકીકત—મારજીનમાં "પુરતુ કારણુ" શબ્દો વાપર્યા છે પરંતુ બન્ને શબ્દોના અર્થમાં ફેર છે. **મારજીનના શબ્દો કાયદાનો ભાગ છે એમ કહી શકાય નહીં.** ઇં. લો. રી. ૨૩ કલમ ૫૫ "પુરતુ કારણુ" એ શબ્દોમાં "લાચારીથી હકીકત" નો સમાસ થાય છે. પરંતુ દરેક પુરતા કારણુનો લાચારીની હકીકતમાં સમાવેશ થતો નથી. અને તેથી અરજદારે " લાચારીની હકીકત " બતાવી આપવી જોઇએ, જેવી કેઃ—બિમાર હતો, નદીમાં પુર આવ્યું હતું, રેલ્વે અકસ્માત થયો હતો. વિગેરે દી. કા. ની કલમ ૧૦૮ (હાલના સી. પ્રો. નો ઓર્ડર ૯ ની રૂલ ૧૩) મુજબ જેટલી છુટથી અખત્યાર વાપરી શકાય તેટલી છુટથી આમાં વાપરી શકાય નહીં.

વાદી સુનાવણીના દિવસે કોર્ટમાં હાજર થયો પણ સુનાવણી પર લેતા અવલ પ્રતિવાદી હાજર થયો નથી એમ સમજી પોતાની ખુશીથી ચાલ્યો ગયો. બાદ તેણે ફરી ફાઇલમાં લેવા અરજ કરી, તેમાં જણાવ્યું કે તે મુજબ તે કોર્ટમાંથી ગયા પછી, તેનો પગ ભાગી ગયો હતો. આ પરથી મામલતદારે કેસ ફરી ફાઇલમાં લેવા હુકમ કર્યો. હાઇકોર્ટે ઠરાવ્યું કે તે સુનાવણીના દિવસે હાજર થયો હતો અને પોતાની ખુશીથી ચાલ્યો ગયો એટલે સુનાવણી વખતે લાચારીની હકીકત નહોતી તેથી ફરી ફાઇલે લેઇ શકાય નહીં. ગોટેલ મેરૂ વિ. વલીવીસ્તા. પ્રી. જ. ૧૮૮૮ પાનુ ૨૧૯.

કામ મુલતિવ રાખવાનો ક્યારે અધિકાર છે.

૧૭. (૧) જ્યારે ૧૬ મી કલમની પેટાકલમ (૨) માં લખેલે પ્રસંગે મામલતદારની પોતાની આગળ પડેલા પુરાવા ઉપરથી પ્રતિવાદી ઉપરની નોટીસ યોગ્યરીતે અને તેમાં લખેલે દિવસે તથા જગાએ પ્રતિવાદી હાજર થઇને જવાબ દઇ શકે એટલી પુરતી મુદતની અંદર બજાવવામાં આવી છે એવી ખાત્રી ન થાય ત્યારે, તેણે તે મુકદમાનું કામ મુલતિવ રાખવું. અને પ્રતિવાદી ૧૪ મી કલમની પેટાકલમ (૧) પ્રમાણે નવી નોટીસ કાઢવી.

(૨) જે શાહેદને યોગ્ય રીતે સમન કર્યો હોય અથવા જેને પકડવા માટે ૧૫ મી કલમની પેટાકલમ (૨) ની રૂએ વારંટ કહાડયું હોય તે ઠરાવેલે દહાડે તથા જગાએ હાજર થવાને ચુકશે તો મામલતદાર હાજર

હોય તે લોકોની શાહેદી ઉપરથી પોતાને એમ દેખાય કે તેમ કરવા સારૂ પુરતું કારણ છે તો તે શાહેદને જબરાઇથી હાજર કરવામાં આવે ત્યાં સુધી ફર્યાદની ચોકસી કરવાનું કામ વખતો વખત મૂલતિવ રાખવાને મુખત્યાર છે.

(૩) મામલતદાર બીજા કોઇ પણ પુરતા કારણસર (આ કારણ તેણે લખી રાખવાં) એવા કામનો ઇનસાફ પોતાને યોગ્ય લાગે તેટલી મુદ્દત સુધી મુલતિવ રાખવાને મુખત્યાર છે.

(૪) આ કલમ પ્રમાણે જે તારીખ ઉપર કામ મૂલતિવ રાખ્યું હોય તે તારીખ તે ચોકસી સારૂ મૂળની ઠરાવેલી તારીખ હોય તે પ્રમાણે તે તારીખને ૧૫ મી તથા ૧૬ મી કલમોનો ઠરાવ લાગુ થશે.

ટીકા.

જૂના કાયદાની કલમ ૧૪ મીના બદલે આ કલમ છે. મૂલતિવ રાખવા સંબંધમાં આ કલમથી જરા વધારે અખત્યાર આપવામાં આવ્યો છે. પરંતુ તેમ કરવાનો હેતુ લંબાણ થતું અટકાવવાનો છે.

કલોઝ (૧) અને (૩) નવાં છે. બીજા અને ચોથામાં સાધારણ સુધારો કરવામાં આવ્યો છે.

જુના કાયદામાં પ્રતિવાદી પરની નોટીસ વખતસર ન બજી હોય તો મૂલતિવ રખાય કે કેમ? તે સ્પષ્ટ નહોતું. આ કલમ દીવાની કાયદાની કલમ ૧૦૦ ની રકમ (સી) ને મળતી છે.

(૧) કલોઝ (૧) ના પ્રસંગે મૂલતિવ રાખવું એ મામલતદારની ફરજ છે.

(૨) કલોઝ (૨) (૩) ના પ્રસંગે મૂલતિવ રાખવું કે નહીં. તે મામલતદારની મુનસફી ઉપર છે.

કલોઝ (૧) અને (૨) સિવાયના પ્રસંગે મૂલતિવ રાખવાનાં કારણ લખવાં જોઇએ.

---

૧૮. (૧) જો એકાદા સગીરનો કુદરતી અથવા યોગ્ય રીતે નીમાયલો વાલી હોય તો તેને ફર્યાદ કરવાનો અથવા તેના ઉપર ફર્યાદ કરવાનો અધિકાર છે.

સગીરને પક્ષકાર કરવાનો અધિકાર છે.

(૨) મામલતદાર, કામ ચાલતું હોય ત્યારે કોઇ પણ વખતે જે સખસને દાવો કરેલી મીલકતનો અથવા ઉપયોગનો અથવા એના કોઇ પણ ભાગનો કબજો અથવા ભોગવટો તબદીલ કરી આપ્યો હશે તે સખસનું નામ, અથવા મુદ્દાનો પરિપૂર્ણ રીતે અને ઉત્તમ રીતે ઠરાવ કરવાનું કોર્ટને બની આવે તેટલા માટે, જેને પક્ષકાર તરિકે દાખલ કરવાની જરૂર હોય તે સખસનું નામ, તે મુકર્દમાની હકીકત ઉપરથી, જરૂર હોય તે પ્રમાણે, વાદી અથવા પ્રતિવાદી તરિકે દાખલ કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે કોઇ પણ સખસને તેની સંમતિ વગર વાદી તરિકે દાખલ કરવો નહીં.

વળી એવું ઠરાવ્યું છે કે, ફરિઆદ ચાલતી હોય તે દરમ્યાન જેને નામે મીલકત વિગેરે તબદીલ કરી આપી હોય તેવા સખસ સિવાયના બીજા જે સખસનું નામ સદહું પ્રમાણે ઉમેર્યું હોય તેની બાબતમાં સદહું ફર્યાદ ૫ મી કલમની પેટા કલમ (૩) નાં કારણ સારૂ એવા સખસનું નામ જે તારીખે ઉમેર્યું હોય તે તારીખે માંડવામાં આવી છે એમ સમજવું.

પક્ષકારનું મરણ થાય તે પ્રસંગે કામ ચલાવવાની રીત.

(૩) ફર્યાદ ચાલતી હોય તે દરમ્યાન કોઇ પણ પક્ષકાર મરણ પામે તે પ્રસંગે—

(૧) એવા મરણની તારીખ પછી એક મહિનાની અંદર અરજી કરવામાં આવે તો મામલતદારે મૈયત પક્ષકારનો કાયદાસર વારસ વકીલ કોણ છે તે સંક્ષીપ્ત ચોકસી કરીને ઠરાવવું, અને એવા વારસ વકીલનું નામ દફતરમાં તેણે દાખલ કરવું.

(૨) જો એવી અરજી કરવામાં ન આવે તો, તે ફર્યાદ બંધ પડશે.

(૪) જ્યારે મામલતદાર કોઇ પણ સખસનું નામ પ્રતિવાદી તરિકે ઉમેરવાનો હુકમ કરે અથવા મૈયત પ્રતિવાદીના વારસ વકીલ તરિકે કોઇ પણ સખસનું નામ દફતરમાં દાખલ કરે ત્યારે, તેણે એવા સખસ ઉપર ૧૪ મી કલમમાં ઠરાવ્યા પ્રમાણેની નોટીસ કહાડવી, અને ઇનસાફનું કામ એવી નોટીસમાં લખેલે દિવસે ચાલશે.

ટીકા.

૧ સગીર એટલે સને ૧૮૭૫ ઇંડીઅન-મેજોરીટી એકટ પ્રમાણે જે પાકી ઉમ્મરનો ગણાતો નથી તેવો સખસ; સદહું એકટની કલમ ૩ સને

૧૮૯૦ ગાર્ડીઅન અને વૉર્ડના કાયદાની કલમ ૫૨ થી સુધર્યા મુજબ નીચે પ્રમાણે છે.

વાલી એટલે સગીરની જાતની અથવા મીલકતની અથવા બન્નેની સંભાળ રાખનાર સખસ.

વાલીના પ્રકાર, ૧ કુદરતી, ૨ વીલથી નીમેલા અથવા ૩ દીવાની કોર્ટે અગર કોર્ટ ઑફ વૉર્ડઝે નીમેલા એક હિંદુ સગીરના કુદરતી વાલી એકના અભાવે બીજો એમ ક્રમવાર નીચે પ્રમાણે છે.

૧ બાપ, ૨ મા, ૩ મોટા ભાઇ, ૪ બાપના તરફના નજીકના સગા અને ૫ મા તરફના નજીકનાં સગાં મેન હિંદુ. લો. આટ્ટ. ૨ પાનુ ૮૫૧.

એક હિંદુ પિતા વીલથી વાલીપણું આપી શકે છે. વી. રી. ૭૩ તે પોતાનાં સગીર છોકરાંના વાલી તરિકે તેમની મા હોવા છતાં પણ બીજાને નીમી શકે છે. ઈ. લો. રી. ૨૧ મદ્રા. ૪૦૧

ઉપર જણાવેલ કુદરતી સિવાય બીજા બે પ્રકારના વાલી તે યોગ્ય રીતે નીમાએલા વાલી છે.

(૩) **અધીકાર**—આ કલોઝથી જેને કુદરતી અગર યોગ્ય રીતે નીમાએલા વાલી હોય તેવા સગીરની વતી અગર તેના વિરૂદ્ધ દાવા કરવાની સત્તા સ્પષ્ટ થાય છે. દત્તાત્રય વિ. વામન ઇ. લો. રી. ૨૧ મું ૮૮ પ્રી. જ. ૧૮૯૫ પાનુ ૩૪૯ અને સીદાપા વિ. નૃસિંહાચાર્ય પ્રી. જ. ૧૮૯૬ પાનુ ૭૨૭ માં આ બાબત જે મુસ્કેલીઓ લાગી હતી તે હવે દૂર થઇ છે. સૈઅદ સૈફઉલ્લા વિ. હાજી. ઇ. લો. રી. ૨૪ મું. ૨૩૮ ના કામમાં ઠરાવ્યું હતું કે—સગીરની વતી અથવા સગીરની વિરૂદ્ધ ફર્યાદ ચાલી શકે. સગીરની વતી તેની મા મામલતદારની કોર્ટમાં કબજા બાબતનો દાવા લાવી શકે, વકીલ નીમી શકે અને તે વકીલ સહી અને ખરાપણાનો ઇકરાર કરી શકે. એ કેસમાં દત્તાત્રય વિ. વામન. ઇ. લો. રી. ૨૧ મુ. ૮૮ માં ઠર્યા પ્રમાણે ચાલવામાં આવ્યું હતું.

તા. ૮-૬-૧૮૮૭ ના ગ. રે. થી જણાવવામાં આવ્યું હતું કે— પ્રતિવાદી સગીર હોય ત્યારે મામલતદાર કોઇ પણ લાયક માણસ કે જે સગીર પ્રતિવાદીનો કામ પુરતો વાલી થવા ખુશી હોય તેને વાલી નીમી શકે છે.

૪ વાદી અથવા પ્રતિવાદી તરિકે દાખલ કરવાનો હુકમ— કામ ચાલતાં ત્રીજાને કબજો સોંપવામાં આવે અને તેની પાસેથી કબજો

મેળવતાં ઢીલ ન થાય અથવા મુસ્કેલી ન નડે તે સારૂ પક્ષકાર તરિકે ઉમેરવાની છુટ આ કલમ આપે છે. આ નીયમ દી. કા. ની કલમ ૩૨ (ઓર્ડર ૧ ની રૂલ ૮ (૨) અને ૧૦ (૨) ને મળતો છે. આ કલમમાં બીન જરૂરી પક્ષકાર દાખલ કરેલ હોય તો તેમને કમી કરવાની સત્તા આપી નથી. પક્ષકાર ગમે તે વખતના પ્રોસીડીંગથી વધારી શકાય છે. જેને પક્ષકાર તરિકે ઉમેરવાનો છે, તેને જે મીલકતનો કબજો ભોગવટો માગ્યો હોય તે તબદીલ કરેલી હોવી જોઇએ, અથવા કેસના મુદ્દા ચુકાવવા માટે જેની હાજરીની જરૂર પડે તેવો હોવો જોઇએ. તબદીલ કર્યા સિવાયના બીજા સખસોને પક્ષકાર તરિકે ઉમેર્યા હોય તો તેમના સંબંધમાં મુદતને માટે તેમને ઉમેર્યાની તારીખેજ દાવો દાખલ થયો ગણાય. કાળીદાસ વિ. નથુ ઇ. લો. રી. ૬ મું. ૨૧૭ આવા પ્રસંગે રામસેબક વિ. રામલાલ. ઈં. લો. રી. કલ. ૮૧૫ ગુરૂવાયા વિ. દત્તારાય. ઈં. લો. રી. ૨૮ મું ૧૧ ના કેસોમાં જણાવેલા મુદતના નિયમો લાગુ પડે છે.

આ કલોઝથી બળવંત વિ. અંબાબાઇ પ્રી. જ. ૧૮૯૧ પાનુ ૩૫૦ નો ફેંસલો જેમાં ઠરાવ્યું હતું કે મામલતદારને પક્ષકાર વધારવા સત્તા નથી, તે નિરૂપયોગી થાય છે.

૫. ૮ર્યાદ ચાલતાં પક્ષકાર મરણ પામે તે પ્રસંગે દી. કા. ના બાબ ૨૧ (હાલના ઓર્ડર ૨૨) નું ધોરણ આ સંબંધમાં છે. ફેર એટલોજ છે કે જ્યારે તે કાયદામાં મરનાર પક્ષકારની જગાએ નામ દાખલ કરવાની અરજ છ માસની અંદર થઇ શકે છે ત્યારે આ કાયદા પ્રમાણે માત્ર એક માસની અંદર કરવી જોઇએ.

આ કલોઝથી ગણપત વિ. રણછોડ ઇં. લો. રી. ૧૭ મુ. ૬૪૫ નો કેસ રદ થાય છે.

ચોકશી વખતે મામલતદારે જે વાતોનો નિકાલ કરવાનો તે.

૧૯ (૧) નીમેલે દહાડે અથવા જે દીવસ ઉપર કામ મુલત્વી રાખ્યું હોય તે દાહાડે મામલતદારે, ૧૬ મી કલમના ઠરાવોને પાત્ર, પોતાની રૂબરૂ જે પુરાવો ત્યાંને ત્યાં હોય તે સઘળો સાંભળવો તથા હેઠળ લખેલા મુદ્દાઓનો ઇન્સાફ કરવા માંડવું, એટલે:—

(અ) જો વાદી એમ કહેતો હશે કે મારો અમુક મિલકતનો કબજો ગેરકાયદેસર રીતે તોડવામાં આવ્યો છે અથવા અમુક ઉપયોગ કરવાનું છીનવી લેવામાં આવ્યું છે તો:—

(૧) દાવો કરેલી મિલકતનો અથવા ઉપયોગનો કબજો અથવા ઉપભોગ વાદીની પાસે અથવા તેની વતી કોઇ માણસની પાસે અથવા જેની મારફત તે દાવો કરતો હોય તેની પાસે ફરિયાદ દાખલ થયાની અગાઉના છ મહિનાની અંદર કોઇપણ વખતે હતો કે કેમ;

(૨) ફરીયાદની વખતે પ્રતિવાદીનો કબજો છે કે કેમ, અને હોય તો, તેણે તે કબજો કાયદા પ્રમાણે યોગ્ય રીતે કામ ચલાવ્યા વગર બીજી રીતે લીધો છે કે કેમ;

(બ) જો વાદી એમ કહેતો હશે કે, અમુક મિલકત બાબત અથવા ઉપયોગ બાબત પ્રતિવાદીનો સત્તાપ્રકાર અથવા બીજો હક્ક પુરો થયાને લીધે તે મિલકતનો કબજો કરવાનો અથવા તે ઉપયોગ કરવાનું પાછું મળવાનો મારો હક્ક છે, તો

(૧) વાદી પાસેથી અથવા જે માણસની મારફતે વાદી દાવો કરતો હોય તે માણસ પાસેથી પ્રાપ્ત થયેલા હક્કથી તે મિલકતનો કબજો અથવા તે ઉપયોગનો ઉપભોગ પ્રતિવાદી કરે છે કે કેમ;

(૨) ફરિયાદ દાખલ કર્યાની અગાઉના છ મહીનાની અંદરના હરકોઇ વખતે એવો હક્ક પુરો થયો છે કે કેમ;

(૩) સદરહુ પ્રતિવાદી માણુસ દાવો કરેલી મિલકતનો અથવા ઉપયોગનો ફરિયાદ માંડયાની અગાઉનાં બાર વર્ષની મુદતની અંદર અગાઉનો ધણી અથવા અંશતઃ ધણી હોય તે માણુસ શીવાય તથા એવા અગાઉના ધણી અથવા અંશતઃ ધણીના કાયદેસર વારસ વકીલ શિવાય બીજો કોઇ માણુસ છે કે કેમ;

(ક) જો વાદી એમ કહેતો હશે કે તે મિલકતનો કબજો અથવા ઉપયોગનો ઉપભોગ હજુ સુધી મારી પાસે છે, પણ મારા કબજાને અથવા ઉપયોગને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરવાનો તેણે યત્ન કર્યો છે તો:—

(૧) દાવો કરેલી મિલકતનો અથવા ઉપયોગનો કબજો અથવા ઉપભોગ વાદીની પાસે અથવા તેની વતી કોઇપણ માણુસની પાસે ખરેખર છે કે કેમ;

(૨) તેના સદરહુ પ્રકારના કબજાને અથવા ઉપભોગને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે કે કેમ અથવા પ્રતિવાદીએ હરકત અથવા અડચણ કરવાનો યત્ન કર્યો છે કે કેમ;

(૧) ફરિયાદ દાખલ થયાની અગાઉના છ મહિનાની અંદર, સદરહુ પ્રકારની હરકત અથવા અડચણ પ્રથમ શરૂ થઈ કે કેમ.

બીજા સાહેદોની જબાની લેવાનો તથા તકરારી મીલકત જોવાનો મામલતદારનો અધિકાર.

(૨) મામલતદારને તેમ કરવું ન્યાયનાં કારણસર યોગ્ય લાગે તો તેને, પક્ષકારોને યોગ્ય નોટીસ આપીને તથા તેમની સમક્ષ, જે કોઈપણ શખસને સમન કર્યો ન હોય અથવા હાજર કર્યો ન હોય તે શખસને સાહેદ તરીકે સમન કરીને તેની જબાની લેવાનો અને જે દસ્તાવેજ એમાંના એકે પક્ષકારે માગ્યો અથવા હાજર કર્યો ન હોય, તે માગવાનો અને સાબિત કરવાનો અધિકાર છે, અને પોતાને યોગ્ય લાગે તો, તકરારી મિલકત પક્ષકારની રૂબરૂ અથવા તેમને યોગ્ય નોટીસ આપ્યા પછી જાતે જઈને તપાસવાનો અધિકાર છે.

મામલતદારે ચલાવેલા કામની નોંધ.

(૩) મામલતદારે, દરેક સાહેદની જબાની લેવાતી જાય તેમ તેની જબાનીની મતલબનું પોતાને હાથે ટાંચણ કરવું અથવા તે ઉપર સહી કરવી, અને પોતાના ઠરાવનાં કારણો ટુંકમાં લખવાં.

વાદીની તથા પ્રતિવાદીની તરફેણમાં થયેલા નીકાલ ઉપર મામલતદારે કરવાના હુકમ.

(૪) સદરહુ મુદ્દા બાબતનો મામલતદારનો ઠરાવ વાદીની તરફેણમાં હોય ત્યારે, મુકદ્દમાની હકીકત પ્રમાણે જે હુકમ કરવાનું મામલતદારને અવશ્ય લાગે અને જે પોતાની ૫ મી કલમની રૂએ મળેલા અધિકારની બહાર ન હોય તે હુકમ તેણે કરવો; અને તેનો ઠરાવ પ્રતિવાદીની તરફેણમાં હોય ત્યારે તેણે ફરિયાદી કાઢી નાંખવી. સદરહુ બે પ્રસંગો પઈકી કોઈપણ પ્રસંગે ફરિયાદનો ખરચ, બજાવણીના ખરચ સુદ્ધાં, જેના વિરૂદ્ધ નિકાલ થાય તેણે આપવો.

ટીકા.

આ કલમ જુના કાયદાની કલમ ૧૫ ને બદલે છે પરંતુ સુધારો વધારો કરવામાં આવેલ છે.

પેટા કલમ (૨) નવીન દાખલ કરવામાં આવેલ છે અને તેથી મામલતદારને પક્ષકારોએ નહીં બોલાવેલ શાહેદો લેવાનો, પક્ષકારોએ નહીં રજુ કરેલા દસ્તાવેજો જોવાનો તથા તકરારી મીલકત જોવાનો અખત્યાર આપવામાં આવેલ છે.

હેઠળ લખેલ મુદ્દાઓનો—આ કલમમાં લખેલ મુદ્દાઓને વળગી-નેજ મામલતદારે ઇન્સાફ કરવાનો છે. એમાં જણાવ્યા સિવાયના બીજા કોઇપણ હકીકતના મુદ્દામાં તે ઉતરી શકે નહીં કારણ કે આ એક્ટ પ્ર-માણેની ચોકસી. લેન્ડ રેવન્યુ કોડની ક. ૧૯૫ મુજબ સંક્ષીપ્ત ચોકસી છે. નાગર વિ. જગન. પ્રી. જ. ૧૮૯૧ પાનુ ૧૯૩.

પ્રતિવાદી દાવો કબુલ કરે અગર તેનું સમાધાન થયું હોય તો પણ મુદ્દા કહાડી ઠરાવ લખવો એ વાસ્તવીક છે.

મુદ્દા સુધરી શકે—એકવાર કલોઝ (ક) પ્રમાણે કાઢેલા મુદ્દા સુધારી જરૂર જણાય તો તેને બદલે કલોઝ (અ) પ્રમાણેના મુદ્દા ઠરાવી શકાય—દાખલા તરિકે અ એ મામલતદારની કોર્ટમાં બ ના વિરૂદ્ધ, પોતાના કબ-જાના ખેતરમાં હરકત ન કરવાનો મનાઇહુકમ મેળવવા માટે દાવો કર્યો પણ પ્રોસેસ કહાડયા પછી અને સુનાવણી થતા પહેલાં બ પાક કાપીને ખેતરમાંથી લઇ ગયો. મામલતદારે એવા પ્રસંગે દાવાઅરજી સુધારવા દેવી જોઇએ. ગ. રે. નં. ૩૦૮ તા. ૧૩-૧-૧૮૮૭

લેખી કેફીઅત—આ કાયદામાં લેખી કેફીઅત આપવી જોઇએ એવો કોઇ ઠરાવ નથી. સામાન્ય રીતે મામલતદારે પ્રતિવાદી અગર તેના પ્રતિ-નીધીની જુબાનીથી બચાવ નક્કી કરવાનો છે. છતાં જો તેવી લેખી કેફી-અત રજુ થાય તો તે ઉપર કંઇપણ કોર્ટફીની જરૂર નથી. (માજી રાજબા વિ. નરોતમ.) ઇ. લો. રી. ૧૩ મું. ૯૭૧ પરંતુ જો તે એક અરજીના રૂપમાં હોય તો તેના ઉપર સ્ટાંપ ચોઢવો જોઇએ. ગ. રે. નં. ૧૨૫૭ તા. ૧૧—૨—૮૫.

કલોઝ (અ) બીજીવારનો કબજો પડાવી લેવો—એકવાર કબજો પડાવી લીધેલો તે બાબત મામલતદારે કબજાનું હુકમનામું કરી આપેલું. આ હુકમનામા પ્રમાણે કબજો મેળવવાની તજવીજ કરતાં બીજાઓ તરફથી હરકત થઇ તેથી વાદીએ પ્રથમ કબજો તૂટયાની તારીખથી એક માસની અંદર તેમના વિરૂદ્ધ, બીજો કબજાનો દાવો આણ્યો. મામલતદારે મુદ્દા કાઢી, એવા કારણથી દાવો કાઢી નાંખ્યો કે બીજી વખતનો કબજો તોડ વામાં આવ્યો ત્યારે વાદીનો કબજો હતો નહીં. આમ કરતાં તેણે વાદીનો પુરાવો લીધો નહીં તેમ તેના સાક્ષીઓ તપાસ્યા નહોતા. હાઇકોર્ટે આ હુકમ રદ્દ કર્યો અને ફરી કામ ચલાવવા હુકમ કર્યો. (વીરાટપા વિ. વીર ભદ્રાપા.) પ્રી. જ. ૧૮૯૬ પાનું ૫૪૨.

ગીરો રાખનારનો કબજો—તે આ કલમ પ્રમાણે-ગીરો આપનાર તરફથી કબજો નથી અને તેથી આ કલમ પ્રમાણે તે ઉપર મામલતદારને હકુમત પ્રાપ્ત થતી નથી. ખંડેરાવ વિ. નરસિંહરાવ. ઇ. લો. રી. ૧૫ મું. ૨૮૫.

ભાડુતનો કબજો પડાવી લીધો હોય તો-માલીકનો દાવો લાવવાનો હક—નામદાર હાઇકોર્ટની ફુલબેંચે-નિર્ણયકારક રીતે ઠરાવ્યું છે કે-જે જમીનના માલીકે-પોતાની જમીન ભાડુતોને ભાડે આપી હોય તેને પોતાના ભાડુતનો કબજો છીનાવી લેવામાં આવતાં, મામલતદારની કોર્ટના એકટ મુજબ, તેમની કોર્ટમાં દાવો લાવવા હક નથી. તે એકટની કલમ ૧૫ ના કલોઝ (અ) પ્રમાણે. ભાડુત એ માલધણીની વતી કબજો ધરાવે છે, એમ ગણી શકાય નહીં. ગોમા વિ. નરસીંગરાવ-ઇ. લો. રી. ૨૦ મું. ૨૬૦.

કલોઝ (બ) પેટા ભાડુતનો કબજો—એતો નક્કી થયેલ છે કે-પેટા ભાડુતનો કબજો-મૂળ માલીકના ભાડુત પાસેથી મેળવેલ કબજો ગણવાનો છે. અને આથી પેટા ભાડુતને પક્ષકારમાં સામીલ કરવો એ વ્યાજબી છે એવો નિયમ કસ્તુરચંદ વિ. શીવરામ ૧ મું. લો. રી. ૭૧ નો આધાર લઇ, વાઘાજી વિ શીવરામ ૪ મું. લો. રી. ૫૨ ના કામમાં ઠરેલો છે. આ કેસમાં વાદીએ ભાડાની મુદત પુરી થતાં, પ્રતિવાદી નં. ૧ સામે ભાડુત તરીકે તથા પ્રા. વાદી નં. ૨ થી ૫ સુધીના સામે પ્રા. વાદી નં. ૧ ના પેટા ભાડુત તરિકે દાવો આણ્યો. મામલતદારે એવું કારણ જણાવી દાવો કાઢી નાખ્યો કે-પ્રતિવાદી નં. ૨ થી ૫ ના એ વાદીથી કબજો મેળવ્યો છે એમ ઠરાવવું ન જોઇએ. રીવીઝનમાં ઠરાવવામાં આવ્યું કે નં. ૨ થી ૫ ના પ્રા. વાદીઓનો કબજો-વાદી તરફથી મેળવેલા હકની રૂએ હતો અને તેથી મામલતદારે દાવો તેના ગુણદોષ ઉપર સાંભળવો જોઇએ.

વાદી તરફથી મેળવેલ હક—ગીરો રાખનારના એસાઇનીએ, ગીરો રાખનાર પાસેથી-ગીરો આપનારે ભાડે રાખેલી મીલકત, ભાડાનો પટો પુરો થતાં કબજે લેવા દાવો કર્યો તે મામલતદારે સને ૧૮૭૬ ના એકટ ૩ ની કલમ ૧૫ પ્રમાણે કાઢી નાંખ્યો. તેમાં હાઇકોર્ટે ઠરાવ્યું કે, જેના દ્વારા વાદી દાવો રાખે છે તે સખ્સ પાસેથી, મેળવેલા હકની રૂએ પ્રતિવાદીઓ મીલકત ધારણ કરતા હતા. અને તેથી પોતાને હકુમત નથી એમ કહેવામાં મામલતદારે ભૂલ કરેલી છે. મેરવાનજી વિ. ગણપતિ. પ્રી જ. ૧૮૯૭ પાનુ ૪૧૮.

માલીકના હકનો ઇનકાર—મામલતદારની કોર્ટમાં ચાલતા કબજાના દાવામાં જો કે ભાડુત, ભાડાચીઠીની તારીખે માલીકનો હક નહોતો એમ કહી શકે નહીં. પરંતુ તેને એવું બતાવવાની છુટ છે કે, તે તારીખ પછી તેનો હક બંધ પડેલો છે. અને તેમ ઠરે તો, ભાડુત-તે માલીક તરફથી મેળવેલા હકની રૂએ ધારણ કરતો ગણાય નહીં. વેદુ વિ. નીલકંઠ પ્રી. જ. ૧૮૯૬ પાનુ ૪૫૮.

પ્રતિવાદીઓ પાસેથી કબજાગીરો રાખનાર—વાદીએ ગીરોવાળી મીલકત, પ્રતિવાદીઓને પોતાને તા. ૧૫—૬—૧૮૯૪ ની ભાડાચીઠીથી ૧૧ મહિના માટે ભાડે આપી. મુદત પુરી થતાં પ્રતિવાદીઓએ, તે ખાલી કરવાની ના પાડવાથી તેણે મામલતદારની કોર્ટમાં કબજાનો દાવો કર્યો. પટાની મુદત પુરી થયા પછી પ્રતિવાદીઓએ તે જમીન, વાદીને વેચી છે એમ ઠરાવી મામલતદારે બન્ને મુદ્દાનો નિર્ણય વાદીના વિરુદ્ધ કરી તેનો દાવો કાઢી નાંખ્યો. હાઇકોર્ટે આ ઠરાવ રદ્દ કર્યો. અને પ્રતિવાદીઓનો તે જમીન ધારણ કરવાનો હક લંબાય તેવો કંઇપણ કરાર છે નહીં એમ કહી ફરી કામ ચલાવવા હુકમ કર્યો. સ્વરૂપચંદ વિ. લાલભાઇ પ્રી. જ. ૧૮૯૬ પાનુ ૫૨૩

બે મજમુ ભાડુતો પૈકી એક જણ સામે બીજાને સામીલ કર્યા સિવાય મામલતદારની કોર્ટમાં દાવો ચાલી શકે છે. અનાજી વિ. તુકારામ પ્રી. જ. ૧૮૯૧ પાનું ૯૫.

વાદી તરફથી ભોગવટો—નોકરનો ભોગવટો—જે સખસો કુવો વાપરે છે તે વાદીના નોકર છે અને તેના કમ્પાઉન્ડમાં રહે છે અને કુવામાંથી પાણી કાઢે છે. એટલી હકીકત માત્ર, તેઓ વાદી તરફથી કુવો વાપરે છે એમ ઠરાવવા માટે પુરતી નથી. નોકરો કુવામાંથી પાણી કાઢે છે તે પરથી તેઓ પોતાના શેઠ માટે કાઢે છે એવું અનુમાન બાંધી શકાય નહીં; તે વાદીના ઉપયોગ માટે હતું એમ જણાવું જોઇએ. જેમ કે, તેના બાગ માટે અગર તેના ઘરકામ માટે. ગોવિંદ વિ. ફ્રેંક પ્રી. જ. ૧૮૮ પા. ૩૦૧

ક્લોઝ (ક) **ઉપભોગ છીનવી લેવો**—જુના કાયદામાં આ શબ્દો અગર તેને લગતા બીજા શબ્દો-કલમ ૧૫ ના ક્લોઝ **અ** માં નહોતા. પણ આ એકટ કાઉન્સીલ આગળ હતો તે અરસામાં ઠરાવવામાં આવ્યું હતું કે, ઉપભોગ છીનવી લેવો તે હરકત ગણાય છે. અને તે માટે દાદ આપવાને, કલમ ૪ મુજબ, મામલતદારની ફરજ છે અને કાયદા મુજબ

કાઢવામાં આવતા મુદ્દાઓના શબ્દોથી, મામલતદારની તે મુદ્દાનો ઇન્સાફ કરવાની સત્તાને બાધ આવતો નથી. ભાઉ વિ. અહમદભાઇ ૮ મું. લો. રી. ૩૧૫.

સવાલ ચુકાવવાની ના પાડવી—અમુક ભાડુતીપટો પુરો થાય છે કે નહીં તે ચુકાવવાની ના પાડવી, તે પોતાનો પ્રામ અખત્યાર વાપરવાની ના પાડયા બરોબર છે. મોતીલાલ વિ. પીરખાન પ્રી. જ. ૧૮૯૨ પાનું ૪૦૭.

ટાંચણ—ચોકસી ચલાવનાર અમલદારે પ્રોસીડીંગની મીનીટ ઇંગ્રેજીમાં અથવા તો કોર્ટની ભાષામાં પોતાના હાથે કરવી જોઇએ, તેમાં હિત ધરાવનાર પક્ષકારોએ, બતાવેલી મુખ્ય દલીલો, મુદ્દાનો પુરાવો, ઠરાવ અને તેનાં કારણો દર્શાવવાં જોઇએ.

ઉપયોગનો ઉપભોગ—અમુક સખસે કર્યો કહેવાય તેટલા માટે જરૂરનું છે કે જે હરકતની ફર્યાદ કરે છે તે સિવાય તે મિલકત તેના ઉપભોગમાં હોઇ શકે. એટલે કે માત્ર દાવાના વિષયવાળી હરકત સિવાય મીલકતનો કબજો તેનો હોવામાં બીજો કોઇપણ અવરોધ ન હોવો જોઇએ.

હરકતનું કાયદેસરપણું—હરકતના વ્યાજબીપણાના મુદ્દાનો ઇન્સાફ કરવાનો અધિકાર મામલતદારને નથી. (સી) રકમમાં જણાવેલ મુદ્દાજ માત્ર તે જોઇ શકે છે.

વાદીએ પોતાના કબજામાં હરકત કરતો પ્રતિવાદીને અટકાવવા માટે મનાઈ હુકમ મેળવવાનો દાવો કરતાં મામલતદારે માત્ર તેવી હરકત અથવા અટકાવ થયો છે કે નહીં અગર તેમ કરવા પ્રયત્ન થયો છે કે નહીં તેનીજ માત્ર તજવીજ કરવાની છે. પરંતુ તે હરકતના કાયદેસરપણા માટે નહીં. જો તે હકીકતનો મુદ્દો પ્રતિવાદી વિરૂદ્ધ ઠરે તો તે પછી બીજો મુદ્દો ચુકાવવાનો તે ઠરાવેલ મુદ્દા પૈકી ત્રીજો મુદ્દો છે. ગણેશ, વિ રામચંદ્ર. પ્રી. જ. ૧૮૯૧ પા. ૫૬.

તકરારી મીલકત જાતે જઇને તપાસવાનો અધીકાર—તેમ જતા અવલ પક્ષકારને નોટીસ આપવાનું ખાસ બંધારણ રાખેલું છે. સ્થાનીક ચોકસી એ જાતે તપાસથી જુદું છે. કીસના વી. વીઠુ પ્રી. જ. ૧૮૯૬ પા. ૭૨૬ માં મામલતદારે જે સ્થાનીક ચોકસી કરેલી તેનું કાંઇ રેકર્ડ નથી. તેમ તે ચોકસી પક્ષકારોની પુંઠ પાછળ નોટીસ આપ્યા શીવાય કરેલ તેથી કરેલ હુકમનામુ રદ કરી કરેલી ગંભીર ભુલના સબબે ફરી

ચોકસી કરવા હુકમ કર્યો. બીજા કેસમાં પણ તેમજ વર્તવાથી મુદ્દાની ભુલ ગણવામાં આવી હતી. એ બીજા કેસમાં એમ ઠરાવ્યું હતું કે નોટીસ આપ્યા શીવાય જમીન તપાસી શકે, પણ બીજા કોઇનું પક્ષકારની ગેરહાજરીમાં સાંભળી શકે નહીં. ડોરી વિ. રામબાઇ ૨. મું. લો. રી. ૧૩૯. હવે તો નોટીસ કાઢ્યા શીવાય પણ જાતે તપાસવા જઇ શકે નહીં. તપાસવા જવું કે નહીં એ મામલતદારની મુનસફી પર છે. તે દરેક કેસમાં જવા બંધાયેલ નથી. (ગવર્મેન્ટ રીઝોલ્યુશન ૪૫૫૦ તા. ૨૯–૮–૧૮૭૪).

સાક્ષી તપાસવાની રીત—સાક્ષીઓ પ્રથમ તો પક્ષકારનેજ તપાસવા દેવા. એક સાક્ષીની જુબાની વાંચી બતાવી, બીજું કાંઇ વધારે એનાથી કહેવું છે? એમ પુછવું તે વ્યાજબી નથી. દરેક સાક્ષી જુદો તપાસવો જોઇએ, અને તેમને પોતાની હકીકત કહેવા કહેવું. જીબાઇ વિ. દેસાઇ અચલભાઇ પ્રી. જ. ૧૮૯૬ પા. ૬૬૪.

મામલતદારને સાક્ષી બોલાવવાનો અધીકાર—આ કાયદાથી ઇનસાફને માટે બોલાવવા અધીકાર આપ્યો છે. પ્રથમના કાયદામાં આવો અધીકાર નહોતો ને વાપરે તો તે ગેરકાયદે ઠરાવી ફરી ચોકસી કરવા હુકમ કરેલો. કીશના વીઃ વીઠુ પ્રી. જ. ૧૮૯૬ પા. ૭૨૬.

પુરાવો લેવાની ફરજ—વાદીના દાવા વિષે પક્ષકારની તપાસપરથી વિરૂદ્ધ મત હતું તોપણ પ્રતિવાદીએ હરકત કર્યા માટે જે પુરાવો આપેલો તે લેવાની મામલતદારની ફરજ છે. કેશવ વિ. દામોદર પ્રી. જ. ૧૮૮૭ પા. ૪૯.

દાખલ ન થઇ શકે તેવો પુરાવો—જે મામલતદાર રજીસ્ટર થવી જોઇએ તેવી કબુલતો પુરાવામાં વાપરે તો હાઇકોર્ટ રીવીઝનમાં દરમીયાન થઇ શકે.

દસ્તાવેજ દાખલ કરવા—પક્ષકારે રજુ ન કર્યા હોય તેવા દસ્તાવેજ દાખલ કરવાનો હવે અધીકાર છે.

આખર હુકમ મુનસફી ઉપર છે—વાદી જીતે એટલે અમુક પ્રકારનો હુકમ કરવો એમ કાંઇ નથી. કેસની હકીકતની જરૂરીયાત મુજબ મામલતદાર હુકમ કરી શકે. કેસમાં જે હકીકત સાબીત માલમ પડે તે અને ગુણદોષપરથી કયો હુકમ કરવો તે માટે મુનસફીપર સોંપેલ છે. વાદી બધી બાબતો સાબીત કરવા નિષ્ફળ નિવડયો હોય તેટલાપરથી દાવો રદ કરવો

એમજ થતું નથી. (ગ. રે. ૩૩૫૭. તા. ૭-૫-૧૮૮૫) પણ મુનસરી, નિયમ અને ઇનસાફથી (પોતાની મરજી માફક નહીં પણ) કાયદેસર વાપરવી. એટલે કે મનસ્વી અચોક્કસ દેખાવ પુરતી નહીં પણ કાયદેસર નીયમસર પ્રમાણીક માણસ પોતાના હોદાની રૂઇએ હોંશીઆરીથી વાપરે તે પ્રમાણે વાપરવી. પારવતી વી. ગણપતી પ્રી. જ. ૧૮૯૮ પા. ૩૮૦.

મામલતદારના ઠરાવની અસર—કબજા બાબતના મામલતદારના ઠરાવની અસર, માજીસ્ટ્રેટના કબજા સંબંધી તથા પડાવી લીધેલા કબજા સંબંધી જેવી છેવટની અને નિર્ણયકારક પક્ષકારોપર છે, તેવી નથી. કબજા સંબંધી મામલતદારનો ઠરાવ દીવાની કોર્ટને બંધનકારક નથી. કેમકે મામલતદારનું કામ સંક્ષીપ્ત છે. બસાપા વી. લક્ષ્માપા ૧. મુ. ૬૨૪.

ત્રીજો પક્ષકાર હુકમનામાથી બંધાયો નથી—ગોવીંદ વી. નઇક ૧૦ મુ. ૯૮ માં અરજદારનો કબજો મામલતદારની કોર્ટના એક્ટની ક. ૧૫ ની (ક) રકમ મુજબના હુકમનામાથી પડાવી લેવામાં આવ્યો કે જેમાં અરજદાર પક્ષકાર નહતો. તેપરથી અરજદારે દાવો કર્યો. મામલતદારે ગવર્નમેન્ટના સરક્યુલરના આધારે રેસજ્યુડીકેટા ગણી દાવો રદ કર્યો. અરજદારે રીવીજનમાં હાઇકોર્ટને અરજ કરી, તેમાં ઠરાવ્યું કે પહેલાના પ્રોસીડીંગમાં તે પક્ષકાર નહોતો એટલે બંધનકારક નથી, અને તેથી વાદીનો દાવો ચાલી શકે છે.

સંક્ષીપ્ત તપાસમાં કરેલા અંગીકરણની અસર—સંક્ષીપ્ત તપાસમાં દસ્તાવેજના સંબંધમાં કરેલા અંગીકારથી પુરાવા એક્ટની ક. ૫૮ મુજબ પુરાવો આપવાની જરૂર બંધ થતી નથી. બાલાજી વી. રૂદ્રાપા પ્રી. જ. ૧૮૯૮ પાનું ૧૭૫.

ખોટું સામેલ થવું—ખોટી રીતે સામેલ કર્યા છે, તેપરથી દાવો રદ થઇ શકે નહીં. બીનજરૂરના સામેલ કર્યા હોય તેના વિરૂદ્ધ દાવો રદ કરવો. જે પક્ષકારે કબજામાંથી કાઢી મુકયા હોય તેમને પ્રતિવાદી તરીકે સામેલ કરી શકાય એટલુંજ નહીં પણ પાછળથી જેમણે કબજો લીધો હોય તેમને પણ સામીલ કરી શકાય. અન્તુ વી. વિષ્ણુ ૨૨ મુ. ૬૩૨.

સમાધાન—આ સંબંધમાં કાયદામાં કાંઇ નથી. પણ આને લગતું અજવાળું જુનો ગવર્નમેન્ટ રેઝોલ્યુલેશન નાખે છે. (ગ. રે. નં. ૫૯૪૯. તા. ૧૦-૧૦-૮૧) જેમાં નિચે મુજબ બતાવ્યું છે.

મામલતદારને તુરત કબજો અપાવવાનો અને મનાઇ કરવાનો હુકમ

કાઢવાનો અખતીયાર છે. તે શીવાય પક્ષકારો વચ્ચે બીજો હુકમ કરી શકે નહીં. વાદી સાક્ષી વિના હાજર થઇ પોતાનો દાવો ખેંચી લેવાની ઇચ્છા બતાવે તો ક. ૧૩ મુજબ તેનો દાવો નામંજુર કરવો. વાદી સાક્ષી સાથે હાજર થાય પણ કામ આગળ ચલાવવાની ઇચ્છા ન બતાવે તો મામલતદારે તેને સાક્ષી તરીકે તપાસવો અને તેના પુરાવાપરથી દરેક મુદ્દાવાર ઠરાવ પ્રતીવાદીના લાભમાં કરી વાદીનો દાવો રદ કરવો. જો વાદી અને પ્રતીવાદી બન્ને સમજીને આવે તો મામલતદારે પક્ષકારની તપાસપરથી તે સમજુતી પ્રમાણે મુદ્દાવાર ઠરાવ કરવો, અને રદ કરવાનો અથવા ત્રણ પ્રકારમાંના એક પ્રકારનો હુકમ કરવો. જો સમજુતી ત્રણમાંના એકે પ્રકારની ન હોય તો વાદીનો દાવો રદ કરવો. ત્રણ પ્રકાર શીવાય બીજી રીતના સમાધાન મુજબ હુકમ કરવા અધીકાર નથી અને પક્ષકાર તેમ ચાલવા બંધાય પણ નહીં.

સદાશીવરાવ વી. ભગવંતરાવ. પ્રી. જ. ૧૮૯૫ પા. ૫૦૨ માં વાદીએ જણાવ્યું કે, સમાધાન થયું છે. અને તેનો દાવો રદ કરો એમ તેની ખુશી છે અને પોતાનું ખર્ચ પોતે ભોગવશે. પ્રતિવાદીએ તે કબુલ કર્યું અને કહ્યું કે વાદીનો કબજો છે પણ વાદીના કબજામાં હરકત કરી નથી. આ પરથી મામલતદારે ઠરાવ કર્યો કે—વાદીનો કબજો છે, અને પ્રતિવાદીએ હરકત કરી તેવો પુરાવો નથી અને વાદીના લાભમાં હુકમનામુ કર્યું. હાઇકોર્ટે રીવીજનમાં ઠરાવ્યું કે વ્યાજબી એ હતું કે વાદીનો દાવો ખર્ચ સાથે રદ કરવો.

દાવાનો ભાગ અપાવવો—ભાગ ન અપાવાય તેવું કાંઇ આ એક્ટમાં નથી. એક કેસમાં વાદીનો દાવો એવો હતો કે પ્રતિવાદીએ તેનુ ખેતર ખેડતાં હરકત ન કરે તેવી મનાઇ કરો. મામલતદારે દાવો એવા સબબથી રદ કર્યો કે બધા પ્રતિવાદી સામેની હકીકત પુરવાર થતી નથી. એક પ્રતિવાદીએ કાંઇ હરકત કરી નથી તેમ જણાયું. મામલતદારની કોર્ટનો ઠરાવ રદ કરી ઠરાવ્યું કે જેમની સામે કેસ સાબીત થયો તેમના વિરૂદ્ધ મનાઇ હુકમ કાઢવાને કાયદાના કોઇ શબ્દો પ્રતિબંધ કરતા નથી. તેથી મનાઇ હુકમ તેમની સામે કાઢયો. ચીંતામણરાવ વી. બાલા. ૧૪. મું. ૧૯.

વકિલોની દલીલ—દીવાની કાયદામાં વકિલોની દલીલ સાંભળવાનો જેવો નીયમ છે તેવો આ કાયદામાં સ્પષ્ટ નથી પરંતુ ગર્ભીત. તેવો હક મણવામાં આવે છે. મામલતદારે કેસ દલીલ સાંભળવા ઉપર મુલત્વી રાખેલો

અને દલીલ સાંભળ્યા સીવાય ચુકાવ્યો, તેમાં ઠરાવ્યું કે–આ મુદ્દાની ભૂલ છે, ને તેટલા માટે મામલતદારે તે સ્થીતીએથી ફરી તે કેસ સાંભળવો. મોતીલાલ વી. પનાજી સી. રી. એપ્લીકેશન ૨૮૫ સને ૧૯૦૫.

ફરી તપાસ—મામલતદારે અથવા હેડ કારકુન કે જેને અખતીયાર હોય તેણે કબજાનું હુકમનામું કર્યું હોય તો બીજા મામલતદારને અથવા તેની પછીના આવનારને બીજું હુકમનામું કબજો પડાવી લેવા મતલબનું કરવા અધીકાર નથી. ભુરજી વી. ઘેનુ પ્રી. જ. ૧૮૯૮ પાનું ૭૧. અને રાવળજીરાવ વિ. સતુ પ્રી. જ. ૧૮૯૭. પાનું ૫ માં મામલતદારે તેના પ્રથમના મામલતદારે કરેલ ઠરાવ રદ થાય તેવો હુકમ કર્યો તે હાઇકોર્ટે રદ કર્યો કેમકે તેને અપીલ તરીકે કામ કરવાનો અધિકાર નથી.

ખરચ—આમાં મુનસફીનો અધીકાર નથી. જે હારે તેના ઉપર ખર્ચ નાંખવુંજ જોઇએ. કાયદાનો સર્વમાન્ય નિયમ અહીં પણ કાયમ સમજવાનો છે કે જેના લાભમાં હુકમનામું થાય તેને ઘણે ભાગે ખર્ચ મળે છે. શીવદેવરાવ વી. ભગવંતરાવ પ્રી. જ. ૧૮૯૫ પાનું ૫૦૨. જ્યાં સમાધાન થયું હોય ત્યાં વાદીનો દાવો ખર્ચ સાથે રદ કરવો. પ્રતિવાદીના ખર્ચને માટે બીજો કંઇપણ ઇલાજ ચાલી શકે નહીં. જાલમ પુંજા વિ. છઓડા ૮ મું. હા. ૨૯. આ એકટ પ્રમાણે જૂદાં હુકમનામાં કરવાની જરૂર નથી. હુકમ અને ખર્ચનો આંકડો મામલતદારે જજમેન્ટ ઉપર લખવો જોઇએ. હાઈકોર્ટમાં ખર્ચના હુકમ થાય તેને પણ આજ નીયમ લાગુ પડે છે. નેમાવા વિ. દેવેન્દ્રાપા. ૧૬ મુંબઇ ૨૩૮.

વકિલની ફી—મામલતદારની કોર્ટમાં રૂ. પાંચ અપાવી શકાય. પરંતુ મામલતદારના ખાસ હુકમથી રૂ. ૧૫ સુધી વધારી શકાય. હા. કો. સી. સર્ક્યુલર પાનું ૭૩.

કામ ચલાવવાની મંજુરી (સેંકશન)—ડીસ્ટ્રીક્ટ જજને ક્રી. પ્રો. ક. ૧૯૫ પ્રમાણે મામલતદારની કોર્ટમાં કબજા સંબંધી કામમાં જે ગુન્હા બન્યા હોય તે સબંધમાં કામ ચલાવવા મંજુરી આપવાનો અધિકાર છે.

૨૦. મામલતદારનો દરેક હુકમ, પછી તે ફરિયાદ અરજી નામંજુર કરવા બાબતનો કે પાછી આપવા બાબતનો હોય અથવા દાવો મંજુર કરવા બાબત કે નામંજુર કરવા બાબત હોય, તે હુકમ મામલતદારે તે અરજીઉપર લખવો તથા ભર કોર્ટમાં, તેજ દિવસે અથવા બીજે કોઇપણ દિવસે વાંચવો અને એવા બીજા દિવસની યોગ્ય નોટીસ તેણે તે પક્ષકારોને અથવા તેમના પ્લીડરોને આપવી; અને તે હુકમનાં કારણો તેણે ટુંકમાં દફતરમાં લખવાં.

મામલતદારનો હુકમ ફરિયાદ અરજી ઉપર લખવો અને ભર કોર્ટમાં વાંચવો.

ટીકા.

જુના કાયદાની ૧૬ મીને બદલે આ કલમ છે. ઠરાવ ખુલ્લી કોર્ટમાં વાંચી બતાવવાનો નીયમ કર્યો છે તે નવીન છે. અને આ નવો નીયમ બાઇ ડાહી વી. હરગોવીંદદાસ ૩૦ મું. ૪૯૫ ના કામમાં રીમાર્ક થયેલી તેના આધારે દાખલ કરેલ છે. આ નીયમ દી. કા. ની કલમ ૧૯૮ ને મળતો છે અને કેટલુંક ગેરકાયદેસર થતું અટકાવવાને દાખલ કરેલો છે.

---

૨૧. (૧) મામલતદારનો નીકાલ કબજો આપવા બાબત અથવા ઉપયોગ કરવાનું પાછું આપવા બાબત હોય તો તે નીકાલ તેણે ગામના કામદારોને અથવા પોતાના તાબામાંના કોઇપણ અમલદારને અથવા બીજા કોઇ માણસને પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરીને અમલમાં આણવો;

મામલતદારનો નીકાલ શી રીતે અમલમાં આવવો.

પણ એવું ઠરાવ્યું છે કે, આ એકટમાં ગમે તે ઠરાવ હોય તોપણ જ્યારે મામલતદારે જમીનનો કબજો આપવાનો નીકાલ કર્યો હોય તે વખતે એવી જમીનમાં પ્રતિવાદીએ અથવા તેના ખરચે વાવેલું તુલ ઉભું હોય અને મામલતદારની ખાત્રી થાય કે તે શુદ્ધબુદ્ધિથી વાવવામાં આવેલું છે, ત્યારે મામલતદાર એવી જમીનનો કબજો માગનાર વાદીને તે કબજો નીચે લખ્યું છે ત્યાં સુધી નહિ આપવાનો હુકમ કરવાને મુખ્તીયાર છે, અને જો પ્રતિવાદી તે મતલબની અરજી કરે અને ફરિયાદીનો ખરચ આપવા સારૂ પુરતું તારણ આપે અથવા કોર્ટમાં પુરતી રકમ અનામત મુકે, તો મામલતદારે તેવો હુકમ કરવોજ જોઇયે.

ઉગતા તુલ બાબત વિશેષ ઠરાવ.

(અ) એવી તુલનો એવી વખતે જે બજાર ભાવે મામલતદારના હુકમની રૂએ તેની જે કિંમત ઠરાવવામાં આવે તે કિંમતે વાદી તે તુલ લેવાનું કબુલ કરે ત્યાં સુધી; એવી કિંમતમાં પ્રતિવાદીએ સરકારના ધારાના હપ્તાની જે રકમ ચાલુ વર્ષ માટે ભરી હોય તે રકમનો સમાવેશ થશે: અથવા

(બ) જ્યારે સદરહુ વાદી ઉપરની કિંમતે તુલ લેવાને નારાજ હોય ત્યારે પ્રતિવાદીને તે તુલ એકઠું કરવા સારૂ જેટલો વખત પુરતો હોય તેટલો વખત વીતે ત્યાં સુધી.

આ પેટા કલમના વિશેષ: ઠરાવની રકમ (અ) ની રૂએ કરેલી કિંમત મામલતદારની મારફત પતિવાદીને આપવી અને તે વાદી પાસેથી જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરી શકાશે.

(૨) મામલતદારનો નીકાલ તાકીદ આપવા બાબત હોય, તો તેણે તે તાકીદ ક પરિશિષ્ટના નમુના પ્રમાણે તૈયાર કરાવીને, પ્રતિવાદી હાજર હોય તો તેને ત્યાંહાંને ત્યાંહાંજ આપવી અથવા આપવા માંડવી, અથવા તે હાજર ન હોય તો, તે તેની ઉપર બજાવવા સારૂ ગામના કામદારોની પાસે અથવા પોતાના તાબા હેઠળના કોઇપણ માણુસની પાસે મોકલવી.

તાકીદ હુકમ બજાવવાની રીત.

(૩) મામલતદાર ખરચ આપવાનો ઠરાવ કરે, ત્યારે તે ખરચ બજાવણીના ખરચ સુદ્ધાં, તે આપવાનો જે પક્ષકારને હુકમ કર્યો હોય તેની પાસેથી જમીન મહેસુલ બાકી પ્રમાણે વસુલ કરી શકાશે.

અપાવેલો ખરચ વસુલ કરવા બાબત.

(૪) પેટા કલમ (૨) ની રૂએ આપેલી તાકીદ ન માનનાર શખસને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૮ મી પ્રમાણે શિક્ષા કરી શકાશે.

તાકીદ હુકમ ન માનનારને કેવી રીતે શિક્ષા કરવી.

ટીકા.

ગામના કામદારોને અગર પોતાના તાબામાંના કોઇ અમલદારને અગર બીજા કોઇ માણુસને પ્રથમના કાયદામાં ગામના કામદારો મારફત હુકમ અમલમાં લાવવો એમ હતું. આ કાયદામાં "તાબામાંના કોઇ અમલદારને અથવા બીજા માણુસને" એ શબ્દો નવીન

રીતે વધાર્યા છે. જ્યારે ગામના કામદારો હિતવાળા હોય અથવા પક્ષને લીધે બરોબર બજવણી ન કરે તેવે પ્રસંગે તાબાના અમલદાર પાસે કામ કરાવી શકાય તેવા હેતુથી આ નવીન શબ્દો ઉમેરવામાં આવેલા છે. ગામના કામદાર એ શબ્દમાં પટેલ, મુખી અને કુલકરણી, તલાટીનો સમાવેશ થાય છે.

સુરતના કલેકટરે સવાલ ઉભો કરેલો કે ઇનામી દુમાલા ગામોના કામદારો આ કલમ મુજબનો હુકમ અમલમાં લાવવાને બંધાએલા છે કે કેમ? વળી તેમણે રીમાર્ક કરી હતી કે પોલીસપટેલ સિવાય બીજા નોકરો ઇનામદારના ખાનગી નોકરો ગણાય—વળી સવાલ એ ઉભો થાય છે કે પડોસના સરકારી ગામના કામદારો ઉપર હુકમ થઇ શકે કે કેમ? આ ઉપર ગવર્નમેન્ટ રેઝોલ્યુશન નં. ૫૬૨૬ તા. ૮–૭–૯૨ નો થયો કે–આવા નોકરોને ખાનગી ગણવાનું કારણ સમજાતું નથી. આવા નોકરો વતન એકટની કલમ ૬૫ મુજબ કાયદાથી જરૂર પડે તેવી નોકરી કરવા બંધાએલા છે. જો ગામનું નોકરખાતું પુરતું ન હોય તો ગામના કામદારને જરૂર પડતી જોગવાઇઓથી મામલતદારનો હુકમ અમલમાં આણાય તેવી સત્તા તેને આપવી.

હુકમ કરીને—બજવણીનો હુકમ કરવાની મામલતદારની ફરજ છે, મુનસફી ઉપર સોંપેલ નથી. પક્ષકાર તરફથી બજવણીને માટે અરજ આવવી જોઇએ તેમ પણ જરૂરનું નથી તેમ મુદતના કાયદાનો આર્ટીકલ ૧૭૯ પણ લાગુ પડતો નથી. ઠરાવ કર્યા પછી તેની બજવણી માટે તુરત હુકમ કાઢવો એ મામલતદારની ફરજ બતાવેલી છે. બાવાજી વિ. કાશીબાઇ ઇં લો. રી. ૩૦ મું. ૪૧૫ ના કેસમાં ઠરાવ્યું છે કે આ કલમ બજવણીનો હુકમ કરવાની મામલતદારની ફરજ હોવાનું બતાવે છે. અને તે હુકમ પક્ષકારની અરજ આવથી કરવો. એમ કઇ નથી. જો કદાચ તેવી અરજ પક્ષકાર તરફથી આવે તો તે અરજ માત્ર મામલતદારની ફરજ તેઓ બજાવે તે ધ્યાન ઉપર લાવવા પૂરતી છે અને તેથી તેવી અરજને બજવણીને લગતા મુદતના નિયમ લાગુ પડી શકતા નથી. જ્યાં કોર્ટની અમુક ફરજ છે એવો કાયદાનો નિયમ છે તેવા પ્રસંગે મુદતના કાયદાનો નિયમ લાગુ પડી શકે નહીં. આ ફેંસલાથી ગવર્નમેન્ટ રેઝોલ્યુશન નં. ૫૨૭૨ તા. ૪–૮–૫૧ માં બતાવેલા નિયમ તથા ઇ. લો. રી. ૧૮ મું. ૭૩૪ માં બતાવેલા વિચારો રદ થાય છે.

અમલમાં આણવો—મામલતદારની ફરજ ગામના અમલદાર ઉપર હુકમ કરવાની છે. એમ માત્ર નહીં પણ આ કલમનો હેતુ પાર પડયો છે કે નહીં. એટલે ઠરાવનો અમલ થયો છે કે નહીં તે પણ જોવાની છે અને તેને માટે જેના વિરૂદ્ધ કબજાનો ઠરાવ થયો હોય તેને કાઢી મુકવા માટે બળ પણ વાપરી શકે. જાર્ડીન જજે દર્શાવ્યું છે કે, જ્યારે કાયદો અમુક અખ્ત્યાર આપે છે ત્યારે ગર્ભીત રીતે તે અખ્ત્યાર અમલમાં લાવવા માટે જરૂરનું હોય તેવાં તમામ કામ કરવાનો અખ્ત્યાર આપે છે અને જો તેવો અખ્ત્યાર ન ધારવામાં આવે તો કાયદેસર હુકમો તદન નકામા થઈ પડે. તરત કબજો અપાવવાને માટે અને હુકમ અમલમાં લાવવા માટે બારણું પણ ફોડી નાખવાનો અધિકાર છે. બાજીદેવ વિ. સદાશીવ ૫ મું. હા. કા. રી. ૧૫૮ કબજો ખરેખર સોંપવો જોઇએ. નામનો ચાલે નહીં. પ્રી. જ. ૧૮૯૬ પા. ૨૩૦.

કબજાના દાવામાં મામલતદારે ઘરબારની જમીન સોંપવા ઉપર દળ ખસેડી લેવાની પરવાનગી સાથે હુકમ કર્યો હોય તો તે પ્રમાણે તેનો અમલ થઇ શકે છે. ઘરનો માલીક પોતાની મરજી હોય તો મકાન ખસેડી શકે છે. પ્રી. જ. ૧૮૭૫ પાનું ૨૮૭.

ત્રીજા સખસનો કબજો પડાવી લેવો—ગ એ પ ના વિરૂદ્ધ મામલતદારની કોર્ટમાં હુકમનામું મેળવ્યું અને બજવણીમાં ક કે જેના કબજે જમીન હતી અને જે પક્ષકાર નહોતો તેને કાઢી મુકવાનો હુકમ કર્યો. હાઇકોર્ટે ઇ. લો. રી. ૧૮ મું. ૪૪૯ ઉપર આધાર રાખી ઠરાવ્યું " કે ક ને કાઢી મુકવાનો હુકમ અખ્ત્યાર વિનાનો છે અને તે રદ થવાને પાત્ર છે. જો હુકમથી ક ને કાઢી મુકવામાં આવ્યો હોય તો ઇ. લો. રી. ૧૩ મું. ૫૫૨ ના કામમાં બે ઇલાજ બતાવે છે. (૧) મામલતદારની કોર્ટમાં દાવો લાવવો અથવા (૨) દીવાની કોર્ટમાં દાવો આણી, કબજો મેળવવો. જુઓ ચીનાવા વિ. ગંગાવા ઇ. લો. રી. ૨૧ મું. ૭૭૫ વળી જુઓ અન્તુબીન કુશા વિ. વિષ્ણુ ગોવિંદ પ્રી. જ. ૧૮૯૬ પા. ૫૩૮.

બજવણીમાં પોતે પક્ષકાર ન છતાં તેને કાઢી મુકવાનો હુકમ કર્યો હોય તો તે મામલતદારની કોર્ટમાં કબજો મેળવવા દાવો લાવી શકે તેમાં જેના વિરૂદ્ધ દાવો આણ્યો હોય તેની એવી તકરાર ન ચાલે કે તેણે મામલતદારની કોર્ટના હુકમથી કબજો મેળવ્યો છે. નીંગાપ્પા વિ. અદેવાપ્પા ઇ. લો. રી. ૨૪ મું. ૩૫૭.

દીવાની કાયદાની ક. ૩૨૮ થી ૩૩૨ માં બતાવેલા નિયમો આવા કામમાં લાગુ પડી શકે નહીં. જો ત્રીજા પક્ષકારને મામલતદારના હુકમથી કાઢી મુકવામાં આવેલ હોય તો તેણે દાવો કરવો એજ ઇલાજ છે. પરચૂરણ અરજ ચાલી શકે નહીં જો પરચૂરણ અરજ કરી હોય અને તેમાં દાવામાં માગવાની દાદ માગેલી હોય તો તેને દાવાના રૂપમાંજ ગણી શકાય. પરંતુ તેમાં જો દાવામાં માગવાની દાદ માગેલી ન હોય તો તે અરજ રદ થવાને પાત્ર છે. ઇ. લો. રી. ૯ મું. ૯૭. વળી જુઓ કાસમ વિ. મારૂતી ઇં. લો. રી. ૧૩ મું. ૫૫૨

સામાવાળાએ મામલતદારની કોર્ટથી કબજાનું હુકમનામું મેળવ્યું. અરજદાર તેમાં પક્ષકાર નહોતો છતાં બજવણીમાં તેનો કબજો લઇ લેવામાં આવ્યો તે ઉપરથી અરજદારે દાવો કર્યો કે ન એ તેને રજીષ્ટર ગીરો દસ્તાવેજ કરી આપેલો છે તે આધારે તેનો કબજો છે. મામલતદારે ગ. રે. ન. ૧૬૭૩ તા ૧૧ માર્ચ ૧૮૮૨ ઉપર આધાર રાખી રેસજ્યુડીકેટાનો બાધ ગણી દાવો કાઢી નાખ્યો. અરજદારે રીવીઝનની અરજ. કરી. તેમાં ઠરાવ્યું કે-પ્રથમના ઠરાવથી આ દાવો ચાલવા બાધ નથી કારણ કે પહેલા પ્રોસીડીંગમાં અરજદાર પક્ષકાર નહોતો. આવી બાબતમાં ગ. રે. ઉપર આધાર રાખવો ન જોઇએ. ઈ. લો. રી. ૯ મું. ૯૭ માં પણ આજ માફક ટીકા કરવામાં આવી હતી. એટલે કે રેઝોલ્યુશન ઉપર આધાર રાખવો નહીં પરંતુ જ્યુડીશીઅલ ઠરાવો, કાયદો અને પોતાનું ડહાપણ વાપરી ઠરાવ કરવો જોઇએ. તે ઉપરથી આ કામમાં ફરી તપાસનો હુકમ કર્યો. ગોવિંદ બાબાજી વિ. નઇકુ જોતી ઈ. લો. રી. ૧૦ મું ૭૮.

વાવેલું તુલ ઉભું હોય—આ બાબત ખુલાસો આ કાયદામાં નવીન રીતે કરેલો છે. આ કલમમાં તેનો નિયમ કરવાનું કારણ નીચે મુજબ છે:—

નામદાર ગવર્નર ઇન કૌન્સીલની ધ્યાન ઉપર વારંવાર એવું આવ્યું છે કે—આ કાયદાથી જે સંક્ષીપ્ત અખત્યાર આપવામાં આવ્યા છે તેનાથી ખેડુતોને ઘણી મુશ્કેલીઓ એવા સબબથી નડતી કે કાપણી વખતે અમર તે પહેલાં જે પાક ઉભો હોય તેનું કંઇપણ કંપનસેસન આપ્યા સિવાય તેનો કબજો લઇ લેવામાં આવતો હતો. આ મુશ્કેલી વધારે એ કારણથી હતી કે અજ્ઞાન ખેડુતો એવી ધારણા ઉપર ખેતી કરે છે કે તેમને ફરીને ખેડવા દેવામાં આવશે. અને તેથી તેઓ વાવેતર કરે છે. આવી ધારણા

જો કે ભૂલ ભરેલી ગણી શકાય તો પણ જે મુસ્કેલી છે તે કંઇ ઓછી નથી. તેથી આ નિયમ દાખલ કરવામાં આવેલો છે.

જુના કાયદામાં આવો કંઇ નિયમ ન હતો વળી એક કામમાં પાક ઉભો હતો તે સબબે મામલતદારે તે ઉઠાવતા સુધી બજાવણી કરવા ના પાડેલી અને હાઇકોર્ટે ઠરાવ્યું કે તે તેવી ના પાડી શકે નહીં. મુ. લો. રી. વા. ૧ પાનુ ૫૦. હવે તે મુસ્કેલી રહી નથી.

શુદ્ધ બુદ્ધિથી વાવવામાં આવેલું છે—જો તેણે શુદ્ધ બુદ્ધિથી વાવેલું હોય તોજ તેને આ અપવાદનો લાભ મળી શકે. પણ દગા ભરેલા ઇરાદાથી વાવ્યું હોય તો લાભ મળી શકે નહીં કેમકે પોતાના ખોટા કૃત્યનો લાભ કોઇને મળી શકે નહી.

પ્રે. કા. ની કલમ ૧૮૮ પ્રમાણે શિક્ષા કરી શકાશે—પ્રથમ આ સંબંધમાં ખુલાસો નહોતો. છતાં ક. ૧૮૮ પ્રમાણે અને અપમાનના ગુન્હા માટે ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરેલી તે હાઇકોર્ટે રદ કરેલી. જુઓ ક્રી. રી. ૨૭ સને ૧૮૯૬, ૮ મું. લો. રી. ૬૩૮ પરંતુ તે ફેંસલા આ કાયદાથી રદ થાય છે.

પક્ષકારોના હકને બાધ ન આવતાં કબજો આપવો.

૨૨. ૨૩ મી કલમની પેટાકલમ (૨) ના અને કલમ ૨૪ ના ઠરાવોને, પાત્ર જે પક્ષકારને મામલતદાર કબજો આપશે અથવા ઉપયોગ કરવાનું પાછું આપશે અથવા જેના લાભમાં તાકીદ હુકમ આપશે, તે પક્ષકારની પાસે, યોગ્ય દિવાની કોર્ટના હુકમનામાની રૂયે અથવા હુકમની રૂયે એવો કબજો અથવા ઉપયોગ કહાડી લેવામાં આવશે ત્યાં સુધી, તે કબજો અથવા ઉપયોગ રહેશે.

પણ એવું ઠરાવ્યું છે કે, જે પક્ષકારની વિરૂદ્ધ મામલતદારનો નિકાલ થયો હશે, તે પક્ષકારને જેટલી મુદત સુધી કોઇ મિલકતનો કબજો મળ્યો નહિ હોય અથવા કોઇ ઉપયોગનો ઉપભોગ કરવા દીધો નહિ હોય તે મુદતની દરમિઆનની ઉપજ યોગ્ય દિવાની કોર્ટમાં ફરિયાદ કરીને વસુલ કરવાને તે પક્ષકારને આ કલમના કોઇપણ ઠરાવ ઉપરથી હરકત આવશે એમ સમજવું નહિ.

વળી એવું ઠરાવ્યું છે કે, કોઇપણ મિલકતના કબજા બાબત અથવા કોઇપણ ઉપયોગના ઉપભોગ બાબત, અથવા ૨૧ મી કલમની પેટાકલમ (૧) ના વિશેષ ઠરાવની રૂએ જેની વ્યવસ્થા કરી હોય એવા તુલ ઉપરના હક બાબત અથવા તેની કિંમત બાબત મામલતદારે કરેલો નીકાલ કોઇ પણ દિવાની કોર્ટમાં તેમજ પક્ષકારોની અથવા તેઓના સંબંધથી દાવો કરનાર બીજા માણસોની દરમીયાન આગળ કાંઇ ફરિયાદ થાય તેમાં અથવા બીજું કામ ચાલે તેમાં નિરૂત્તર છે એમ સમજવું નહિ.

ટીકા.

દીવાની કોર્ટના હુકમનામાની રૂઇએ × × ઉપયોગ કબજે લેવામાં આવશે ત્યાં સુધી કબજો અથવા ઉપયોગ રહેશે—આ કાયદો ૬ મહીનામાં જેનો ગેરવ્યાજબી કબજો પડાવી લીધો હોય તેને તુરત કબજો અપાવવાના સંબંધમાં છે. અને તેથી આ કલમ પ્રમાણે દીવાની કોર્ટનું હુકમનામું અથવા હુકમ ન મેળવે ત્યાં સુધી કબજો તેનો કાયમ રહેશે. બસાપા વિ. સદામાપા ઇ. લો. રી. ૧ મું. ૬૨૪. મામલતદારની કોર્ટનો ઠરાવ રદ કરો તેવો દાવો ચાલી ન શકે. જો કે દીવાની કોર્ટના ઠરાવથી રદ જઇ શકે. તુલજારામ વિ. બમનજી. ઇ. લો. રી. ૧૪ મું. ૮૨૮.

નિરૂત્તર છે એમ સમજવું નહીં. કબજાની હકીકતના સંબંધમાં અથવા પડાવી લેવાના સંબંધમાં પક્ષકારો વચ્ચે મામલતદારનો ઠરાવ નિરૂત્તર પુરાવા તરીકે ગણાશે નહી. ઇ. લો. રી. ૧ મુ. ૬૨૪ બીલુબીન રઘુશેઠ વી. અનાજી ઇ. લો રી. ૫ મુ. ૩૮૭. પ્રતિવાદીનો કબજો છે અને તે કાયમ રાખવો એમ પ્રથમના કબજાના આધારે મામલતદારે ચુકાવેલું તે ઠરાવ દીવાની કોર્ટને બંધનકારક છે. અને વાદી માત્ર પોતાનો હક પ્રતિવાદી કરતાં વિશેષ સાબીત કરે તો તે ફતેહ પામી શકે. પ્રી. જ. સને ૧૮૭૫ પાનું ૨૩૯. મામલતદારે કબજો અપાવેલો તે પ્રથમ દર્શનીક હકનો પુરાવો છે. પ્રી. જ. સને ૧૮૭૫ પા. ૨૮૯. વાદીની ગેરહાજરીથી મામલતદારે દાવો કાઢી નાંખ્યો હોય તો તેજ દાવાના કારણુપરથી વિશેષ ન્યાયના કાયદાની ક. ૯ પ્રમાણે કબજા માટે દાવા લાવી શકે નહી તેને રેસજ્યુડીકેટાના નિયમ લાગુ પડે છે. રામચંદ્ર વી. બીખુભાઇ પ્રી. જ. સને ૧૮૮૨ પા. ૧૫૦ પ ઇ. લો. રી. ૨૪ મુ. ૨૫૧ માં ઠરાવેલું કે રેસજ્યુડીકેટાનો બાધ ન લાગે તેને વિશેષ ન્યાયના કાયદાની કલમ ૯ પ્રમાણે

દાવો ચાલી શકે. કેમકે મામલતદારનો ઠરાવ નીરૂત્તર બનવાનો નથી. દીવાની કોર્ટના હુકમનામાથી મામલતદારની કોર્ટનું હુકમનામું રદ ના થાય ત્યાં સુધી તે કાયમ રહે છે. માત્ર હક્ક સ્થાપીત કરવાનું હુકમનામું મેળવ્યું હોય તો તેથી મામલતદારની કોર્ટના હુકમનામાથી મેળવેલ કબજો રદ થવા માટે પૂરતું નથી. કેમકે તે હુકમનામું કોઇનો કબજો પડાવી લેવાનું કહેતું નથી. ચુનીલાલ વિ. લલ્લુ પ્રી. જ. ૧૮૮૩ પાનું ૨૫૨ મામલતદારની કોર્ટનો ઠરાવ થયા પછી દીવાની દાવા લાવવા માટે મુદતના કાયદાનો આર્ટીકલ ૪૭ લાગુ પડે છે.

---

૨૩. (૧) આ આકટ પ્રમાણે મામલતદારે કરેલા કોઇપણ હુકમ ઉપર અપીલ ચાલશે નહિ.

અપીલ ચાલશે નહિ.

(૨) પણ કલેકટર આ આકટ મુજબની કોઇપણ ફરિયાદના કાગળ પત્ર મંગાવીને તપાસવાને મુખત્યાર છે, અને જો તેને એમ લાગે કે એવી ફરિયાદમાં ચલાવેલું કોઇપણ કામ કરેલો કોઇપણ ઠરાવ અથવા હુકમ ગેરકાયદેસર છે અથવા અયોગ્ય છે તો, તે આ આકટને વિરૂદ્ધ ન હોય એવો તથા પોતાને યોગ્ય લાગે એવો હુકમ, પક્ષકારોને યોગ્ય નોટીસ આપ્યા પછી, કરવાને કલેકટરને મુખત્યાર છે.

મામલતદારે ચલાવેલા કામનો ફરી તપાસ કરવાનો કલેકટરને અધિકાર.

(૩) જ્યારે કલેકટર આ આકટ પ્રમાણે કોઇપણ કામ ચલાવે ત્યારે તે આ આકટ પ્રમાણેની કોર્ટ છે એમ સમજવું.

કલેકટર કોર્ટ છે એમ સમજવું.

ટીકા.

અપીલ ચાલશે નહિ—આ કાયદા મુજબના ઇલાજ હંગામી છે જે પક્ષકાર નારાજ થાય તેને દીવાની કોર્ટથી દાદ લેવાની છુટ છે. અને તે સંબંધે અપીલનું ધોરણ રાખ્યું નથી.

એકટનો બીજો અને ત્રીજો પેરેગ્રાફ નવીન છે.

કલેકટરના અખત્યાર—પહેલવેહલા આ કાયદામાં નવીન રીતે રીવીજન્ અખતીયાર કલેકટરને આપવામાં આવ્યા છે પ્રથમના કાયદા મુજબ રીવ્હીજનના અખત્યાર નહોતા એટલુંજ નહિ પણ તે સારૂ હાઇકોર્ટમાં રેફરન્સ કરવાનો અખત્યાર પણ નહતો. જુવો પ્રી. જ. ૧૮૭૫ પા. ૫

ઈ. લો. રી. ૧૪ મુ. ૭૭૧. પ્રી. જ. ૧૮૫૪ પા. ૫૨ ઈ. લો. રી. ૨૧ મું. ૮૦૫ હજુ પણ તેમને રેફરન્સ કરવાનો અખતીઆર નથી.

આ એકટથી વિરૂદ્ધ ન હોય એવો—કલેકટરે કલમ ૧૯ને વળગી ઇનસાફ કરવો જોઇએ એટલે તેમાં બતાવેલા મુદ્દાનો નિકાલ કરવો જોઇએ. તેમને વધારાનો પુરાવો લેવાનો અખતીયાર મળતો નથી. અથવા વધુ તજવીજ માટે કેસ મામલતદાર તરફ પાછો મોકલવાનો હુકમ કરવાની સત્તા નથી. તે ખર્ચની બાબતમાં પણ હુકમ કરી શકે નહી. કેમકે કલમ ૧૯ના પેટાકલમ ૪ પ્રમાણે ઠરાવ જેના વિરૂદ્ધ થાય તેણે ખર્ચ આપવો તેમ બતાવે છે. ગેરકાયદે થયું હોય અથવા ગેરસીરસ્તે થયું હોય તો મામલતદારના પ્રોસીડીંગમાં દરમીયાનગીરી થઇ શકે અને હુકમ કાયદાને વળગી કરવો જોઇએ.

આ એકટ પ્રમાણેની કોર્ટમાં પ્રથમના કાયદા મુજબના કામો કલેકટરના તાબામાં નહી હતાં અને તેટલા માટે કલેકટરને મામલતદારની કોર્ટમાં આપેલી સાક્ષી આના સંબંધમાં મંજુરી આપવાનો અખત્યાર પણ નહતો. મું. હા. કો. મું. ફ. ૨૧–૧૧–૧૮૭૬. પણ હવે આ કાયદા મુજબ મામલતદાર કલેકટરના તાબામાં છે અને કલેકટરની કોરટ હવે દીવાની કોર્ટ છે અને તેથી ક્રી. પ્રો. કો. ની ક. ૧૯૫ પ્રમાણે મંજુરી મામલતદારની કોર્ટમાં આપેલી ખોટી સાક્ષી વીગેરેના ગુન્હાના સંબંધમાં આપી શકે. કલેકટરની દીવાની કોર્ટ,–તેથી હાઇકોર્ટ દી. કા. ની ક. ૬૨૨ પ્રમાણે તેમનું દફતર મંગાવી તપાસી હુકમ કરી શકે.

હાઇકોર્ટને સ્ટેમ્પના કાયદાની ક. ૫૦ મુજબ અરજ કરવાનો કલેકટરનો અખતીયાર—જે દસ્તાવેજ પુરાવામાં લીધો હોય તેના સંબંધમાં હાઇકોરટને રેફરન્સ કરવાનો કલેકટરને અખતીયાર નથી. પ્રી. જ. સને ૧૮૬૭ પા. ૧૧૮.

હાઇકોર્ટના અસાધારણ અખતીયાર—હાઇકોર્ટને મામલતદારની કોર્ટના ઠરાવના સંબંધમાં રીવ્હીજન કોર્ટના અસાધારણ અખતીયાર વાપરવાનો અધિકાર છે. કારણ કે મામલતદારની કોર્ટ હાઇકોર્ટના તાબાની દીવાની કોર્ટ છે. માહાદજી ગોવીંદ વી. સોનુ બીના વખતા ૯ મું. હા. કો. રી. ૨૪૯. બાઇ જમના વી. બાઇ જડાવ ઈ. લો. રી. ૪ મુ. ૧૬૮ વેન્કુબાઇ વી. લક્ષ્મણ ઈ. લો. રી. ૧૨ મુ. ૬૨૦. પક્ષકારની અરજ પરથી હાઇકોર્ટ પોતાની સત્તા વાપરી શકે. સતુબાન કે-

हरी अंबाइका वी. सीवराम भट बीन बाबाजी भट. प्री. ज. १८५४ पा. ५२. ची़मीमरद कुशा वी. बीमा वलदरामजी प्री. ज. सने १८५८ पा. ४० ना काममां हाइकोर्टे ठराव्युं के हाइकोर्ट साधारणरीते पक्षकारनी अरज शीवाय दरमीयानगीरी करी शके नहीं. पण ते केसनी पक्षकारनी गरीब स्थीती अने मामलतदारनी जातनी भुलना संबंधे दरमीयानगीरी करी हुकम करेलो. रीव्हीजनमां एटले असाधारण अखतीयारो हाइकोर्टने वापरवा संबंधमां दी. का. नी कलम ६२२ छे ते कलममां बतावेली रीते हकीकत होय तो हाइकोर्ट दरमीयानगीरी करी शके. एटले के ते कलम लागु पडे छे. नाना बापुजी वी. पांडुरंग वासुदेव. इ. लो. री. ५ मु. ५७ काशीनाथ सखाराम वी. नाना. इ. लो. री. २१ मु. ७३१. चीनाया वी. गंगावा. इ. लो. री. २१ मु. ७७५.

मामलतदारे हकुमत बजावता ना पाडेली नहीं. पण पोतानी आगळ जे हकीकत पडी हती ते परथी ठराव कर्यो. तेमां हाइकोर्टे ठराव्युं के रीव्हीजनमां दरमीयानगीरी न थइ शके. नाराज थनारने रेग्युलर दावानी छुट छे. काशीनाथ वी. नाना इ. लो. री. २१ मुं. ७३१. सामावाळे कबजानुं हुकमनामुं अरजदारना पिता, भाइ विरुध मेळवी कबजो लीधो. अरजदारे पोतानो कबजो हतो तेम कही कबजो मेळववा दावो कर्यो. मामलतदारे दावो रेसज्युडीकेटा गणी गवर्मेन्टना रेझोल्युशन पर आधार राखी रद कर्यो तेमां हाइकोर्टे दरमीयान थवा ना पाडी. रीमार्क करी के मामलतदारनी भुल छे पण दरमीयान थवाजोग नथी. मामलतदारे ज्युडीशीयल नही तेवा रेझोल्युशन पर आधार राखी वर्तवुं न जोइए. पण कायदा अने ज्युडीशीयल ठराव अने पोतानुं डहापण वापरी ठराव करवो. इ. लो. री. ५ मु. ५७ काशीनाथ सखाराम वी. नाना.ना काममां मामलतदारे ठरावेलुं के वादी जे भाडाचीठी परथी दावो लावेल ते भाडाचीठी मात्र नामनी छे. अने प्रतिवादी ते आधारे कबजो धरावतो नथी तेथी वादीनो दावो काढी नांख्यो. ते विरुध हाइकोर्टमां तकरार करी के मामलतदार भाडाचीठी खरी छे के नही ते सवाल जोवानो हकदार छे बीजा सवाल जोवा हकदार नथी. तेमां ठराव्युं के मामलतदारे हकुमत वापरवानी ना पाडी नथी. अने मामलतदारे पोतानी आगळ पडेली हकीकतनो विचार करी ठराव कर्यो छे एटले क. ६२२ प्रमाणे दरमीयानगीरी करवा कारण नथी. इ. लो. री. २० मु. ५३० रामराव तात्याजी पाटील वी. बाबाजी धोनजीना केसमां वादी ए भाडाचीठीना आधारे दावो लावेल.

પ્રતિવાદીએ તકરાર કરી કે–પાછળથી તેણે વેચાતી મેળવેલ છે. બન્ને પક્ષકારે અરજ રજુ કરી કે બે માસની અંદર નાણાં આપવાં ને જો તે મુદતમાં ન આપવામાં આવે તો કબજો સોંપવો તે પ્રમાણે મામલતદારે ઠરાવ કર્યો. બે માસ વીત્યા પછી ઠરાવના આધારે બજવણી કરવા એટલે કબજો મેળવવા અરજ કરી. મામલતદારે ના પાડી. એટલે હાઇકોર્ટમાં અરજ કરી કે–બે માસમાં નાણાં આપ્યા નથી માટે કબજો તુરત અપાવવા હુકમ કરો. મામલતદારનો રીપોર્ટ માગતાં જણાવ્યું કે–નાણા અરજદારને આપવા માંડયા છતાં લીધા નથી. હાઇકોરટે ઠરાવ્યું કે–મામલતદારે જે હુકમનામું કર્યું છે તેવું હુકમનામું આ કાયદા મુજબ કરી શકે નહી. અને પક્ષકારો કબુલ કરે તેટલા પરથી તેમને તેવી સત્તા મળતી નથી. અરજદારની તકરાર હુકમનામું રદ કરવા મતલબની નથી. બજવણીને લગતી તકરાર છે. અને તેવી હકીકતની તકરારમાં ગેરકાયદે હુકમનામું છે તેવી બાબતમાં બજવણી આગળ કરવા હુકમ કરી શકતા નથી કેમકે અરજદારને દાવો લાવી દાદ માગવાની છુટ છે.

દીવાની કોર્ટના હુકમનામાના જવાબમાં વાદી પ્રતિવાદીના મજમુ કબજામાં મિલકત સોંપી વાદીએ પાછળથી દાવો કર્યો કે નાળીએરનાં ઝાડ તકરારી જમીનમાં ઉભા છે તેમાંથી નાળીએર લઇ જઇ તેનો કબજો પડાવી લીધો માટે અપાવો. મામલતદારે ઠરાવ્યુ કે કબજો પડાવી લીધો, માટે ઝાડ ઉભા છે તે સાથે વાદીને કબજો સોંપવા. હાઇકોર્ટે ઠરાવ્યું કે મામલતદારને હુકમનામુ કરવા અખત્યાર નથી. દીવાનીકોર્ટે મજમુ કબજો ઠરાવ્યો છે તે રદ કરી વાદીને સ્વાંગ કબજો અપાવી શકાય નહીં, અને ઉપજની વહેંચણ સંબંધમાં તકરાર હોય તો તે કામ દીવાની કોર્ટનું છે. બાઉ વી. દાદે મીરનાજી ૪. લો. રી. ૨૧ મું. ૭૭૭

કેસ ટ્રાન્સફર કરવાનો અખત્યાર હાઇકોર્ટનો છે. એક મામલતદારની કોર્ટમાંથી બીજા મામલતદારની કોર્ટમાં ટ્રાન્સફર કરી શકે. ભગવાનદાસ નરોતમદાસ વી. જેપુવલદ બાપુ. ૪ બોમ્બે લો. રી. ૪૭૦.

શુદ્ધ ન્યાય હાઇકોર્ટ કરી શકે—ભાડુ વખતસર નહી આપવાથી કબજો લેવાના હક ઉત્પન્ન થતાં તે સંબંધી દાવામાં ભાડુ તથા ખર્ચ અમુક મુદતમાં આપે તો કબજો ન લેવો તેવો હુકમ કરેલો. રામકીસ્ના વી. સાવીત્રીબાઇ પ્રી. જ. સન ૧૮૯૫ પા. ૨૦૬. વળી સીવરામ બાપુજી વી. ગંગાધર લક્ષ્મણ પ્રી. જ. ૧૮૮૭ પા. ૧૫૪.

---

૨૪. મુંબાઇની હાઇકોર્ટ મુંબઇ ઇલાકાના બીજા ભાગોમાં મામલતદારોની કોર્ટો ઉપર જે અધિકાર ચલાવે છે તેજ અધિકાર, સિંધના જ્યુડિશિયલ કમિશનરની કોર્ટ સિંધ પ્રાંતમાંની મામલતદારની કોર્ટો ઉપર ચલાવવાને મુખત્યાર છે.

સિંધના જ્યુડિશિયલ કમિશનરની કોર્ટનો અધિકાર.

ટીકા—આ નવી કલમ છે, અને તે સીંધને માટે છે.

---

૨૫. જે કોઇપણ વાદીને આ આકટ મુજબની ફરિયાદ મુદ્દાની બાબતમાં ખોટી છે એવું માલમ હોય અથવા લાગતું હોય અથવા ખરી છે એવું લાગતું નહિ હોય તે અરજી ઉપર સહી કરશે તથા તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કરશે તેણે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૩ મી કલમ પ્રમાણે શિક્ષા કરવાલાયક ગુન્હો કર્યો છે એમ સમજવું.

ખોટી ફરિયાદ અરજી ઉપર ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કરવા બાબત શિક્ષા.

ટીકાઃ—આ કલમ વાદીના માટે છે. પ્રતિવાદી માટે નથી કેમકે તેને આ કાયદામાં કોઇ રીતનો દાવાનો જવાબ, જેમ દીવાની કાયદામાં બતાવેલો છે, તેવી રીતે આપવાને લગતુ ધોરણ બતાવેલું નથી.

કાયદો, જવાબ ઇકરાર પર રજુ કરવાની ફરજ પાડતો નથી છતાં રજુ કરે તો તેને ક. ૧૯૩ પ્રમાણે ગુનેગાર ઠરાવી શકાય નહી. ૯ વિ. રી. ૫૮ ઇ. લો. રી. ૬ ક. ૪૪૦

ક. ૧૯૩ નો ગુન્હો સાબીત થવા નિચેની હકીકત પુરવાર થવી જોઇયે.

૧ વાદીએ આ કાયદા મુજબ ખરાપણાનો લેખ કર્યો છે.

૨ તે ખરા પણાનો લેખ આ કાયદામા બતાવેલી રીતે કર્યો છે.

૩ તે ખોટી છે એમ તેને માલમ હતુ કે લાગતુ હતુ અથવા ખરી છે એમ લાગતુ નોહોતું.

૪ તે મુદ્દાની બાબતમાં છે.

સી. પ્રો. કો. ની ક. ૧૯૫ પ્રમાણે આ ગુન્હાનુ કામ ચલાવવા માટે મામલતદારની મંજુરી મેળવવી જોઇએ.

---

૨૬. આ આકટની રૂયે નીચે લખેલા પ્રકારની ફરિયાદ ચાલશે નહિ:—

અમુક ફરિઆદો ચાલનાર નથી.

(આ) સરકારનો જે કોઇપણ અમલદાર, વિદ્યમાનકાળે અમલમાં હોય એવા કોઇપણ કાયદાની રૂયે યોગ્ય રીતે નિમાયલા મેનેજર અથવા પાલનકરનારા તરીકે કામ કરતો હોય તે શિવાયને પ્રસંગે તેણે પોતાના હોદ્દાની રૂયે કરેલા અથવા કર્યાનું કહેવામાં આવતા કોઇપણ કૃત્યના સંબંધમાં સરકાર સામેની અથવા એવા અમલદાર સામેની ફરિયાદ; અથવા

(બ) કોઇપણ કબજો છોડાવ્યાની, કબજો પાછો મળવાની અથવા તેને હરકત કર્યાની જે બાબત, આ આકટની રૂયે અથવા કોઇપણ દિવાની કોર્ટમાં અથવા સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૧૨ મા બાબની રૂયે, અગાઉ ચાલેલા જે કામમાં વાદી અથવા તેની પહેલાનો હિત સંબંધ ભોગવનાર સખ્સ પક્ષકાર હોય તે કામનો વીષય હોય તે બાબત સંબંધી ફરિયાદ.

ટીકા—આ કલમના ૧ લા કલોઝથી સરકાર અને સરકારી અમલદાર સામે તેમણે હોદ્દાની રૂઇએ કરેલ કામ બાબત આ એકટ પ્રમાણે દાવો ચાલશે નહીં એમ ઠરાવી બળવંતરાય વિ. સ્પ્રોટ ઇ. લો. રી. ૨૩ મું ૭૬૧ નો ફેંસલો રદ્દ કર્યો છે.

હોદ્દાની રૂઇએ કરેલા અથવા કર્યાનું કહેવામાં આવતા આ સવાલનું નિરાકરણ વાદીએ દાવામાં જે હકીકત બતાવી હોય તે પરથી થઇ શકે નહીં. તે એમ બતાવે કે હોદ્દાની રૂઇયે કરેલા કૃત્ય બાબત નહી પણ ખાનગી રીતે કરેલા કૃત્ય બાબત દાવો આણ્યો છે તે પરથી નક્કી થઇ શકે નહિ. પરંતુ દાવા અરજીની હકીકત અને પ્રતિવાદી જે સ્થીતી ધરાવતા હોય તે પરથી નક્કી કરી શકાય. નક્કી કરવામાં કરેલું કૃત્ય કાયદેસર કે ગેરકાયદે હતું તે જોવાનું નથી ફકત એ જોવાનું છે કે તેણે હોદ્દાની રૂઇએ કર્યું છે કે નહીં. વામન. વિ. દીપચંદ, પ્રી. જ. ૧૮૮૮ પા. ૧૨૧

કૃત્ય ગેરકાયદે છે અથવા કાયદા અને રેગ્યુલેશનથી વીરૂદ્ધ છે તેટલા માટે હોદ્દાની રૂએ કરેલું નથી એવી દલીલ ચાલી શકે નહીં.

હોદ્દાની રૂએ કરેલ કૃત્ય કાયદેસરજ હોવું જોઇએ એમ કંઇ નથી, તે ગમે તેટલું ગેરકાયદે હોય છતાં સવાલ માત્ર એ જોવાનો છે કે તેણે હોદ્દાની રૂએ કર્યું છે કે નહીં. પ્રી. જ ૧૮૯૫ પાનું ૧૩૮.

મેનેજર અથવા પાલનકર્ત્તા સિવાય—સન્ને ૧૮૯૦ ના આઠમા એકટ પ્રમાણે સને ૧૮૨૭ના આઠમાની કલમ ૯,૧૦, પ્રમાણે, ક્યુરેટરના એકટ પ્રમાણે સીવીલ અમલદારોને વહિવટ સોંપાય છે તેવે પ્રસંગે તેવી મીલકત બાબત આ કાયદા પ્રમાણે દાવો ચાલી શકે.

બીજો પેરેગ્રાફ નવો છે, અને તે રામચંદ વિ. નરસીંહ ઇ. લો. રિ. ૨૪ મું, ૨૫૧ અને નગાપા. વિ. બદ્રુદીન ૨૬ મું, ૬૫૩ ના ફેંસલાને ધ્યાનમાં લઇ દાખલ કરેલ છે.

આવા ઇલાજ ત્રણ પ્રકારે લેવાય છેઃ-(૧) મામલતદારના એકટ મુજબ; (૨) વિશેષ ન્યાયના કાયદાની ક. ૯ મુજબ, અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૧૨ મુજબ. આ ઇલાજો એકને બદલે બીજા લેવાના છે. પણ મામલતદારની કોર્ટમાં ફેંસલો મેળવ્યા પછી વિશેષ ન્યાયના કાયદાની ક. ૯ મુજબ અથવા ક્રી. પ્રો. ના બાબ ૧૨ મુજબ ઇલાજ લઇ શકાય નહીં, આ પેરેગ્રાફનું બંધારણ એ કહેવત પર બંધાયું છે કે—એક દાવાના કારણ બાબત બે વખત કોઇને કોર્ટમાં ઘસડી શકાય નહીં.

પરિશિષ્ટ આ.

કોર્ટનો સીક્કો.

પ્રતિવાદીને ૧૪ મી કલમ પ્રમાણે કરવાની નોટીસનો નમુનો.

ફરિયાદનો નંબર.

———————————— ના મામલતદારની કોર્ટમાં

———————————— વાદી

———————————— પ્રતિવાદી

પ્રતિવાદી (નામ, ઉમ્મર, ધર્મ, જાત ધંધો તથા રહેવાનું ઠેકાણું) જોગ.
(અહિંયાં વાદીનું નામ, ઉમ્મર, ધર્મ, જાત ધંધો તથા રહેવાનું ઠેકાણું લખવું (એણે તમારા ઉપર આ કોર્ટમાં નીચેની બાબત ફરિયાદ કરી છે.
(અહિંયાં ફરિયાદ અરજીનો મજકુર લખવો):—

વાસ્તે સદરહુ વાદીને જવાબ દેવાસારૂ તમે જાતે અથવા યોગ્ય રીતે અધિકાર આપેલા મુખ્તીયારની મારફતે ———— ગામમાં આ કોર્ટમાં ———— તારીખે વાગતે હાજર થવાનો તમને આ નોટીસ ઉપરથી સમન કર્યા છે, અને તે તારીખે તે ફરિયાદ અરજીનો આખરનો નિકાલ કરવામાં આવનાર છે, માટે સદરહુ નીમેલે વખતે તથા જગાએ તમારા દસ્તાવેજ હાજર કરવાની તથા તમારા સાહેદોને હાજર રાખવાની તમારે તજવીજ કરવી; અને તમને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે ઉપર કહેલે વખતે તથા જગાએ સદરહુ પ્રમાણે હાજર થવાને તમે ચુકશો તો તમારી તથા તમારા મુખત્યારની ગેરહાજરીમાં સદરહુ ફરિયાદની ચોકશી કરીને ફેસલો કરવામાં આવશે.

આજ તારીખ માહે ———————— સને ૧૯

(સહી)

મામલતદાર.

ટીપ.—કોર્ટે તમારા સાહેદોને સમન કરવા એવી તમારી ઇચ્છા હોય, તો આમાં લખેલી તારીખ આગાઉ યોગ્ય મુદ્દતમાં સમન બજાવી શકાય એટલા વાસ્તે તમોએ વિલંબ ન કરતાં તે મતલબની કોર્ટને અરજી કરવી.

પરિશિષ્ટ બ.

કોર્ટનો સીક્કો.

૧૬ મી કલમ પ્રમાણે કરવાની નોટીસનો નમુનો.

ફરિયાદનો નંબર.

———————————— ના મામલતદારની કોર્ટમાં.

———————————— વાદી.

———————————— પ્રતિવાદી.

વાદી (અથવા પ્રતિવાદી, જે હોય તે,) જોગ.

સદરહુ ———— એણે આ કોર્ટમાં કરેલી ઉપર લખેલી ફરિયાદમાં ગયા મહિનાની તારીખે કોર્ટે હુકમ કર્યો છે કે ———— ———————————— અને સદરહુ વાદીએ (અથવા પ્રતિવાદીએ, જેમ હોય તેમ) (અહિંયાં કારણ લખવાં) કારણો સદરહુ મુકદમાની ફરીથી ચોકશી કરવા માટે આ કોર્ટને ———— મહિનાની તારીખે અરજી કરી છે,

વાસ્તે તમને નોટીસ આપવામાં આવે છે જે ———— ગામમાં ———— મહિનાની તારીખે વાગતે, સદરહુ અરજીની સુનાવણી કરીને તેનો ફેંસલો કરવામાં આવશે, અને તમને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે ઉપર કહેલે વખતે તથા જગાએ તમે જાતે અથવા મુખત્યારની મારફતે હાજર નહિ થશો તો, તમારી ગેરહાજરીમાં સદરહુ અરજીની સુનાવણી કરીને તેનો ફેંસલો કરવામાં આવશે, અને તે અરજી મંજુર કરવામાં આવશે તો, સદરહુ ફરિયાદની પાછી સુનાવણી થવા સારૂ વખત તથા જગા નીમવામાં આવશે.

આજ તારીખ માહે સને ૧૯

(સહી)

મામલતદાર.

પરિશિષ્ટ ક.

કોર્ટનો સીક્કો.

૨૧ મી કલમની પેટા કલમ (૨) પ્રમાણે આપવાના તાકીદ હુકમનો નમુનો.

ફરિયાદનો નંબર.

________________ ના મામલતદારની કોર્ટમાં.

________________ વાદી.

________________ પ્રતિવાદી

પ્રતિવાદી જોગ.

ઉપર લખેલી ફરિયાદમાં કોર્ટે આજે એવો ઠરાવ કર્યો છે કે સદરહુ વાદી ના કબજામાં હેઠળ લખેલી મિલકત રહેવા દેવામાં (અથવા પાણીના હેઠળ લખેલા ઉપયોગનો અથવા રસ્તાના હેઠળ લખેલા ઉપયોગનો ઉપભોગ કરવામાં અથવા બીજી રીતે; જેમ હોય તેમ લખવું,) તમે (જે હરકત અથવા અડચણ કર્યાનું અથવા તેનો યત્ન કર્યાનું સાબિત થયું હોય તે અહિંયાં લખવું) થી હરકત અથવા અડચણ કરી છે (અથવા હરકત અથવા અડચણ કરવાનો યત્ન કર્યો છે.):

વાસ્તે યોગ્ય દિવાની કોર્ટના હુકમનામાની બજાવણીમાં કરવામાં આવે તે શિવાય બીજી રીતે સદરહુ મિલકત (અથવા બીજી બાબત, જેમ હોય તેમ,) સદરહુ વાદીના કબજામાં રેહેવા દેવામાં (જ્યાં જરૂર હોય તે જે જાતની હરકત અથવા અડચણ ફરીથી ન કરવાની પ્રતિવાદીને તાકીદ આપી હોય તે લખવી) હરકત અથવા અડચણ કરવાનો વધુ યત્ન કરવાની તમને આ ઉપરથી મના કરવામાં આવે છે.

તારીખ માહે સને ૧૯

(સહી)

મામલતદાર.

(True translation.)

SYED SHAMSUDDIN KADRI.

Oriental Translator to Government.

પુરવણી.

(મહિકાંઠામાં હાલમાં મામલતદારની કૉર્ટના ઍક્ટની સાથે તેજ પત્રથી લેંડ રેવેન્યુ કોડની નીચેની કલમો અમલમાં મૂકી છે.)

વરિષ્ટ ધારણ કરનારાઓના લ્હેણાં વસુલ કરવાં.

ક. ૮૬.

કનિષ્ટ ધારણ કરનારા વગેરેની પાસે લેણાં હોય તે વસુલ કરવામાં મદદ મળવાનો હક વરિષ્ટ ધારણ કરનારને છે.

૮૬. કનિષ્ટ ધારણ કરનારની પાસેથી અથવા વરિષ્ઠ ધારણ કરનારાએ ધારણ કરેલી જમીનના સહભાગીયાની પાસેથી ગણોત અથવા જમીન મહેસુલ વરિષ્ટ ધારણ કરનાર કલેકટરને લખીને અરજી કરી હશે ત્યારે જમીન મહેસુલ સરકારે વસુલ કરવા સારૂ ૧૧ મી બાબમાં જે કાનુન (૧૩૭ મી કલમમાં છે તે સિવાય) તથા જે રીત કહી છે તે કાનુન પ્રમાણે તથા રીત પ્રમાણે પૂર્વોપાય તથા બીજી તજવીજ યોજવામાં આવે અને તેથી કરીને ગણોત તથા જમીન મહેસુલ વસુલ થવામાં મદદ મળે એ બાબતનો હક વરિષ્ટ ધારણ કરનારને પ્રાપ્ત થશે.

પણ એવું ઠરાવ્યું છે કે—સદરહુ પ્રકારની અરજી જે મુલકી સાલમાં અથવા ખેડની જે સાલમાં સદરહુ ગણોત અથવા જમીન મહેસુલ દેવાનું થયું હોય તે સાલમાં કરવી જોઇએ.

સદરહુ પ્રકારની અરજી કર્યા પછી કલેકટરે શું કરવું.

૮૭. ૮૬ મી કલમ પ્રમાણે કલેકટરને અરજી કર્યા પછી તેણે તે બાબત લખેલી નોટીસ, તે પ્રકરણની ચોકસી કરવા સારૂ દીવસ ઠરાવીને કનિષ્ઠ ધારણ કરનારને અથવા સહભાગીયોને અપાવવી જોઇએ. સદરહુ પ્રમાણે ઠરાવેલે દીવસે તેણે સંક્ષેપ રીતે ચોકસી કરવી જોઇએ. અને તેની પાસે પુરાવો હોય તે ઉપરથી ગણોતની અથવા જમીન

મહેસુલની જે રકમ કાયદાસર રીત્યે (દેવાની હોય તો) દેવી છે એવું તેને લાગે તો, વસુલ કરવા સારૂ વરિષ્ઠ ધારણ કરનારને મદદ આપવાનો હુકમ કરવો જોઇએ.

મદદ આપવાની ના કહેવાનો અથવા માત્ર નીયમીત મદદ આપવાનો અધિકાર છે.

પણ કલેકટરને દેખાઇ આવે કે પક્ષકારની દરમીયાન તકરાર છે તે ગુંચવણભરેલી અથવા કઠણ પ્રકારની છે તો તે, તેની નજરમાં આવે તે પ્રમાણે માગેલી મદદ આપવાની ના કહેવાને અથવા જે જમીન સંબંધી તકરાર હોય તેની ઉપર આઠમા બાબના ઠરાવ પ્રમાણે અથવા ૧૧૨ મી કલમ પ્રમાણે બાહાલ કરેલા સર્વે સેટલમેંટની વખતે આકાર કર્યો હોય તો સદહું જમીનઉપર સદહું પ્રમાણે ઠરાવેલા આકાર જેટલીજ મદદ આપવાને મુખતીયાર છે.

દિવાનીમાં ફરીયાદ કરવાને પ્રતિબંધ નથી.

આ કલમ ઉપરથી એમ ન સમજવું કે, કોઇ પક્ષકારને જે રકમ પોતાન હજી મળવાની છે અથવા દેવી હતી તેના કરતાં જે વધારે રકમ તેની પાસેથી લીધી છે એવું પ્રસંગ પ્રમાણે કોઇ પક્ષકારને લાગે તે રકમ પ્રતિ પક્ષકારની પાસેથી વસુલ કરવા સારૂ બેઉ પૈકી હરકોઇ પક્ષકારને દીવાની કોર્ટમાં જવાની મના છે.

બાબ ૧૩.
અપીલો તથા તપાસ.

૨૦૩. આ આકટમાં અથવા જે વખતે જે બીજો કોઇ કાયદો અમલમાં હોય તેમાં ખસૂસ કાંઇ ઉલટો ઠરાવ નહીં હોય ત્યારે આ આકટ પ્રમાણે અથવા જે વખતે જે કોઇ બીજો કાયદો અમલમાં હોય તે કાયદા પ્રમાણે મુલકી અમલદારે કરેલા કોઇ ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ, તે અમલદારના અનંતર વરિષ્ઠ અમલદારને ત્યાં ચાલશે પછી સદર્હુ પ્રકારનો ફેસલો અથવા હુકમ તાબાના અમલદારના ફેસલા ઉપર અથવા હુકમ ઉપર થએલી અપીલમાં કરેલો હોય કે ન હોય તોપણ ચીંતા નથી.

મુલકી અમલદારે કરેલા કોઈ હુકમ ઉપરની અપીલ તેના વરીષ્ટ પાસે ચાલશે.

૨૦૪. કમીશનરે અથવા સર્વે કમીશનરે કોઇ ફેસલો અથવા હુકમ કર્યો હોય તે ઉપર ગવર્નર ઇન કૌંસીલમાં અપીલ ચાલશે; પણ કમિશનરના અથવા સર્વે કમીશનરના તાબામાં કોઇ અમલદાર પાસે અપીલ થઇ ને તે અપીલમાં થયેલા ફેસલા ઉપર અથવા હુકમ ઉપર કમિશનરે અથવા સર્વે કમિશનરે અપીલમાં ફેસલો અથવા હુકમ કર્યો હશે તેની ઉપર માત્ર અપીલ ચાલનાર નથી.

ગવર્નર ઇન કૌંસીલમાં અપીલ ક્યારે ચાલશે.

૨૦૫. જે ફેસલા બાબત અથવા હુકમ બાબત ફરીયાદ હોય તે ફેસલો અથવા હુકમ કલેક્ટરના અથવા સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટના દરજ્જા કરતાં ઓછા દરજ્જાના તે દરેક ખાતાના અમલદારે કર્યો હોય તો સાઠ દિવસ થયા પછી અપીલ ચાલશે નહી અથવા આ સીવાય બીજા કોઇપણ પ્રકારના ફેસલા ઉપર અથવા હુકમ ઉપર નેવું દીવસ થયા પછી અપીલ ચાલશે નહી.

જે મુદતમાં અપીલો કરવી જોઇએ તે મુદત.

સદર્હુ મુદત ગણતી વખતે જે ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય તે ફેસલાની અથવા હુકમની નકલ તૈયાર કરવામાં લાગેલો વખત ગણવો નહીં.

૨૦૬. અપીલ કરવા સારૂ ઠરાવેલી મુદતમાં અપીલ કરવાનું અપીલ કરનારને પુરતું કારણ હતું એવી તે જે અમલદારને ત્યાં અથવા ગવર્નર ઇન કોંસીલમાં અપીલ કરી હશે તે અમલદારની અથવા ગવર્નર ઇન કોંસીલની ખાત્રી કરશે તો સદરહું પ્રકારની મુદત પછી આ બાબ પ્રમાણે અપીલ લેવાનો અધીકાર છે.

મુદત પછી અપીલ લેવું.

અપીલ લેવા બાબત આ કલમ પ્રમાણે કરેલા હુકમ ઉપર અપીલ ચાલશે નહી.

---

૨૦૭. અપીલ કરવા વિષેની આ બાબમાં ઠરાવેલ કોઇપણ મુદતનો છેલ્લો દીવસ જ્યારે જ્યારે રવીવારે અથવા સરકારે મંજુર કરેલા બીજા રજાને દીવસે આવે ત્યારે રજાની આખર પછીનો જે દીવસ આવે તે દીવસ સદરહું પ્રકારનો છેલ્લો દીવસ સમજવો.

અપીલ કરવાનો છેલ્લો દહાડો રવીવારે અથવા બીજા કોઈ રજાના દીવસે આવે ત્યારે તે બાબત તજવીજ કરવી.

---

૨૦૮. દરેક અપીલ અરજીની સાથે જે ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ હશે તે ફેસલો અથવા હુકમ જોઇએ અથવા તેની સહીવાળી નકલ જોઇએ.

હુકમની નકલ અપીલની સાથે જોઇએ.

---

૨૦૯. તાબાના અમલદારના જે ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય તે ફેસલો અથવા હુકમ રદ કરવાનો, ફેરવવાનો, તેમાં કંપેસ કરવાનો અથવા તે મંજુર કરવાનો અધીકાર અપીલ અધીકારીને છે અથવા તેને અવસ્ય લાગે તેવી વળી વધારે તપાસ કરવા બાબત અથવા તેવો વળી વધારે પુરાવો લેવા બાબત તે તાબાના અમલદારને ફરમાવવાનો અધીકાર તેને છે અથવા સદરહું પ્રકારનો વળી વધારે પુરાવો ખુદ પોતે લેવાનો તેને અધીકાર છે.

અપીલ અધીકારીના અધીકાર.

---

૨૧૦. જે કોઇ પ્રકરણમાં અપીલ ચાલતી હોય તે પ્રકરણમાં અપીલનો ફેસલો થાય ત્યાંસુધી તાબાના અમલદારનો ફેસલો અથવા હુકમ બજાવવાનું મોકુફ રાખવું એવું ફરમાવવાનો અધીકાર અપીલ અધીકારીને છે.

તાબામાંના અમલદારનો હુકમ બજાવવાનું મોકુફ રાખવાનો અધીકાર.

તાબાના અમલદારોના કાગળપત્ર તથા તેઓએ ચલાવેલાં કામ મંગાવીને તપાસવાનો અધીકાર ગવર્નર ઇન કૌંસીલને તથા કેટલાએક મુલકી અમલદારોને છે.

૨૧૧. ગવર્નર ઇન કૌંસીલને અને મુલકી ખાતામાં કલેકટરના સર્વે ખાતામાં સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટના દરજ્જા કરતાં ઓછા દરજ્જાના નહીં હોય તેવા કોઇ પણ મુલકી અધીકારીનો એવો અધીકાર છે કે તેણે તાબામાંના મુલકી અમલદારે કરેલો કોઇ ફેસલો અથવા હુકમ કાયદાસર અથવા યથાયોગ્ય છે કે નહીં એ બાબત પોતાની ખાત્રી કરી લેવા સારૂ તે અમલદારે કરેલી નોકરીના અથવા ચલાવેલાં કામના કાગળપત્ર મંગાવીને તપાસવાં.

અને તે બાબત હુકમ કરવાનો.

જે બાબતમાં પદ્ધતીવાર અથવા સંક્ષેપ ચોકસી થઈ નહી હોય તે બાબતમાં પોતાના તાબામાંના કોઈ પણ અમલદારે ચલાવેલાં કામ સદહું રીતે મંગાવીને તપાસવાનો અધિકાર હેઠળ લખેલા અમલદારોને છે એટલે આસિસ્ટંટ અથવા ડેપ્યુટી કલેકટર તથા મામલતદાર તથા મહાલકારી તથા આસિસ્ટંટ સર્વે સુપ્રીન્ટેન્ડન્ટ સેટલમેંટ આૅફીસર જો કોઇ પ્રકરણમાં ગવર્નર ઇન કૌંસીલને અથવા સદહું પ્રકારના અમલદારને લાગે કે સદહું પ્રમાણે મંગાવેલા કોઇ ફેસલામાં અથવા હુકમમાં અથવા કામમાં કંપેસ કરવું જોઇએ અથવા તે રદ કરવું જોઇએ અથવા ફેરવવું જોઇએ તો તે બાબત તેને યોગ્ય લાગે તે હુકમ કરવાનો અધીકાર તેને છે.

ફેસલા તથા હુકમ આખરના છે એવું સ્પષ્ટ કહ્યું હશે તે બાબત નીયમ.

૨૧૨. કોઇ ફેસલો અથવા હુકમ આખરનો છે એવુ આકટમાં જ્યાં જ્યાં કહ્યું હોય ત્યાંહાં ત્યાંહાં તે શબ્દોનો અર્થ સદહું પ્રકારના ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ ચાલશે નહી એવો સમજવો.

તે પ્રકારના ફેસલામાં અથવા હુકમમાં ઉપરની છેલ્લી કલમના ઠરાવ પ્રમાણે કંપેસ કરવાનો અથવા તે રદ કરવાનો અથવા ફેરવવાનો અધીકાર ગવર્નર ઇન કૌંસીલને છે.

શુદ્ધિપત્ર.

પાનું.	કલમ.	લીટિ.	અશુદ્ધ.		શુદ્ધ.
૫	૧	૭	"લાકા"	,,	દલાકા.
,,	,,	૯	અકંટા	,,	અકરા.
૬	૨		માર્જીનલ નોટમાં "મુંબઇની" ને બદલે મુંબઇનો.		
,,	૩	૫	વિયય	,,	વિષય
,,	,,	૧૧	નેનો	,,	તેનો.
૭	,,	૧૪	"જો"	,,	નો.
,,		૧૯	પાંડુરંક	,,	પાંડુરંગ.
૯	૫	૧૦	અતવા	,,	અથવા.
૯	,,	૧૨	મભવા	,,	મળવા.
૯	,,	૧૩	ણુથવા	,,	અથવા.
૯	,,	,,	સકરણુ	,,	સદરહુ.
૯	,,	૧૫	છે	,,	.
૯	,,	૨૫	કોઇને	,,	કોર્ટને.
૯	,,	૩૦	ટામ	,,	કામ.
૧૦	૫	૩	બડચણ	,,	અડચણ.
,,	,,	૯	એંદર	,,	અંદર.
૧૦	,,	માર્જીનલ નોટમાં એકંદર,,		,,	અંદર
૧૧	,,	૧૨	ઘણી બે વખત તે એક વખત વાંચવાનું.		
૧૩	,,	૩	મામલતદાર	,,	મામલતદારે.
૧૪	,,	૧૪	યુકુત	,,	મુકત.
૧૫	,,	૧	૭૬૧ બે વખત છે તે એક વખત વાંચવું.		
૧૫	,,	૯	" પાસેથી હક મેળવનાર તે પેટા ભાડુતો " એટલા શબ્દો કહાડી નાંખવા.		

,,	,,	૧૮	"તે" એ વખત છે તે એક વખત વાંચવો.		
		૨૦	"કે"	કહાડી નાંખવાનો છે.	
		૨૨	"અધિચાર"	,,	અધિકાર.
૧૭		૧૪	"કુ"	,,	એ.
,,		૧૬	લેવાની	,,	લેવાનો
,,		૨૦	લી	,,	વિ.
,,		૨૧	કરી	,,	કહી.
,,		૨૫	મી	,,	વિ.
,,		૨૫	ન	,,	જ.
,,		૨૮	લિ.	,,	વિ.
,,		૪	છે	,,	જે.
૧૮	૫	૧૩	દ્રવ્ય	,,	કૃત્ય.
૧૮	,,	છેલ્લી લીટિમાં.	ન	,,	જ.
૧૯	,,	૩	કુ	,,	.
,,	,,	,,	લી	,,	વિ.
,,	,,	૭	ના	,,	નવા.
,,	,,	૧૮	લી	,,	વિ.
	,,	૨૩	લી	,,	વિ.
,,	,,	૨૭	ઓાંએ ભોરી	,,	મુ. લો. રિ.
૨૦	,,	૧૦	હુકણુ	,,	હુકમ.
,,	,,	૧૩	આવી	,,	આપી.
,,	,,	૧૭	આવેવા	,,	આવેલા.
૨૧	,,	૧	ઠરાવની	,,	ઠરાવવા.
,,	,,	૧૨	તકવારી	,,	તકરારી.
,,	,,	૧૪	ઉધરથી	,,	ઉપરથી.
			ગખેશ	,,	ગણેશ.

		૨૬	૧૫૧	,,	૧૮૧૧.
૨૨	,,	૧	હાપકોર્ટ	,,	હાઇકોર્ટ.
૨૩	૫	૨૫	અથુદિ	,,	અથુ. વિ.
૨૪	,,	૨	અગર આ શબ્દ "ઝવેરભાઇ" અને "તો" ની વચમાં વાંચવો		
૨૭	૯	૧૭	એકી	,,	એકટ.
૨૯	૧૨	૧૨	કેટલી	,,	કહેલી.
૩૨	૧૫	૨૩	કરે	,,	કહે.
૩૭		૧૮	બીજી	,,	બજી
૪૨		૨૨	દાવા	,,	દાવો
૪૯	૨૧ મી કલમની માર્જીનલ નોટમાં "મામલતદારનો" ને બદલે "માલલતદારના હુકમનો."				